દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 92 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ- ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 April 2024, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
ગુરુવાર, ૧૮ એપ્રિલ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.00
લાડકી પૂર્તિ ૬ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ચૂંટણીના પ્રથમ તબક્કાના પ્રચાર પડઘમ શાંત થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન શુક્રવારે ૧૯ તારીખે ૨૧ રાજ્યોની કુલ ૧૦૨ બેઠક પર થવાનું છે ત્યારે આ બેઠકો પર પ્રચારના પડઘમ બુધવારે સાંજે પાંચ વાગ્યે પૂરા થયા હતા.

૧૯ તારીખે મહારાષ્ટ્રની પાંચ, અરુણાચલ પ્રદેશની બે, આસામની પાંચ, બિહારની ચાર, છત્તીસગઢની એક, મધ્ય પ્રદેશની છ, મણિપુરની બે, મેઘાલયની બે, મિઝોરમની એક, નાગાલેન્ડની એક, રાજસ્થાનની ૧૨, સિક્કિમની એક, તામિલનાડુની ૧૯, ત્રિપુરાની એક, યુપીની આઠ, ઉત્તરાખંડની પાંચ, પશ્ચિમ બંગાળની ત્રણ, આંદામાન અને નિકોબાર દ્વીપની એક, જમ્મુ અને કાશ્મીરની એક, લક્ષદ્વીપની એક અને પુડુચરીની એક બેઠક પર મતદાન કરવામાં આવશે.

મહારાષ્ટ્રમાં નાગપુર, રામટેક, ભંડારા-ગોંદિયા, ચંદ્રપુર અને ગઢચિરોલીમાં મતદાન થવાનું છે અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી, રાજ્યના પ્રધાન સુધીર મુનગંટીવાર જેવા નેતાની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે.

ઉત્તર પ્રદેશની જે આઠ બેઠક પર મતદાન થવાનું છે તે પશ્ચિમી ભાગમાં આવેલી સહારનપુર, બિજનોર, કૈરાના, મુઝફ્ફરનગર, નગીના, મોરાદાબાદ, રામપુર અને પીલીભીતની બેઠકો છે. અહીં મહત્ત્વના ઉમેદવારોમાં પીલીભીતથી જીતીન પ્રસાદ, કેન્દ્રીય પ્રધાન સંજીવ બલિયાન મુઝફ્ફરનગર અને આઝાદ સમાજ પાર્ટીના વડા ચંદ્રશેખર આઝાદ નગીના બેઠક પર ચૂંટણી લડી રહ્યા છે. મધ્ય પ્રદેશની જે છ બેઠકો પર મતદાન થવાનું છે તેમાં છીંદવાડા, માંડલા, સિધિ, શાહડોલ, જબલપુર અને બાલાઘાટનો સમાવેશ થાય છે. રાજ્યના મહત્ત્વના ઉમેદવારોમાં કૉંગ્રેસના નેતા કમલનાથના પુત્ર નકુલ નાથ અને કેન્દ્રીય પ્રધાન ફગ્ગનસિંહ કુલસ્તે છે.

પહેલા તબક્કામાં સૌથી વધુ ૧૯ બેઠકો પર તામિલનાડુમાં મતદાન થવાનું છે. આ રાજ્યમાં એમડીએમકેના દુરાઈ વાઈકો, ટીટીવી દિનાકરન, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઓ. પનીરસેલ્વમ મુખ્ય ઉમેદવારો છે.

પશ્ચિમ બંગાળની ત્રણ બેઠક પર મતદાન થવાનું છે, તેમાં કૂચબિહાર (એસસી), જલપાઈગુડી (એસસી) અને અલિપુરદુઆર્સ (એસટી) બેઠકોનો સમાવેશ થાય છે. આ તબક્કામાં કેન્દ્રીય પ્રધાન નિસીથ પ્રમાણિક મહત્ત્વના છે.

છત્તીસગઢની નક્સલગ્રસ્ત બસ્તર બેઠક પર મતદાન થવાનું છે અને તેનો પ્રચાર બુધવારે બંધ થયો હતો.

જમ્મુ અને કાશ્મીરની ઉધમપુર બેઠક પર શુક્રવારે મતદાન થવાનું હતું એટલે બુધવારે પ્રચારના પડઘમ શાંત થયા હતા. આ બેઠક પર કેન્દ્રીય પ્રધાન જીતેન્દ્ર સિંહનું ભાવિ દાવ પર લાગેલું છે. (એજન્સી) ■

## ગુજરાત રેબઝેબઃ ઘણી જગ્યાએ ગરમી ૪૪ ડિગ્રીની નજીક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના આકાશમાંથી અગન ગોળા વરસી રહ્યા છે. ગરમી ઘણી જગ્યાએ ૪૪ અંશ સેલ્સિયસની નજીક પહોંચી ગઈ છે. રાજ્યમાં અમદાવાદ, રાજકોટ સહિતના મહાનગરોમાં ગરમીના પારો ૪૩ ડિગ્રીની ઉપર પહોંચી ગયો હતો. હજુ પણ બે દિવસમાં સમગ્ર રાજ્યમાં હીટવેવ યથાવત રહેશે.

હવામાન વિભાગે પોરબંદર, જૂનાગઢ, ભાવનગર સહિત ત્રણ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ અને અમદાવાદ અને કચ્છ જિલ્લામાં યલો એલર્ટની આગાહી કરી છે. અમદાવાદમાં ગુરુવારે ૪૧થી ૪૪ ડિગ્રી ગરમીનો પારો રહેવાની શક્યતા છે. શહેરમાં ૧૫ દિવસમાં ૩૨૩૦ લોકોને હિટસ્ટ્રોકની અસર થઈ છે. તંત્ર દ્વારા કારણ વિના કોઈએ બપોરના ટાઈમે ઘરમાંથી બહાર ન નીકળવાના

(જુઓ પાનું ૨) ▸▸

### ભુજમાં ૪૩ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ચૈત્ર મહિનાના અંતિમ દિવસોમાં કમોસમી માવઠાં બાદ શરૂ થયેલી ગરમીએ હવે રૌદ્ર રૂપ ધારણ કરતાં સમગ્ર રાજ્યની સાથે સુકાભઠ્ઠ રણપ્રદેશ કચ્છમાં હાલ હિટવેવની અસર હેઠળ ભીષણ ગરમીથી જનજીવન શેકાઈ રહ્યું છે. થોડા દિવસ અગાઉ અરબી સમુદ્ર પર સર્જાયેલા અપરએર સરક્યુલેશનની અસર હેઠળ રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ગુજરાતમાં'એપ્રિલ શાવર્સ' થતાં ગરમીમાંથી રાહત થઇ હતી,જો કે હાલ પૂર્વ-દક્ષિણ દિશાએથી વાતા ગરમ પવનોના સંગાથે ગરમીનું સામ્રાજ્ય ફરી પાછું છવાયું છે અને રામનવમીના

(જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે પર અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા એક્સપ્રેસ હાઇવે પર અકસ્માતમાં દસ લોકોના મોત થયા હતા. જેમાં વડોદરાથી અમદાવાદ જતી કારને અકસ્માત નડ્યો હતો. જેમાં એક મહિલા, એક બાળકી અને આઠ પુરુષ સહિત દસનાં મોત થયા હતા. ઘટનાની જાણ થતા નડિયાદ કલેકટર સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે દસ મૃતદેહને પીએમ માટે હૉસ્પિટલ ખસેડી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઇવે પર નડિયાદ નજીક ટેન્કરની પાછળ કાર ઘૂસી ગઇ હતી. આ કાર વડોદરાથી અમદાવાદ તરફ જતી હતી. ટ્રેલર પૂણાથી અમદવાદ આવી રહ્યું હતું. તે દરમિયાન તેમાં ટેક્નિકલ ખામી સર્જાતા તે રસ્તાની બાજુમાં ઊભું હતું. ગાડીની સ્થિતિ જોતાં ગાડીની સ્પીડ ૧૧૦થી વધુ હોવાનું અનુમાન વ્યક્ત કરાઇ રહ્યું છે. અકસ્માત એટલો ભયાનક હતો કે, આસપાસના લોકો અવાજ આવતાં દોડી આવ્યા હતા. જેમાં એક ટેન્કરની પાછળ કાર ઘૂસી ગઈ હતી. કારને ટેન્કરમાંથી બહાર કાઢવા માટે ક્રેઈન બોલાવી પડી હતી. જેમાં કારમાં સવાર યોગેશભાઈ નરેન્દ્રભાઇ પંચાલ (હેમલપાર્ક, તક્ષશિલા વિદ્યાલય, અમદાવાદ), સુરેન્દ્રસિંહ અમરસિંહ રાવત (ડ્રાઈવર રહે. ભીલવાળા, રાજસ્થાન), નીલકુમર મુકેશભાઈ ભોજાણી (દયાલનગર સોસાયટી, વારસિયા રીંગરોડ, વડોદરા), જયશ્રી બેન મિસ્ત્રી મનોજભાઈ (ગણેશનગર સોસાયટી, વડોદરા), શાહબુદ્દીન અન્સારી (મુંબઇ) સહિત દસ લોકોના

(જુઓ પાનું ૨) ▸▸

## કચ્છમાં ભૂકંપ

અમદાવાદઃ સરહદી જિલ્લા કચ્છના સરહદી વિસ્તારમાં બુધવાર બપોરના ૨.૫૧ વાગ્યાના સમયે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપના આંચકો નોંધાયો હતો. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પશ્ચિમ કચ્છના ખાવડા વિસ્તારમાં આવેલ ભૂકંપની ફોલ્ટલાઈન પર અવારનવાર ૧.૦ થી ૪.૦ની તીવ્રતાના આંચકાઓ નોંધાઈ રહ્યા છે. ખાસ કરીને વાગડ વિસ્તારના ભચાઉ, રાપર, દુધઈની આસપાસના વિસ્તારમાં અવારનવાર આંચકાઓ અનુભવાતા હોય છે. બુધવારે સવારે ફરી પશ્ચિમ કચ્છના સરહદી વિસ્તા ખાવડા પાસે આંચકો અનુભવાયો હતો. કચ્છમાં વર્ષ ૨૦૦૧ના ભૂકંપ બાદ જેટલી પણ ફોલ્ટ લાઈન છે તે ફોલ્ટ લાઈનની સક્રિય થઈ છે અને તેની આસપાસ જ છેલ્લાં કેટલાક સમયથી ભૂકંપના આંચકાઓ નોંધાઈ રહ્યા છે. અવારનવાર આવતા નાની તીવ્રતાના આંચકાઓને લીધે કોઈ પણ પ્રકારની નુકસાનીના સમાચાર સામે નથી આવી રહ્યા. પરંતુ ચારથી વધુ તીવ્રતાના આંચકાના સમયે ક્યારેક લોકોમાં ભય પણ ફેલાય હતો. ■

## મરાઠવાડામાં કમોસમી વરસાદમાં દસનાં મોત

છત્રપતિ સંભાજીનગર : મહારાષ્ટ્રના મરાઠાવાડા વિસ્તારમાં નવમી એપ્રિલથી એક અઠવાડિયાના સમયગાળામાં માવઠાને લીધે દસ જણ અને દોઢસો પશુ મરણ પામ્યા હતા, એવી માહિતી રાજ્યના મહેસૂલ ખાતાએ તૈયાર કરેલા પ્રાથમિક સર્વેક્ષણ અહેવાલમાં અપાઈ હતી.

મરાઠાવાડામાં આઠ જિલ્લા- છત્રપતિ સંભાજીનગર, જાલના, બીડ, પરભણી, લાતૂર, નાંદેડ, ધારાશિવ અને હિંગોલીનો સમાવેશ થાય છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે નવમી એપ્રિલથી કમોસમી વરસાદે મરાઠાવાડના ભાગોને ધમરોળી નાખ્યા હતા અને આને લીધે માનવ અને પશુઓના જીવનની ક્ષતિ થઈ હતી. વરસાદ અને કરાં પડવાથી વિસ્તારના ૪૮૧ ગામના ૪૫૦ ઘરોને નુકસાન થયું છે. કમોસમી વરસાદ અને કરાંના તોફાનને લીધે ૯,૧૨૭ ખેડૂતની ૫૨૫૬.૮૬ હેક્ટર જમીન પરના ઊભા પાકને નુકસાન થયું હતું. કમોસમી વરસાદને લીધે ૧૦ જણના મરણ થયા હતા અને ૧૦ જણ ઘાયલ થયા હતા. સૌથી વધારે જાનહાનિ બીડમાં (૩) નોંધાઈ હતી અને છત્રપતિ સંભાજીનગર, પરભણી અને લાતૂર દરેકમાં બે જણનું અને હિંગોલીમાં એક જણનું મરણ થયું હતું. ૧૧૭ ઢોર સહિત ૧૫૨ જાનવરોનું મરણ થયું હતું. આ વરસાદથી સિંચાઈની જમીન, ૭૦૦.૬૦ હેક્ટર બિનસિંચાઈ જમીન, ૩૨૩૧.૨૦ હેકટર બગીચા અને ૧૩૨૫.૦૬ હેક્ટર જમીન પરના ફળોના પાકને નુકસાન થયું હતું. (એજન્સી) ■

## નક્સલવાદને નાબૂદ કરીશુંઃ અમિત શાહ

અમદાવાદઃ છત્તીસગઢના કાંકેર જિલ્લામાં એક મોટા એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી હતી. આ એન્કાઉન્ટરમાં ૨૯ નક્સલવાદીઓ માર્યા ગયા હતા. કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે સુરક્ષાદળોની પ્રશંસા કરી હતી. અમિત શાહે કહ્યું હતું કે નરેન્દ્ર મોદી સરકાર ખૂબ ટૂંકા સમયગાળામાં દેશમાંથી નક્સલીઓનો ખાત્મો કરી દેશે.

છત્તીસગઢમાં સુરક્ષા દળોએ ૨૯ નક્સલવાદીઓને ઠાર માર્યાના એક દિવસ બાદ એક નિવેદનમાં અમિત શાહે કહ્યું કે કેન્દ્ર સરકાર આતંકવાદ અને નક્સલીઓ સામે સતત ઓપરેશન ચલાવી રહી છે. હું વિશ્વાસ સાથે કહી શકું છું કે નક્સલવાદીઓ સામેની કાર્યવાહી આવનારા સમયમાં પણ ચાલુ રહેશે અને વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં અમે ખૂબ જ ટૂંકા ગાળામાં આપણા દેશમાંથી નક્સલવાદને જડમૂળથી ઉખાડી નાખીશું.''

નોંધનીય છે કે આ ઓપરેશનમાં સુરક્ષા દળોએ ટોચના નક્સલવાદી કમાન્ડર શંકર રાવને પણ માર્યો હતો, જેના પર ૨૫ લાખ રૂપિયાનું ઈનામ હતું.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે ''ગઈકાલે છત્તીસગઢમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. મોદી વડા પ્રધાન બન્યા ત્યારથી જ ભાજપ સરકારે સતત નક્સલવાદ અને આતંકવાદ વિરુદ્ધ અભિયાન ચલાવ્યું છે. છત્તીસગઢમાં ભાજપ સરકાર બન્યા બાદ અભિયાનને ગતિ મળી છે. અમે ૨૦૧૪માં ભાજપની સરકાર બન્યા પછી છત્તીસગઢમાં કેમ્પ બનાવવાની શરૂઆત કરી હતી અને ૨૦૧૯ પછીથી ઓછામા ઓછા ૨૫૦ કેમ્પ બનાવ્યા છે. છત્તીગસઢમાં ભાજપની સરકાર બન્યા બાદ લગભગ ત્રણ મહિનાના ગાળામાં ૮૦થી વધુ નક્સલીઓ માર્યા ગયા છે, ૧૨૫થી

(જુઓ પાનું ૨) ▸▸

## યુક્રેન પર રશિયાનો હુમલોઃ ૧૩નાં મોત

કિવ : યુક્રેનના ઉત્તરમાં આવેલા ચેર્નિહાઇવ શહેરમાં રશિયાના મિસાઇલ હુમલામાં ઓછામાં ઓછા ૧૩ લોકોના મોત થયા હતા. યુક્રેનના શહેર પર રશિયાની ત્રણ મિસાઇલો આઠ માળના એપાર્ટમેન્ટ સાથે ટકરાઇ હતી જેમાં લોકોના મોત થયા હતા. હુમલામાં અનેક ઇમારતો અને સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. રશિયાના સતત હવાઈ હુમલા બાદ યુક્રેને આંતરરાષ્ટ્રીય સમર્થન માટે અપીલ કરી હતી. યુક્રેનના અધિકારીઓએ કહ્યું છે કે સમર્થનથી અમે આપત્તિ ટાળી શકીએ છીએ. રશિયાના મિસાઇલ હુમલામાં બે બાળકો સહિત ઓછામાં ઓછા ૬૧ લોકો ઘાયલ થયા હતા. યુક્રેનિયન ઇમરજન્સી સર્વિસે જણાવ્યું હતું કે ચેર્નિહાઇવ રાજધાની કિવથી લગભગ ૧૫૦ કિલોમીટર (૯૦ માઇલ) ઉત્તરમાં રશિયા અને બેલારુસની સરહદ નજીક આવેલું છે અને તેની વસ્તી લગભગ ૨,૫૦,૦૦૦ લોકોની છે. જો કે, યુક્રેનને આર્ટિલરી દારૂગોળો, સૈનિકો અને સશસ્ત્ર વાહનોની ખોટ પડી રહી છે જેનો રશિયા ફાયદો ઉઠાવી રહ્યું હોવાનું લશ્કરી નિષ્ણાંતો કહી રહ્યા છે. યુક્રેનને મદદ માટે અમેરિકાએ ૬૦ બિલિયન ડૉલરના સહાય પૅકેજને મંજૂરી આપી હતી. હાઉસ સ્પીકર માઇક જોહન્સને રવિવારે કહ્યું કે તેઓ આ અઠવાડિયે પૅકેજને આગળ વધારવાનો પ્રયાસ કરશે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ ફરીથી રશિયન હુમલા પછી તેના સાથીઓ પાસેથી સમર્થન માટે હાકલ કરી હતી. ઝેલેન્સકીએ ટેલિગ્રામ મેસેજિંગ એપ દ્વારા જણાવ્યું હતું કે, ''જો યુક્રેનને રશિયન આતંકવાદનો સામનો કરવા માટે વિશ્વ તરફથી પૂરતા હવાઈ સંરક્ષણ શસ્ત્રો અને સમર્થન મળ્યું હોત તો આવું ન થયું હોત.'' ■

## પાકિસ્તાનમાં પૂરઃ મૃત્યુઆંક ૬૩ પહોંચ્યો

પેશાવરઃ પાકિસ્તાનમાં વીજળી અને ભારે વરસાદને કારણે ૧૪ લોકોના મોત થયા છે. અધિકારીઓએ બુધવારે આ જાણકારી આપી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા ચાર દિવસથી સતત ખરાબ હવામાનને કારણે ઓછામાં ઓછા ૬૩ લોકોએ જીવ ગુમાવ્યા છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના પ્રવક્તા ખુર્શીદ અનવરે જણાવ્યું હતું કે મોટાભાગના મૃત્યુ પાકિસ્તાનના ઉત્તર પશ્ચિમમાં સ્થિત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયા છે. પ્રાંતમાં મકાન ધરાશાયી

(જુઓ પાનું ૨) ▸▸

## નોએડામાંથી ₹ એક કરોડથી વધુ રકમ જપ્ત

નોએડા : લોકસભા ચૂંટણીની આચારસંહિતા ગૌતમ બુદ્ધ નગર મતદારક્ષેત્રમાં અમલમાં મૂકાઈ ત્યાર બાદ નોએડા અને ગ્રેટર નોએડામાં એક કરોડ રૂપિયાથી વધારે બિનહિસાબી રોકડ રકમ જપ્ત કરાઈ છે.

પોલીસ, રાજ્યની નિરીક્ષણ ટૂકડી અને ફ્લાઈંગ સ્કવૉડે મંગળવારે ત્રણ અલગ બનાવમાં ૨૦ લાખથી વધારે રૂપિયા જપ્ત કર્યા હતા. સ્થાનિક ચૂંટણી અધિકારીએ કહ્યું હતું કે અત્યાર સુધી વિવિધ ઈસમો પાસેથી પરવાનગી છે એનાથી વધારાની બિનહિસાબી રોકડ રકમ ૩૦ જેટલા બનાવોમાં પકડાઈ હતી. આમાં રોકડ રકમ માટેનો કોઈ ખુલાસો કરાયો નહોતો. ■

## રામલલાના લલાટે સૂર્યતિલક

### રામનવમીએ અયોધ્યામાં અદ્ભુત નજારો



**જય શ્રીરામઃ** અયોધ્યાના રામમંદિરમાં રામનવમી નિમિત્તે અત્યાધુનિક ટેક્નૉલૉજીનો ઉપયોગ કરીને રામલલાની મૂર્તિના લલાટે સૂર્યતિલક કરાયું હતું. (પીટીઆઇ)

અયોધ્યાઃ અયોધ્યામાં રામલલાનું 'સૂર્યતિલક' બુધવારે બપોરે રામનવમીના અવસરે અરીસાઓ અને લેન્સ સાથે સંકળાયેલી વિસ્તૃત પદ્ધતિનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું હતું, જેના દ્વારા શ્રી રામની પ્રતિમાના કપાળ પર સૂર્યકિરણનું નિર્દેશન કરવામાં આવ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન 'સૂર્ય તિલક'નાં દર્શન કર્યાં પછી એક્સ પર એક પોસ્ટમાં, એમણે લખ્યું કે, ''મારી નલબારી (આસામ) રેલી પછી, મેં રામલલા પર સૂર્યતિલક જોયું. કરોડો ભારતીયોની જેમ, આ મારા માટે ખૂબ જ ભાવનાત્મક ક્ષણ છે. અયોધ્યામાં ભવ્ય રામ નવમી ઉજવાઈ રહી છે ત્યારે આ ઐતિહાસિક સૂર્યતિલક આપણા જીવનમાં ઊર્જા લાવે અને તે આપણા રાષ્ટ્રને નવી ઊંચાઈઓ અને ગૌરવ પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપે.

તેમણે ઈલેક્ટ્રોનિક ઉપકરણ પર સૂર્યતિલક નિહાળતા તેની તસવીરો પણ શેર કરી હતી.

દરમિયાન, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી

(જુઓ પાનું ૨) ▸▸

### ભારતીયોના રોમરોમમાં રામ વસે છેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે રામ નવમીના અવસર પર લોકોને શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે અયોધ્યા અજોડ આનંદમાં છે કારણ કે રામ મંદિરના અભિષેક પછી આ પ્રથમ વખત ત્યાં ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. ભારતીયોના રોમરોમમાં રામ વસે છે.

એક્સ પરની એક પોસ્ટમાં, વડા પ્રધાને કહ્યું, ''મારી નલબારી રેલી પછી, મેં રામલલા પર સૂર્ય તિલક જોયો. કરોડો ભારતીયોની જેમ, આ મારા માટે ખૂબ જ ભાવનાત્મક ક્ષણ છે. અયોધ્યામાં ભવ્ય રામનવમી ઐતિહાસિક છે. આ સૂર્ય તિલક આપણા જીવનમાં ઊર્જા લાવે છે અને તે આપણા રાષ્ટ્રને ગૌરવની નવી ઊંચાઈઓ સર કરવા માટે પ્રેરણા આપે છે.

મોદીએ કહ્યું, ''પ્રભુ શ્રી રામના આશીર્વાદ હંમેશા

(જુઓ પાનું ૨) ▸▸

## ઓડિશામાં ગરમીનો પ્રકોપ, ત્રણ દિવસ સ્કૂલો બંધ

ભૂવનેશ્વરઃ ઓડિશામાં ગરમીના કહેરના કારણે સરકારે સ્કૂલો બંધ રાખવાનો આદેશ આપ્યો હતો. ઓડિશા સરકારે બુધવારે રાજ્યની તમામ શાળાઓને ૧૮ થી ૨૦ એપ્રિલ સુધી બંધ રાખવાની જાહેરાત કરી હતી. હવામાન વિભાગે ઓડિશામાં હીટ વેવની આગાહી કરી છે જેને ધ્યાનમાં રાખીને સરકારે નિર્ણય લીધો હતો. નોંધનીય છે કે હવામાન વિભાગે ઓડિશામાં હીટવેવની આગાહી કરી છે અને આ દરમિયાન તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને પાર કરે તેવી શક્યતા છે.

એક સત્તાવાર નિવેદન અનુસાર, શાળા અને સામૂહિક શિક્ષણ વિભાગે જણાવ્યું હતું કે સરકારે પ્રવર્તમાન ઉનાળાની સ્થિતિ અને દિવસના તાપમાનમાં વધારાને ધ્યાનમાં રાખીને સરકારી, સરકારી સહાયતા પ્રાપ્ત અને ખાનગી સહિત તમામ શાળાઓને ત્રણ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય લીધો છે. હવામાન વિભાગે જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ દરમિયાન ઘણી જગ્યાએ તાપમાનમાં ધીમે ધીમે ૨ થી ૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. ઓડિશામાં ૧૮ થી ૨૦ એપ્રિલની વચ્ચે તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને પાર થવાની ધારણા છે. હવામાનશાસ્ત્રી ઉમાશંકર દાસે જણાવ્યું હતું કે મયુરભંજ જિલ્લાના બારીપદા શહેર મંગળવારે ૪૩.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સમગ્ર દેશમાં સૌથી ગરમ સ્થળ હતું. હવામાન વિભાગે કહ્યું કે બાલાસોર, ભદ્રક, જાજપુર, કેન્દ્રપાડા, કટક, જગતસિંહપુર, પુરી, ખુર્દા, નયાગઢ, ગંજમ અને ગજપતિ જિલ્લામાં એક કે બે સ્થળોએ ગરમ અને ભેજવાળી હવામાનની સ્થિતિ યથાવત્ રહેશે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નક્સલવાદનો ખાતમો વિકાસથી જ શક્ય છે

**છત્તીસગઢમાં** લોકસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન પહેલાં સિક્યુરિટી ફોર્સીસે ૨૯ નક્સલવાદીઓનાં ઢીમ ઢાળીને સપાટો બોલાવી દીધો. સિક્યુરિટી ફોર્સીસે નકસલવાદના અડ્ડા એવા છત્તીસગઢમાં કરેલા સૌથી મોટા એન્કાઉન્ટરમાં નક્સલીઓના અનેક સિનિયર કમાન્ડર પણ ઉપર પહોંચી ગયા છે. તેમાં એક શંકર રાવ પણ છે કે જેના માથે ૨૫ લાખ રૂપિયાનું ઈનામ હતું. દંડકારણ્ય ડિવિઝનમાં નક્સલીઓનો સૌથી મોટો અને પ્રભાવશાળી કમાન્ડર મનાતો શંકર રાવ પોતાના ડિવિઝનનો મિલેસ્ટ્રી ઈન્ટેલિજન્સ ચીફ હતો. શંકર ઉપરાંત લલિતા માંડવી, રાજૂ અને બીજા ખતરનાક નકસલવાદી પણ મરાયા છે.

આ એન્કાઉન્ટર પછી પોલીસને ૭ એકે ૪૭, ૩ એસએલઆર ઉપરાંત ઈન્સાસ અને .૩૦૩ રાઈફલ સહિતનાં હથિયારો મળી આવ્યાં છે. તેના પરથી જ નકસલો કેવી તૈયારી કરીને આવ્યા હશે એ સ્પષ્ટ છે.. નક્સલ પ્રભાવિત બસ્તર લોકસભા બેઠક પર ૧૯ એપ્રિલે મતદાન છે જ્યારે કાંકેરમાં ૨૬ એપ્રિલે મતદાન છે. આ બંને વિસ્તારોમાં લોકસભા ચૂંટણી સમયે જ ખૂનામરકી કરવાની નકસલવાદીઓની યોજના હશે એ કહેવાની જરૂર નથી.

છત્તીસગઢમાં કરાયેલા ઓપરેશને નકસલવાદનો હજુ સફાયો થયો નથી એ ફરી સ્પષ્ટ કરી દીધું છે. પોલીસનો દાવો છે કે. અત્યાર સુધીમાં ૨૦૨૪માં માઓવાદીઓના ગઢ બસ્તરમાં સિક્યુરિટી ફોર્સીસ સાથેની અલગ અલગ અથડામણમાં ૭૯ નક્સલવાદીઓ માર્યા ગયા છે. આટલી મોટી સંખ્યામાં નકસલવાદીઓ અને આટલી મોટી સંખ્યામાં હથિયારો તથા દારૂગોળો મળે તેનો અર્થ જ થાય કે, નકસલવાદીઓ હજુ સક્રિય છે અને તેમનો પ્રભાવ પણ યથાવત્ છે.

છેલ્લા કેટલાક સમયથી નકસલવાદીઓ મોટા હુમલા કરતા નથી તેથી એવું લાગતું હતું કે, નકસલવાદ હવે કાબૂમાં આવી ગયો છે. એકંદરે નકસલવાદથી પ્રભાવિત વિસ્તારોમાં શાંતિ છે પણ આ ઓપરેશને સાબિત કર્યું છે કે, નકસલવાદ ઝડપથી ખતમ થાય એમ નથી ને તેનો ખતરો હજુ ઊભો જ છે. હજુય મોટી સંખ્યામાં નકસલવાદીઓ સક્રિય છે અને તેમને મારવા ઓપરેશન્સ હાથ ધરવા પડે છે.

નકસલવાદીઓ લોકસભાની ચૂંટણીમાં હિંસા ફેલાવવા મથી રહ્યા છે તેથી લગભગ ત્રણ મહિનાથી નકસલવાદીઓના સફાયા માટે ઓપરેશન ચાલી રહ્યું છે. આ ઓપરેશનના ભાગરૂપે ઠેર ઠેર નક્સલવાદ વિરોધી પોસ્ટર લગાવાયાં છે. નકસલવાદીઓ વિશે માહિતી આપનાર અને તેમની ધરપકડ કરાવનારને પાંચ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી છે. માહિતી આપનારને ઈનામની સાથે પોલીસમાં કાયમી નોકરી પણ આપવામાં આવે છે તેના કારણે લોકો નકસલવાદીઓ વિશે માહિતી આપે છે અને એન્કાઉન્ટર્સ થયા કરે છે છતાં નવા નવા નકસલવાદી આવ્યા જ કરે છે એ સ્પષ્ટ છે.

સિક્યુરિટી ફોર્સીસે સારું કામ કર્યું પણ આ ઘટના નિમિત્તે નકસલવાદને કેમ નાથી શકાતો નથી એ સમજવા જેવું છે. નકસલવાદનો ઉદ્ભવ અન્યાય સામે લડવાના નામે થયો તેથી નકસલવાદીઓને આદિવાસી વિસ્તારોમાં વ્યાપક સમર્થન મળે છે. ક્યાંક આ સમર્થન સહાનુભૂતિના કારણે મળે છે તો ક્યાંક ડરના કારણે મળે છે પણ નકસલવાદીઓને ભારતમાં જ લોકોનું સમર્થન મળે છે એ વાસ્તવિકતા છે. આ કારણે જ હિંસક ચળવળ હોવા છતાં નકસલવાદ પાંચ દાયકા કરતાં વધારે સમય ટકી ગયો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આ ચળવળને દાબી દેવા માટે પાશવી અત્યાચારો પણ કર્યા છતાં નકસલવાદ જીવંત છે તેનું કારણ લોકોનું સમર્થન છે.

આ સમર્થન કેમ મળે છે એ પણ સમજવા જેવું છે. નકસલવાદનો વ્યાપ આદિવાસી વિસ્તારોમાં વધારે છે. આ દેશમાં લગભગ ૧૦ ટકા કરતાં વધારે વિસ્તાર નકસલવાદથી પ્રભાવિત છે. નકસલવાદથી પ્રભાવિત આખો વિસ્તાર રેડ કોરિડોર એટલે કે લાલ પટ્ટા તરીકે ઓળખાય છે. આ રેડ કોરિડોરમાં નકસલવાદીઓ સમાંતર સરકારો ચલાવે છે અને આ વિસ્તારોમાં રહેનારાં લોકોની જીંદગી નકસલવાદીઓના ઈશારે ચાલે છે. કોઈ તેમને અવગણી ના શકે એવો તેમનો ખૌફ છે.

રેડ કોરિડોર મધ્ય, પૂર્વ અને દક્ષિણ ભારત લગી વિસ્તરેલો છે. આંધ્ર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, તેલંગણા, પશ્ચિમ બંગાળ અને ઉત્તર પ્રદેશ એ દસ રાજ્યોના વિસ્તારો આ રેડ કોરિડોરમાં આવે છે. ભારતમાં ૨૦૨૧માં સરકારે આપેલા આંકડા પ્રમાણે દસ રાજ્યના ૭૦ જિલ્લા નકસલવાદથી અસરગ્રસ્ત છે. સરકારે ૨૦૦૯માં કબૂલેલું કે, દેશમાં ૧૮૦ જિલ્લામાં નકસલવાદની અસર છે. અત્યારે ૭૦ જિલ્લામાં નકસવાદનો પ્રભાવ છે એ જોતાં નકસવાદ પ્રભાવિત વિસ્તારોમાં ૧૫ વર્ષમાં ૬૦ ટકાનો ઘટાડો થયો છે પણ નકસલવાદ સાવ નાબૂદ નથી થયો કેમ કે જંગલોમાં રહેતા આદિવાસીઓમાં અન્યાયની લાગણીને નકસલવાદીઓએ પ્રબળ બનાવી છે. આ કારણે પોતાના ઉદ્ભવસ્થાન બંગાળમાંથી નકસલવાદ સમાપ્ત થઈ ગયો પણ દેશના જંગલ વિસ્તારો અને આદિવાસીઓમાં નકસલવાદ ફેલાઈ ગયો છે.

રેડ કોરિડોરમાં આવતા જિલ્લા દેશના સૌથી ગરીબ વિસ્તારો છે ને તેમના ભલા માટે કશું કરાયું નથી. આ વિસ્તારોમાં ખનીજની ખાણો છે ને મોંઘી વન્ય પેદાશો પણ થાય છે પણ એ બધું માફિયાઓ ખાઈ જાય છે. સરકારી તંત્ર તેમને મદદ કરે છે ને જંગલમાં રહેનારા લોકોને દબાવીને માફિયાઓ બધું ઓહિયાં કરી જાય છે. પરિણામે આ વિસ્તારોમાં રહેનારાં લોકોમાં આક્રોશ છે ને પોતાને અન્યાય થાય છે તેની લાગણી પ્રબળ બની છે. આ લાગણી, આ આક્રોશ નકસલવાદી હિંસાના રૂપે બહાર આવે છે.

નકસલવાદીઓ ખોટા છે તેમાં શંકા નથી કેમ કે કોઈ પણ સમસ્યાનો ઉપાય હિંસા નથી જ. આ સંજોગોમાં હિંસા કરનારા નકસલવાદીઓને સજા મળવી જ જોઈએ પણ સાથે સાથે નવા નકસલવાદી પેદા ના થાય એ માટેના પ્રયત્નો પણ થવા જોઈએ. નકસલવાદથી પ્રભાવિત વિસ્તારોમાં વિકાસનાં કામો હાથ ધરીને લોકોનાં માનસમાં ઘર કરી ગયેલી અન્યાયની લાગણીને દૂર કરવી પડે. યુવાઓને પોતાના વિકાસની તક મળે અવો માહોલ સર્જવો પડે. આ થાય તો ચોક્કસ નકસલવાદને પણ ખતમ કરી શકાય. આ પ્રક્રિયા ધીમી છે પણ તેનાં પરિણામ ચોક્કસ મળે.

કમનસીબે ભૂતકાળની સરકારોએ એવું કશું ના કર્યું તેની કિંમત અત્યારે લોકો ચૂકવે છે. ભૂતકાળનાં રોદણાં રળવાનો મતલબ નથી એ જોતાં જાગ્યા ત્યારથી સવાર સમજીને હવે પણ આ કામ કરી જ શકાય.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ/ગ્રીષ્મઋતુ),
ગુરુવાર, તા. ૧૮-૪-૨૦૨૪ધર્મરાજ દસમી.

- ભારતીય દિનાંક ૨૯, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૭-૫૬ સુધી, પછી મઘા.
- ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૭-૫૬ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક.૦૮-૫૭ રાત્રે ક. ૨૧-૨૦
- ઓટઃ બપોરે ક.૧૪-૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૦ (તા. ૧૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - દસમી. ધર્મરાજ દસમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પુજા, આશ્લેષા, મઘા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, ઔષધ ઉપચાર, માલ વેચવો, સ્થાવર લેવડ દેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પ્રાણી પાળવાં.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સામાજિક માન પ્રતિષ્ઠા સારી પ્રાપ્ત કરો.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ
- ગોચરગ્રહોઃ ગ્રહગોચરઃ સૂર્ય-મેષ , મંગળ-કુંભ, વક્રી બુધ-મીન, ગુરુ-મેષ (કૃતિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# રાહે ખુદામાં ખર્ચની ગણતરી કરવીઃ ક્યાંક અલ્લાહ પણ તમારા માટે ગણતરી કરવા ન લાગે

**ઇસ્લામ** તેની ઉમ્મત અર્થાત્ અનુયાયી અને પ્રજાને માત્ર ધર્મજ્ઞાન જ આપતું નથી, પરંતુ દુન્યવી જીવન માટે પણ માર્ગદર્શન આપે છે.

સૃષ્ટિનો મહાન સર્જનહાર રબતઆલા તેની કિતાબ કુરાને કરીમમાં તેના નબી હઝરત મુહમ્મદ સાહેબને સંબોધીને ફરમાવે છે કે-

* 'હે નબી! મોમીન પુરુષોને કહો કે નજરોને બચાવીને રાખે.'
* 'પોતાના ગુપ્ત અવયવોની રક્ષા કરે.'
* 'આ તેમના માટે વધારે સારી પદ્ધતિ છે...!'
* 'ઓ માનવજાત!'
* 'તમારા રક્ષણહાર-પરવરદિગારની ઇબાદત કરો, જેણે તમને તેમ જ તમારા પહેલાંના લોકોને પેદા કર્યા છે, કે જેથી તમે પરહેઝગાર (સંયમી) બનો.
* જે કાંઇ તેઓ કરે છે (જાહેરમાં કે અંધકારમાં) અલ્લાહ તેનાથી જાણકાર છે. * પારકી સ્ત્રીને નજર ભરીને જોવા માટે ઇસ્લામે મનાઇ કરી છે. અચાનક એક વખત નજર પડી જાય તે સમજી શકાય તેમ હોઇ, પહેલી નજરમાં ખેંચાણ થયું અને ફરીથી તે ખેંચાણને લીધે બીજીવાર તે તરફ નજર કરી તો તે ગુનો છે. પયગંબર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આવી દૃષ્ટિને આંખના વ્યભિચાર સાથે સરખાવી છે. આપ સરકારે ફરમાવ્યું છે કે * માણસ પોતાની જ્ઞાનેન્દ્રીઓ વડે વ્યભિચાર કરે છે. આવી રીતે જોવું એ આંખનો વ્યભિચાર છે.
* પ્રેમ-મહોબ્બતની વાતો જીભનો વ્યભિચાર છે.
* અવાજને સાંભળીને રસપાન કરવું તે કાનનો વ્યભિચાર છે. * હાથ વડે સ્પર્શ કરવો તે હાથનો વ્યભિચાર છે. * પગ વડે ચાલીને જવું તે પગનો વ્યભિચાર છે. આ તો વ્યભિચાર કરવા જે શખસ નીકળ્યો છે. તેના પહેલાં પગથિયાં છે. એ પગથિયાં પર ચઢી ગયા બાદ તે શખસ વ્યભિચાર કરી બેસે છે અથવા તેમાં નિષ્ફળ જાય છે. નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત અલી અલૈયહિ સલ્લામને ફરમાવ્યું કે * એક નજર પછી બીજી નજર ન નાખશો. પહેલી નજર તો માફ છે, પરંતુ બીજી માફ નથી.* હઝરત જરીર બીન અબ્દુલ્લાહ રદ્દિયલ્લાહો અન્હો કહે છે કે, મેં હુઝુર સલ. ને પૂછ્યું કે અચાનક નજર પડી જાય તો શું કરું? ત્યારે હુઝુરે ફરમાવ્યું કે 'દૃષ્ટિ તરત જ ફેરવી લો અથવા નીચી કરી લો.' આપે ફરમાવ્યું કે 'અલ્લાહતઆલાનો ઇર્શાદ છે કે, નજર સેતાનના ઝેરીલા તીરોમાંથી એક તીર છે. જે માણસ મારો ડર રાખીને તેને છોડી દેશે. હું તેના બદલામાં તેને ઇમાન આપીશ જેનો મધુર સ્વાદ તે પોતાના દિલમાં પામશે.' આપે ફરમાવ્યું કે * 'જે મુસલમાનની નજર કોઇ સ્ત્રીના રૂપ પર પડે અને જો તે શખસ પોતાની નજર હઠાવી લે, તો અલ્લાહ તેની ઇબાદતમાં લિજ્જત પેદા કરે છે.'

પ્રિય વાંચકો! મજકુર હદીસોનો અર્થ એવો નથી કે પયગંબરે ઇસ્લામના જમાનામાં સ્ત્રીઓ બેપરદા ફરતી હતી. 'સુરા અહઝાબ'માં પરદાનો હુકમ ઊતર્યા પછી, તે હુકમનો અમલ શરૂ થઇ ગયો જ હતો, પરંતુ બે પ્રસંગ એવા આવે છે, જયારે સ્ત્રીને જોવાની જરૂર હોય છે. ૧. નિકાહ કરનાર પુરૂષે ભવિષ્યની પત્નીને જોઇ લેવી જોઇએ તેવો હુકમ ખુદ આપણા આકા વ મૌલાએ આપ્યો છે અને ૨-અદાલતમાં સાક્ષી આપતી વખતે કાઝી સાહેબ તે સાક્ષી સ્ત્રીને જોઇ શકે છે અથવા કોઇ તબીબ બીમાર સ્ત્રીને જુએ. લેખના પ્રારંભમાં કહ્યું તેમ આ બધા હુકમો સ્વચ્છ અને પવિત્ર સમાજના ઘડતર માટે છે. અલ્લાહનો ડર રાખીને જો તેની પર અમલ થવા માંડે તો સ્વચ્છ સમાજનું સર્જન થઇ શકે છે.

### બોધઃ

* કયામતના આ યુગમાં સ્વપ્નેય પણ જોયું-વિચાર્યું-અનુભવ્યું નહીં હતું તેવા નિર્લજ-બિભત્સ દૃશ્યો જોવા-જાણવા મળી રહ્યાં છે.
* અલ્લાહની કુદરત માનવજાત પરથી સંપૂર્ણ વિશ્વાસ ગુમાવી દે તે પૂર્વે ચેતી જવાના-સાવધ બની જવાનો વકતનો-સમયનો તકાજો ઘરઆંગણે આવીને ઊભો રહી ગયો છે.

### ધર્મસંદેશઃ

હઝરત મુહમ્મદ (સલ.)ની હદીસ (વાક્ય-કથન) છે કે-

* કોઇ એવો દિવસ, ઘડી-પળ એવી નથી કે જેમાં અલ્લાહ તરફથી બંદા માટે બે ફરિશ્તા (પ્રતિનિધિ) મોકલવામાં આવતા ન હોય. જેઓ અલ્લાહ પાસે આ યાચના ગુજારતા હોયઃ
* ૧-યા અલ્લાહ ! તારા માર્ગ પર (રાહે ખુદામાં) ખર્ચ કરનારાને તેનો સારો ઉત્તમ બદલો આપ.
*૨ - જ્યારે બીજો ફરિશતો કહે છે કે - કંજૂસના માલમાં બરબાદી આપ.
- આપ હુઝુરે અનવર (સલ.) ફરમાવો છો કે-
* ખર્ચ કરતા રહો અને ગણતરી ના કરો.
* ક્યાંય અલ્લાહ પણ તમારા માટે ગણતરી કરવા ન લાગે?
- હે આદમની ઔલાદ !
* ખર્ચ કર.
* હું પણ તારા પર ખર્ચ કરીશ.

- **જાફરઅલી ઇ. વિરાણી**

***

### સાપ્તાહિક સંદેશઃ

એક માણસ પોતાના ઘર આગળ ઊભો હતો. ઘરની અંદરથી ધુમાડા નીકળી રહ્યા હતા. એ ધુમાડા એમ સૂચવતા હતા કે ઘરમાં આગ લાગી હોવી જોઇએ.

રસ્તેથી પસાર થતાં એક રાહદારીએ આ જોઇને પેલા શખસને કહ્યું, ભાઇ! તમારા ઘરમાં આગ લાગી જણાય છે.

એક માણસે કહ્યું, ખબર છે મને એની. -તો પછી આગને ઠારવા માટે કેમ કાંઇ પ્રયાસ કરતા નથી? રાહદારીએ પૂછ્યું.

* એ શખસે કહ્યું કે, એ જ કામ કરી રહ્યો છું, જ્યારથી મને ખબર પડી છે કે ઘરમાં આગ લાગી છે ત્યારથી હું અહીં ઊભો વરસાદ માટે દુઆ માગી રહ્યો છું.

-વરસાદ માટે દુઆ માગનારો એ માણસ કોણ હતો એ જાણો છો?

-એ માણસ એટલે તમે, હું અને આપણે.

-આપણી બરબાદીનો કોઇ અંત જણાઇ રહ્યો નથી, તેનું કારણ આજ છે. આપણે હાથ પગ હલાવતા નથી.

-હાથ પગ હલાવ્યા વગર માત્ર દુઆ (પ્રાર્થના)ના જોરથી વરસાદ જ વરસાવી આગને ઠારવી છે. જાત મહેનત આપણા આચરણમાં અરે, આપણા સ્વભાવ સુધ્ધાંમાં રહી નથી.

# દુબઈ, ઓમાનમાં ભારે વરસાદઃ ૧૮નાં મોત

દુબઇઃ સંયુક્ત અરબ અમીરાત(યુએઇ)ના વિવિધ ભાગોમાં અને ઓમાનમાં મૂશળધાર વરસાદ શરૂ થયો હતો. દુબઇમાં મંગળવારે એક જ દિવસમાં એક વર્ષ જેટલો વરસાદ પડ્યો હતો. જેના કારણે સમગ્ર શહેરમાં ભારે પૂર આવ્યું હતું. પરિણામે રસ્તાઓ નદીઓમાં ફેરવાઇ ગયા હતા અને ઘરોમાં પાણી ભરાઇ ગયા હતા. ઓમાનમાં ભારે વરસાદ સંબંધિત વિવિધ ઘટનામાં ૧૮ જણ માર્યા ગયા હતા.

પરિસ્થિતિની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે મુશળધાર વરસાદને પગલે દુબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટનો રનવે ડૂબી ગયો હતો. પરિણામે સમુદ્ર જેવો નજારો ઊભો થયો હતો. જેના કારણે એરપોર્ટ પર લગભગ અડધો કલાક સુધી ફ્લાઇટની કામગીરી બંધ કરવી પડી હતી. મંગળવારે દુબઇ એરપોર્ટ પર માત્ર ૧૨ કલાકમાં લગભગ ૧૦૦ મિમી વરસાદ નોંધાયો હતો અને ૨૪ કલાકમાં કુલ ૧૬૦ મિમી વરસાદ નોંધાયો હતો. નોંધનીય છે કે દુબઇ શહેરમાં આખા વર્ષ દરમિયાન લગભગ ૮૮.૯ મિમી વરસાદ નોંધાય છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા કેટલાક વીડિયોમાં દુબઇ એરપોર્ટનો રનવે સંપૂર્ણ રીતે જળમગ્ન જોવા મળ્યો હતો. જ્યાં મોટા-મોટા વિમાન બોટ જેવા દેખાતા હતા, કારણ કે તે પૂરમાં ડૂબેલા રનવે પર ચાલી રહ્યા હતા. જે સમુદ્ર જેવા દેખાતા હતા. સંયુક્ત આરબ અમીરાત(યુએઇ)ના રાષ્ટ્રીય હવામાન કેન્દ્રે મંગળવારે સવારે દુબઇ, અબુ ધાબી અને શારજાહ સહિતના દેશના મોટા ભાગો માટે હવામાન ચેતવણી જારી કરી હતી. દુબઇ પોલીસે અચાનક પૂરને કારણે શહેરના કેટલાક રસ્તાઓ ટાળવા માટે સૂચના પણ જારી કરી હતી. યુએઇના હવામાન વિભાગે આગામી ૨૪ કલાક દરમિયાન દુબઇ અબુ ધાબી સહિત ઘણા મોટા શહેરોમાં ભારે વરસાદ અને કરા પડવાની ચેતવણી આપી છે. યુએઇના રાષ્ટ્રીય હવામાન કેન્દ્ર(એનસીએમ)એ જણાવ્યું કે મંગળવાર બપોરથી બુધવારની સવાર(૧૭ એપ્રિલ) સુધી પશ્ચિમી વિસ્તારોમાંથી ગંભીર હવામાનની બીજી લહેર શરૂ થઇ શકે છે અને દેશના ઘણા વિસ્તારોમાં ફેલાઇ શકે છે.

## પહેલા પાનાનું ચાલુ

### રામલલાને લલાટે

આદિત્યનાથે પણ એક્સ પર તેમના સત્તાવાર હેન્ડલ પર 'સૂર્ય તિલક'નો એક વીડિયો શેર કર્યો હતો અને લખ્યું હતું કે, ''સૂર્યકુલ ભૂષણ શ્રી રામલલાના કપાળ પર સુશોભિત ભવ્ય 'સૂર્ય તિલક' આજે વિશ્વને પ્રકાશિત કરી રહ્યું છે. સમગ્ર રાષ્ટ્ર તેના શાશ્વત ગૌરવ સાથે 'જય જય શ્રી રામ!' આ વર્ષે ૨૨ જાન્યુઆરીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન કરાયેલ નવા મંદિરમાં શ્રી રામની પ્રતિમાના અભિષેક પછી આ પ્રથમ રામ નવમી છે. મંદિરના પ્રવક્તા પ્રકાશ ગુપ્તાએ જણાવ્યું હતું કે, ''સૂર્ય તિલક લગભગ ૪-૫ મિનિટ સુધી કરવામાં આવ્યું હતું જ્યારે સૂર્યના કિરણો સીધા રામલલાના કપાળ પર કેન્દ્રિત કરાયા હતા.'' ગુપ્તાએ કહ્યું, ''મંદિર પ્રશાસને સૂર્ય તિલક સમયે ભક્તોને ગર્ભગૃહમાં પ્રવેશતા અટકાવ્યા હતા જેથી ભીડ ન થાય.''

ગર્ભગૃહની બહાર રાહ જોઈ રહેલા ભક્તોએ સૂર્ય તિલક દરમિયાન જય શ્રી રામના નારા લગાવ્યા હતા જ્યારે પૂજારીઓએ અંદર 'આરતી' કરી હતી. એક સત્તાવાર નિવેદન મુજબ, આ પ્રસંગે રામલલાની મૂર્તિ દ્વારા કિંમતી રત્નોથી બનેલો તાજ શણગારવામાં આવ્યો હતો.

જિલ્લા અધિકારીઓએ જણાવ્યું હતું કે હજારો ભક્તો પ્રાર્થના કરવા માટે સવારના વિરામ પહેલા જ મંદિરમાં કતાર લગાવવા લાગ્યા હતા. તેમને રહેવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. **સૂર્ય તિલક વિશે માહિતીઃ-** સૂર્ય તિલક બુધવારે બપોરે રામનવમીના અવસરે અરીસાઓ અને લેન્સ સાથે સંકળાયેલી વિસ્તૃત પદ્ધતિનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું હતું. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એસ્ટ્રોફિઝિક્સ, બેંગ્લોર અને કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ -સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, રુરકીનાં નિષ્ણાતોની ટીમે ૧૯ વર્ષ માટે મંદિરના ત્રીજા માળેથી 'ગર્ભ ગૃહ' સુધી સૂર્યપ્રકાશનું સંચાલન કરવા માટે એક પદ્ધતિ વિકસાવી છે.

### ભારતીયોના રોમરોમમાં

આપણા પર રહે અને સદાચાર અને શાંતિ તરફના આપણા માર્ગોનું માર્ગદર્શન કરે, આપણા જીવનને શાણપણ અને હિંમતથી પ્રકાશિત કરે.'' મોદીએ એક્સ પર પોસ્ટની શ્રેણીમાં જણાવ્યું હતું કે 'અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા પછીની પ્રથમ રામ નવમી એ એક પેઢી માટે સીમાચિહ્નરૂપ છે, જે સદીઓથી ભક્તિની આશા અને પ્રગતિના નવા યુગ સાથે વણાટ કરે છે. આ તે દિવસ છે જેની કરોડો ભારતીયો રાહ જોઈ રહ્યા હતા.' તેમણે કહ્યું કે, આ દેશના લોકોએ ઘણા વર્ષોથી કરેલી મહેનત અને બલિદાનનું ફળ છે.

રામ નવમી ભગવાન રામના જન્મની ઉજવણી કરે છે અને મંદિરને તાજેતરમાં તે સ્થાન પર પવિત્ર કરવામાં આવ્યું હતું જ્યાં તેઓ અયોધ્યામાં જન્મ્યા હોવાનું માનવામાં આવે છે.

તેમણે કહ્યું કે તેઓ આ અવસર પર અભિભૂત અને આભારી છે કારણ કે તેઓ દેશના મોટી સંખ્યામાં લોકો સાથે અયોધ્યામાં અભિષેક સમારોહના સાક્ષી બન્યા હતા.

મોદીએ કહ્યું કે તે ક્ષણની યાદો તેમની અંદર સમાન ઊર્જા સાથે ધબકતી રહે છે. ભગવાન રામ ભારતીયોના હૃદયમાં ઊંડે સુધી જડિત છે. મોદીએ કહ્યું કે રામ નવમી એ સંતો અને ભક્તોને યાદ કરવાનો અને આદર આપવાનો પણ સમય છે જેમણે અયોધ્યામાં મંદિરના નિર્માણ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

મને વિશ્વાસ છે કે મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામનું જીવન અને આદર્શો 'વિકસીત ભારત'ના નિર્માણ માટે મજબૂત આધાર બનશે.

### ગુજરાત રેબઝેબ

સૂચના આપી હતી.

રાજ્યમાં બુધવારથી કાળઝાળ ગરમીનો દોર શરૂ થઈ ગયો છે. ગુજરાતીઓ રીતસર ત્રાહિમામ્ પોકારી જાય તેવી ગરમીનો અહેસાસ આ સપ્તાહમાં થશે. આગામી બે થી ત્રણ દિવસ તો તૌબા પોકારી જશો એવી ગરમી પડશે. રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત્ છે. આજે બુધવારે અમદાવાદમાં સવારથી સાંજ સુધીમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો જ્યારે વડોદરામાં ૪૨ ડિગ્રી, વલસાડમાં ૪૧.૨ ડિગ્રી, અમરેલીમાં ૪૧.૮ ડિગ્રી, પોરબંદરમાં ૪૧.૩ ડિગ્રી, રાજકોટમાં ૪૩.૫ ડિગ્રી, સુરત ૪૦ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૨.૩ ડિગ્રી, મહુવામાં ૪૩ અને કેશોદમાં ૪૧.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

### નક્સલવાદને

વધુની ધરપકડ કરાઇ છે અને ૧૫૦થી વધુ નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. મને વિશ્વાસ છે કે આ કાર્યવાહી ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.૨૦૨૪ની શરૂઆતથી નક્સલવાદીઓના ગઢ ગણાતા બસ્તર ક્ષેત્રમાં સુરક્ષા દળો સાથે અલગ-અલગ એન્કાઉન્ટરમાં ૭૯ નક્સલવાદીઓ માર્યા ગયા છે. અધિકારીઓએ જણાવ્યું કે ભીષણ અથડામણમાં ત્રણ સુરક્ષાકર્મીઓ પણ ઘાયલ થયા છે અને ઘટનાસ્થળેથી મોટી માત્રામાં હથિયારો મળી આવ્યા છે. આ એન્કાઉન્ટર છત્તીસગઢમાં પ્રથમ તબક્કાના મતદાન પહેલા થયું હતું.

### અમદાવાદ-વડોદરા

અકસ્માત સ્થળે જ મોત થયા હતા. મૃતકોમાંથી પાંચની ઓળખ થઇ શકી હતી. જ્યારે બાકીના પાંચની ઓળખ મેળવવા માટે તંત્ર દ્વારા મોડી રાત સુધી પ્રયાસો કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા નડિયાદ કલેકટર, પોલીસ વડા, સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ની ચાર એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી, પોલીસ એક્સપ્રેસ હાઈ-વેની પેટ્રોલિંગની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી પોલીસે પ્રાથમિક તપાસમાં કાર માલિકે કાર ભાડેથી આપી હોવાની માહિતી અને માલિક કિરણ બ્રહ્મભટ્ટ હાટકેશ્વરમાં હોવાની તેમની પાસે ત્રણ ગાડીઓ છે. તેમજ ગાડીઓ ફેરીઓ કરે છે. પરિવાર સાથે દર્શનાર્થે જતા કાર અન્ય ડ્રાઇવરને આપી હોવાનું જણાવા મળ્યું હતું. અકસ્માતને પગલે વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર ટ્રાફિક જામ થયો હતો. પોલીસે ઘટના સ્થળે દોડી આવી ટ્રાફિક હળવો ક્યો હતો.

### ભૂજમાં ૪૩ ડિગ્રી

સપરમા દિવસે ભુજ શહેરમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચી જતાં પંથકના માધાપર, આનંદસર, અંધૌ અને બળદિયા સહિતના વિસ્તારો સમગ્ર રાજ્યમાં સૌથી વધુ તપ્યા હતા.

ભુજ ઉપરાંત અંજાર, આદિપુર અને ગાંધીધામ વિસ્તારમાં આજે ૪૨ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન નોંધાતાં ઔદ્યોગિક પટ્ટો જાણે અગનભઠ્ઠામાં પરિવર્તિત થઇ ઉઠ્યો છે.

કચ્છના શીત મથક તરીકે ઓળખાતું નલિયા જાણે કંડલા-ભુજ સહિત રાજ્યના અન્ય શહેરોની સાથે હરીફાઇ કરતું હોય તેમ આજે તાપમાન ૪૦ ડિગ્રી પર રહેતાં ગરમ મથકોની યાદીમાં સ્થાન મેળવ્યું હતું. રણપ્રદેશના મોટાભાગના મથકોમાં પણ મહત્તમ તાપમાનનો આંક ૪૦થી ૪૩ ડિગ્રી પર પહોંચ્યો છે જેને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. બપોરના બે વાગ્યા બાદ મોટાભાગના રસ્તાઓ સુમસામ બની જાય છે અને સાંજ સુધી જાણે કોરોના વખતનું ડરામણું લોકડાઉન હોય તેવી પરિસ્થિતિ ઊભી થાય છે.

વધતી જતી ગરમીના લીધે સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ પણ વધી રહી છે. શહેરો ઉપરાંત રાપરથી લઈ ખાવડા અને હાજીપીર સુધીની રણકાંધીના ગામો પણ ઊંચા મહત્તમ તાપમાનમાં હાલ શેકાઈ રહ્યાં છે. ગરમીનું આ મોજું હજુ વધુ આકરું થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે.

### પાકિસ્તાનમાં પૂર

થવાથી ૧૫ બાળકો અને પાંચ મહિલાઓ સહિત ૩૨ લોકોના મોત થયા હતા.

અનવરે કહ્યું હતું કે ઉત્તર-પશ્ચિમમાં ડઝનેક લોકો ઘાયલ થયા છે અને પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં વીજળી પડવાની ઘટનાઓમાં ૨૧ લોકોના મોત થયા છે, જ્યારે બલૂચિસ્તાનમાં ૧૦ લોકોના મોત થયા છે.

બલૂચિસ્તાનમાં બુધવારે અચાનક પૂર આવ્યા બાદ અધિકારીઓએ ઇમરજન્સી જાહેર કરી છે, જોકે વરસાદનો ખતરો હજુ પણ યથાવત્ છે. પાકિસ્તાનના હવામાન વિભાગના એક વરિષ્ઠ અધિકારી ઝહીર અહમદ બાબરે કહ્યું હતું કે કલાઇમેન્ટ ચેન્જના કારણે એપ્રિલ મહિનામાં પાકિસ્તાનમાં ભારે વરસાદ વરસી રહ્યો છે.

## સંસ્થા સમાચાર

### પૂ. શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે મહાવીર જયંતી-પ્રભાતફેરીનું આયોજન




શ્રી સમસ્ત સ્થાનકવાસી જૈન સમાજ અને શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્ત્વ રિસર્ચ સેન્ટરના ઉપક્રમે પૂ. શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે તા. ૨૧ ને રવિવારે સવારે ૭.૧૫ કલાકે મહાવીર પ્રભાતફેરીનો પ્રારંભ થશે. જેમાં નવલખા સંઘ, કમાણી જૈન સંઘ, ટોલીગંજ સંઘ, પંજાબ જૈન સભા, હાવડા સંઘ- પાવનધામ, લીલવા સંઘ, પારસધામ સંઘ, મહાવીર સદન, જૈન કોન્ફરન્સ શાખા, શ્રીમદ્ રાજચંદ્ર સેન્ટર જોડાશે. ચક્રબેરીયા લેન ખાતે તેરાપંથ ભવનમાં ૯.૦૦ કલાકે ડૉ. પ્રભુદાસ આર. લાખાણીના પ્રમુખ સ્થાને મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણીમાં ચંદના સ્વાધ્યાય મંદિરના બાળકો વિશિષ્ટ કાર્યક્રમ રજૂ કરશે.

મહાવીર જયંતીના ઝૂંપટપટ્ટી વગેરેમાં હજારો મહાવીર મોદકનું વિતરણ માસ્વામીની પ્રેરણાથી બીના અજય શેઠ તરફથી કરાશે. તેમજ ૨૭ સુવર્ણગીની લાડુમાં અને પ્રભાતફેરીમાં કુલ ૫ મેગા ડ્રોમાં પ્રથમ ૧ લાખ રૂપિયા સહિત ભાગ્યવિજેતાને અર્પણ કરાશે. બપોરે ૨.૩૦ કલાકે ત્રિશલામાતા વેશભૂષા અને મહાવીર હાલરડાં ગીત સ્પર્ધા યોજાશે. અજય શેઠના હસ્તે દરેક સંઘને મહાવીર જયંતી વધામણાનાં બેનર અર્પણ કરવામાં આવેલ. ■

### દિલ્હીમાં પૂ. ધીરગુરુદેવના અનુગ્રહથી ૨૧ કરોડના ખર્ચે માનવ સેવા-સાધના ભવનનું નિર્માણ: પ્રવેશદ્વાર ડ્રોનું આયોજન

શ્રી દિલ્હી ગુજરાતી સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી ૨૧ કરોડના ખર્ચે માનવ સેવા-સાધના ભવનનું નિર્માણ કરવામાં આવશે. જેમાં ધર્મસ્થાનક, આયંબિલ ભવન, જૈન સેન્ટર વગેરેનું આયોજન છે.

મહાવીર પ્રદેશદ્વાર ભાગ્યવિજેતા ડ્રોમાં ૧,૦૮,૦૦૦/-નો નકરો રાખેલ છે.

વહેલા તે પહેલાના ધોરણે રૂપિયા એક લાખ આઠ હજારનું અનુદાતામાંથી ભાગ્ય વિજેતાનું નામ પ્રવેશદ્વારમાં જોડાશે અને બાકીના નામ તક્તીમાં લખાશે. સંઘો, મંડળો, દાતાઓને લાભ લેવા અનુરોધ કરાયો છે. વધુ વિગત માટે સંપર્ક દિલીપ ધોળકીયા. ■

# અમદાવાદના ઘોડાસર ફ્લાયઓવરની મજબૂતાઇ ચકાસવા 300 ટન વજન ભરેલા ટ્રક ઊભા રખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના પૂર્વ પટ્ટામાં નારોલ-નરોડા હાઇવે ઇસનપુરથી કેડિલા બ્રિજને જોડતાં બીઆરટીએસ કોરિડોર પર ફોર લેન સ્પ્લીટ ફ્લાયઓવરનું નિર્માણકાર્ય પૂરું થઇ ગયું છે. ફ્લાયઓવરની મજબૂતાઇ ચકાસવા લોડ ટેસ્ટ પરીક્ષણ ચાલી રહ્યું છે અને ૩૦૦ ટન વજન ભરેલાં મોટા ટ્રક દરેક સ્પાન પર ઊભા રાખવામાં આવ્યા છે.

અમદાવાદ મનપા સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના નારોલ-નરોડા હાઇવે ઉપર જે તે સમયે જેએનયુઆરએમની ગ્રાન્ટમાંથી બીઆરટીએસ કોરિડોર બનાવાયા ત્યારે અમુક જંક્શન ઉપર ફ્લાયઓવર બનાવાયા હતા. સમયાંતરે ટ્રાફિકની સમસ્યા વધવા માંડતા શહેરના જુદા જુદા જંક્શન ખાતે ફ્લાયઓવર બનાવવામાં આવી રહ્યાં છે. તેમાં ઇસનપુર જંક્શન ખાતે તો ઇસનપુરથી વટવા તરફ ફ્લાયઓવર બનાવાયો છે, પરંતુ આગળ જતાં ઘોડાસર જંક્શન ખાતે કોઇ ફ્લાયઓવર નહિ હોવાથી પીકઅવર્સમાં ટ્રાફિકજામની સમસ્યા વકરી ચૂકી હતી. તેનાથી બીઆરટીએસની સેવાને પણ અસર થતી હતી. આ સમસ્યાનો નિવેડો લાવવા માટે મનપા સત્તાધીશોએ ઇસનપુર ચાર રસ્તા આગળથી ઘોડાસર જંક્શન આગળના હયાત વર્ષો જૂના કેડિલા રેલવે ઓવરબ્રિજને જોડતો ફ્લાયઓવર બનાવવાનો નિર્ણય લીધો હતો. સને ૨૦૨૧માં ફ્લાયઓવર બનાવવા માટે જાણીતી ખાનગી કંપનીના કોન્ટ્રાક્ટરને ૫૯.૬૯ કરોડના ખર્ચે કામ સોંપવામાં આવ્યું હતું. નારોલ-નરોડા હાઇવે ઉપર દિવસરાત ટ્રાફિકની અવરજવરના કારણે કામમાં એટલી ઝડપ આવી શકતી નહોતી. પરંતુ હવે ઇસનપુર-કેડિલા ફ્લાયઓવરનું કામ પૂર્ણ થયું છે, પરંતુ મનપા ઇજનેર ખાતાએ આ બ્રિજ ઉપર નાનામોટા અને ભારે વાહનોની અવરજવરને ધ્યાને લઇ તેની મજબૂતાઇ ચકાસવાની કામગીરી હાથ ધરી હતી.

મનપા ઇજનેર ખાતાએ ઘોડાસર ફ્લાયઓવરના દરેક સ્પાન ઉપર ૧૦૦ ટકા લોડ મૂક્યો છે. એટલે ૩૦૦-૩૦૦ ટન વજન ભરેલી મોટી ટ્રકો ઊભી રાખી છે. આ પ્રકારનો લોડ ટેસ્ટ ચોવીસ કલાક કરવામાં આવે છે, ત્યારબાદ ટ્રકો હટાવીને સ્લેબનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહિ સ્પાનની નીચે રોડ ઉપર પણ આધુનિક મશીન ગોઠવવામાં આવ્યા છે, જે સ્પાનમાં સહેજ પણ ઊંચુનીચું થાય તો તરત પકડી પાડે તેવું છે. આ સ્પાનનો લોડ ટેસ્ટ ચાલી રહ્યો છે અને ચોવીસ કલાક બાદ રોડ અને બ્રિજ સહિતના તમામ પ્રોજેક્ટમાં કોઇ જ પ્રકારની લાલીયાવાડી નહિ ચલાવવાના આદેશ બાદ ઘોડાસર ફ્લાયઓવરની મજબૂતાઇ ચકાસવા માટે લોડ ટેસ્ટની પ્રક્રિયા હાથ ધરાઇ છે, હાલ બ્રિજ તૈયાર છે અને ખુલ્લો મૂકી દેવાય તેમ છે, પરંતુ લોડ ટેસ્ટમાં વધુ સમય આપવા માટે જ શુક્રવારે કે શનિવારે તેને ખુલ્લો મુકાવવામાં આવશે તેમ સૂત્રોનું કહેવું છે. ■

# અમિત શાહ આજે અમદાવાદમાં રોડ શો કરશે: શુક્રવારે વિજય મુહૂર્તમાં ફોર્મ ભરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ૧૯મીને શુક્રવારે બપોરે ૧૨.૩૯ વાગે વિજય મુહૂર્તમાં ગાંધીનગર કલેક્ટર કચેરીએ પોતાનું ફોર્મ ભરશે. આ પૂર્વે ગુરુવારે સમગ્ર ગાંધીનગર લોકસભા મતવિસ્તારને આવરી લેતો મેગા રોડ શો અને રાત્રે વેજલપુરમાં કોર્પોરેશનની વોર્ડ ઓફિસ ખાતે વિશાળ જનસભાને સંબોધન કરનાર છે. આ માટેની તૈયારીઓ પૂરજોશમાં શરૂ કરી દેવાઇ છે. બુધવારે રાત્રે અમિત શાહ પ્રચાર પ્રવાસથી સીધા અમદાવાદ આવી પહોંચનાર છે.

ગાંધીનગર લોકસભા ક્લસ્ટર પ્રભારી કે.સી. પટેલ અને ગાંધીનગર લોકસભાના પ્રભારી સાંસદ મયંક નાયકે જણાવ્યું હતું કે, ૧૮મીએ સવારે ૮ વાગે સાણંદ વિધાનસભા મતવિસ્તારને આવરી લેતો રોડ શોનો આરંભ એપીએમસી સર્કલથી થશે અને વિવિધ વિસ્તારોને આવરી લઇ સાણંદ નળ સરોવર ચોકડી ખાતે પૂરો થશે. અમિત શાહ સવારે ૯.૩૦ વાગે કલોલ પહોંચશે અને કલોલ શહેર જે.પી. ગેટથી રોડ શોનો આરંભ કરશે અને વિવિધ વિસ્તારમાં ફરી ટોવર ચોક ખાતે સમાપન થશે. વિજય શંખનાદ રોડ શોના બીજા તબક્કાનો આરંભ બપોરે ૩ વાગે સાબરમતીથી થશે. આ રોડ શો વિવિધ વિસ્તારોમાં ફરી ઘાટલોડિયા, નારણપુરા અને છેલ્લે વેજલપુરમાં ફરીને વિશાળ જનસભાના રૂપમાં ફેરવાશે. આ રોડ શોમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ સામેલ થશે. ■

# શાહના મતવિસ્તારમાં કૉંગ્રેસ તૂટી

## કલોલ કૉંગ્રેસના શહેર પ્રમુખ સહિત ત્રણ આગેવાન ભાજપમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર લોકસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ માટે સમગ્ર ભાજપ સંગઠન દ્વારા પૂરજોશમાં પ્રચાર હાથ ધરવામાં આવ્યો છે અને ગુરુવારે ભવ્ય રોડ શો માટે તૈયારીઓ શરૂ કરાઇ છે એવા સમયે કલોલ કૉંગ્રેસમાં વધુ ભંગાણ થયું છે. કલોલ શહેર કૉંગ્રેસ પ્રમુખ રાજુ ગાંધી અને વોર્ડ નંબર ૧૧ના કાઉન્સિલર મંજુલાબેન તેમ જ એનએસયુઆઇના આગેવાન કાર્યકરો મોટી સંખ્યામાં ભાજપમાં જોડાયા હતા.

કલોલ મહેન્દ્ર મિલ રોડ પર આવેલા પ્રકાશ પ્લાઝમામાં યોજાયેલી એક બઠકમાં કલોલ શહેર કૉંગ્રેસ સમિતિના પ્રમુખ રાજુ એન ગાંધી, વોર્ડ નં ૧૧ના કાઉન્સિલ મંજુલાબેન ગૌતમભાઈ વાઘેલા, કલોલ શહેર એનએસયુઆઇ પ્રમુખ કૃણાલ બ્રહ્મભટ્ટ અને પૂર્વ વિરોધ પક્ષના નેતા મયુરભાઈ આર બારોટ સહિત અગ્રણીઓ અને કાર્યકરોએ કૉંગ્રેસનો હાથ છોડી ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. ■

# રૂપાલા મારા સંભવિત પ્રતિસ્પર્ધી: ધાનાણીએ ઉમેદવારીપત્ર ભર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતની હોટ સીટ બની ચૂકેલી રાજકોટ લોકસભા બેઠક પર ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાને કૉંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ સંભવિત પ્રતિસ્પર્ધી ગણાવ્યાં હતા.

રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના પુરુષોત્તમ રૂપાલાએ ગઇકાલે ૧૬મી એપ્રિલે પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આજે બુધવારે ઉમેદવારીપત્ર ભર્યા બાદ કૉંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત ડ્રગ્સનું ગેટવે બન્યું હોય તેવી સ્થિતિ ઊભી થઇ છે. રંગીલા રાજકોટની ભૂમિને વંદન કરવા આવ્યો છું. સંસદ સભ્ય બનવા નહીં, રાજકોટના હૃદયને જીતવા માટે આવ્યો છું. દેશના બંધારણને બચાવવા માટે આવ્યો છું. આપણા દેશની સંસ્કૃતિ જ્યાં નારીશક્તિની હંમેશાં પૂજા થઇ છે. આ દેશે હંમેશાં નારીશક્તિને વંદન કર્યા છે. નારીશક્તિનો આદર કર્યો છે. અને જ્યારે જ્યારે શક્તિના સ્વાભિમાનને ઠેસ પહોંચાડવાનું કોઇ અસુરી શક્તિઓએ પ્રયાસ કર્યો છે ત્યારે ત્યારે આ દેશની શક્તિઓએ રણચંડી બનીને અસુરોના અહંકારને ઓગાળ્યો છે. આજે પણ મને વિશ્વાસ છેકે, આ રાજકોટને ઇરાદાપૂર્વક રણમેદાનમાં ફેરવવાનો ભાજપ દ્વારા પ્રયાસ થયો છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ભાજપના ઉમેદવાર અને સંભવિત ભાવિ પ્રતિસ્પર્ધીએ પોતે શિક્ષક તરીકેની જવાબદારી નિભાવી છે. ખૂબ જ્ઞાની છે. લોકો એવું માને છે કે સારા વાચક પણ છે. તો એમનાથી આવી ભૂલ થાય એ હું નથી માનતો અને એ ભૂલ નહીં ગુજરાતને વર્ગ-વિગ્રહની આગમાં ધકેલવા માટેનું આ ભાજપના નીતિ-નિર્ધારણ કરનારા લોકો ઇરાદાપૂર્વકનું કૃત્યની અમલવારી આ શાંત રાજકોટના આંગણે શું કામ. રાજકોટનું રણમેદાન એ પુરુષોત્તમ રૂપાલા અને પરેશ ધાનાણી વચ્ચેની લડાઇ નથી પણ જન-જનના સ્વાભિમાનની લડાઈ છે.

દરમિયાન ધનાણીના આ નિવેદન અંગે પ્રતિક્રીયા આપતા ભાજપના સૌરાષ્ટ્રના પ્રવક્તા રાજ્ય ધ્રુવે જણાવ્યું હતું કે પરેશ ધાનાણી પોતે પણ અમરેલીથી રાજકોટ લડવા આવ્યા છે. ધાનાણી અને તેના સાથીઓ દીવા સ્વપ્નમાં રાચે છે. રાજકોટમાં પુરુષોત્તમ રૂપાલાનો ઐતિહાસિક વિજય અને ધાનાણીની ઐતિહાસિક હાર થવાની છે.પરેશ ધાનાણી રાજકોટના વાતાવરણને ડહોળવાનો પ્રયાસ ન કરે. ■

# વડોદરામાં ભાજપના ઉમેદવારની રેલીમાં ધડાકા સાથે ગેસના ફુગ્ગા ફૂટયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં ભાજપના ઉમેદવાર ડો.હેમાંગ જોશીની રેલી નીકળી હતી. તેમાં દિવાળીપુરા નજીક ફુગ્ગાઓમાં બ્લાસ્ટ થયો હતો. જેમાં ગણતરીની સેકન્ડમાં ફુગ્ગાઓના જથ્થામાં ધડાકો થયો હતો. સદનસીબે કોઈને ઇજા પહોંચી ન હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરામાં ગેસથી ફુલાવેલા ફુગ્ગા જોખમ સમાન બન્યા છે. શહેરમાં પ્રચાર રેલીઓમાં ગેસના ફુગ્ગા આફત નોતરી શકે છે. મંગળવારે ભાજપના ઉમેદવાર ડો.હેમાંગ જોશીની રેલી નીકળી હતી. તેમાં દિવાળીપુરા પાસે ફુગ્ગાઓમાં બ્લાસ્ટ થયો હતો. સદનસીબે કોઈને ઇજા પહોંચી ન હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહેસાણાના ઊંઝામાં બ્રાહ્મણવાડામાં ગણપતિ દાદાના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ચાલી રહ્યો હતો. આ મહોત્સવમાં કેટલીક યુવતીઓ ગેસના ફુગ્ગા પકડીને ઊભી હતી. ફટાકડા ફોડતા દરમિયાન ફટકડાની જ્વાળાઓ હાઈડ્રોજન ભરેલા ફુગ્ગાને અડી જતા એકસાથે ફુગ્ગાઓ ફૂટતા ભયાનક બ્લાસ્ટ થયો હતો. જેના પગલે બાળકો-યુવતીઓ સહિત ૩૦ લોકો દાઝી ગયાં હતાં. જેમાં તમામને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ■

# ગુજરાતમાં હવે ક્ષત્રિયોનું આંદોલન પાર્ટ ટુ

## હવે રાજ્ય સ્તર પર ભાજપ સામે મોરચો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય પ્રધાન અને ભાજપના લોકસભાના રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના એક નિવેદન બાદ ગુજરાતમાં ઊભો થયો વિરોધનો વંટોળ છે. ક્ષત્રિય સમાજ અંગે રૂપાલાની વિવાદિત ટિપ્પણી હવે ભાજપને ભારે પડી રહી છે. કારણકે, રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ સાથે ક્ષત્રિયો હવે રસ્તા પર ઊતરીને આંદોલન કરી રહ્યાં છે. આંદોલન અલગ-અલગ પાર્ટમાં વહેંચીને બાપુઓ પણ આ વખતે પાટીદારવાળી કરી રહ્યા છે. જો આંદોલન લાંબું ખેંચાયું તો લોકસભાની ચૂંટણીઓ પર તેની માઠી અસર પડશે. રાજકોટ બેઠક પરથી રૂપાલાએ ઉમેદવારી પત્ર ભર્યા બાદ સૌરાષ્ટ્ર ઉપરાંત સમગ્ર રાજ્યમાં ભાજપના ઉમેદવારોની ચૂંટણી સભાઓમાં કાળા વાવટા ફરકાવીને સૂત્રોચ્ચાર સાથે વિરોધ વ્યક્ત કરવાની રણનીતિનો ક્ષત્રિય સમાજે અમલ શરૂ કરી દીધો છે.

ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન નિવાસસ્થાને મોડી રાત સુધી ચાલેલી બેઠક અનિર્ણિત રહી હતી. સરકાર સાથેની બેઠક નિષ્ફળ ગયા બાદ ક્ષત્રિય સંકલન સમિતિએ એલાન કર્યું છે કે, જો પુરુષોત્તમ રૂપાલા તા.૧૯મીએ ફોર્મ પરત નહીં ખેંચે તો આખાય ગુજરાતમાં ભાજપ વિરુદ્ધ પ્રચાર ઝુંબેશ શરૂ કરાશે. એટલું જ નહીં, રામનવમી એટલેકે આજથી ભાજપના ચૂંટણી સભામાં કાળા વાવટા ફરકાવીને વિરોધ પ્રદર્શન કરવાનું પણ કરાયું છે એલાન. કેન્દ્રીય પ્રધાન પુરુષોત્તમ રૂપાલાએ કરેલી ટિપ્પણીનો મામલો હજુ શાંત પડતો જ નથી પરિણામે ભાજપની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. મુખ્ય પ્રધાન નિવાસસ્થાને આયોજિત બેઠકમાં કોઇ સમાધાન થઇ શક્યું ન હતું. આખરે ક્ષત્રિય સંકલન સમિતિએ એવી જાહેરાત કરી છેકે, રામનવમીથી સમગ્ર ગુજરાતમાં ક્ષત્રિય આંદોલન પાર્ટ-૨ શરૂ થયું છે ક્ષત્રિયોની આ ચિમકીને હવે સરકાર અને સંગઠન દ્વારા ગંભીરતાથી લેવામાં આવી રહી છે. કારણકે, આ મામલો હવે વધુ વકરી ચુક્યો છે.

ગુજરાતમાં જયાં પણ ભાજપની ચૂંટણી સભા હશે ત્યાં ક્ષત્રિયો શાંતિપૂર્વક કાળા વાવટા ફરકાવી વિરોધ પ્રદર્શન કરશે. ગુજરાતમાં ક્ષત્રિય પ્રભુત્વ જ નહીં, પણ બધાય ગામડાઓમાં ભાજપ વિરુદ્ધ મતદાન કરવાની અપીલ કરતાં બેનરો લગાડવામાં આવશે. ■

# પાવાગઢમાં ચૈત્રી નવરાત્રીના છેલ્લા નોરતે ભક્તોનું ઘોડાપૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ચૈત્રી નવરાત્રીના નવમા અને છેલ્લા નોરતે સુપ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ ખાતે બુધવારે ભક્તોનું ઘોડાપૂર ઊમટી પડ્યું હતું. ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ સહિતનાં અનેક રાજ્યોમાંથી માઇભક્તોઓ વહેલી સવારથી જ મા મહાકાળીના દર્શન માટે પાવાગઢ ખાતે ઊમટી પડ્યા હતા. બીજી તરફ શ્રી કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ અને તંત્ર દ્વારા શ્રદ્ધાળુઓને કોઈ પણ અગવડતા કે મુશ્કેલી ન પડે તે માટે તકેદારી રાખવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ચૈત્રી નવરાત્રીના નવે-નવ દિવસોમાં યાત્રાધામ પાવાગઢ માઈભક્તોની ભીડથી ભરેલું રહ્યું હતું. ગુજરાત સહિત દેશના ખૂણે ખૂણેથી ભક્તો માતાના દર્શન કરવા પહોંચ્યા હતા.

લાખોની સંખ્યામાં માઇભક્તોએ માં જગતજનની માં મહાકાળી માતાજીના ભવ્ય દર્શનનો લ્હાવો લીધો હતો. નવરાત્રી હોવાથી પાવાગઢ ખાતે ભક્તોનો ધસારો વધુ રહ્યો હતો દરમિયાન ગુજરાતના ખૂણે ખૂણેથી પગપાળા યાત્રાળુઓનો સંઘ પણ પાવાગઢ ખાતે પહોંચ્યો હતો. ચૈત્રી નવરાત્રીના બુધવારે છેલ્લા નોરતે પણ પાવાગઢ ખાતે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઊમટી પડ્યું હતું. ■

# રૂપાલાના વિવાદનું સુખદ નિરાકરણ આવે તે જરૂરી: નીતિન પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:હિંદુઓના પૂજનીય ભગવાન શ્રીરામ ક્ષત્રિય જ છે. તમામ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે તેવી અભિલાષા છે. દરેક પ્રશ્નોનું સુખદ નિરાકરણ આવે એ જરૂરી છે. રામના નામે રાજનીતિ ના થવી જોઈએ એવું ગુજરાતના માજી નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના સિનિયર નેતા નીતિન પટેલે જણાવ્યું હતું.

ગુજરાતમાં રાજકોટ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના નેતા પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી અપમાનજનક ટિપ્પણીને પગલે સૌરાષ્ટ્રમાંથી શરૂ થયેલું ક્ષત્રિય સમાજનું આંદોલન હવે રાજયસ્તરનું બની રહ્યું છે, પુરુષોત્તમ રૂપાલાએ આ અંગે સતત ત્રણ વાર માફી માંગવા છતાં ક્ષત્રિય સમાજે રૂપાલાને રાજકોટની બેઠક પરથી હટાવવા સિવાય કોઇ વિકલ્પ નહીં હોવાની જાહેરાત કરી છે બીજી બાજુ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે પણ રૂપાલાને માફ કરી દેવાની સમાજને અપિલ કરી હતી પરંતુ તેનું કોઇ પરિણામ મળ્યું નથી, પરંતુ હવે ભાજપના સિનિયર નેતા નીતિન પટેલે ક્ષત્રિયોના વિવાદમાં સમાધાનની આશા વ્યક્ત કરી.

નીતિન પટેલે જણાવ્યું હતુ કે, ભગવાન રામ સમગ્ર હિંદુઓના પૂજનીય છે જે ક્ષત્રિય છે. ભગવાન રામને હું પ્રાર્થના કરું છું કે જે પણ પ્રશ્નો હોય તેનો સુખદ નિરાકરણ થાય. રામ એટલે સત્ય, પવિત્રતા, ક્ષમા, ઉદારતા...તેમના આશીર્વાદથી સમગ્ર વિશ્વનું જીવન ચાલે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય પ્રધાન અને ભાજપના લોકસભાના રાજકોટના ઉમેદવાર પુરુસોત્તમ રૂપાલાના એક નિવેદન બાદ ગુજરાતમાં ઊભો થયો છે વિરોધનો વંટોળ. ક્ષત્રિય સમાજ અંગે રૂપાલાની વિવાદિત ટિપ્પણી હવે ભાજપને ભારે પડી રહી છે. કારણકે, રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ સાથે ક્ષત્રિયો હવે રસ્તા પર ઊતરીને આંદોલન કરી રહ્યાં છે. આંદોલન અલગ-અલગ પાર્ટમાં વહેંચીને બાપુઓ પણ આ વખતે પાટીદારવાળી કરી રહ્યાં છે. જો આંદોલન લાંબું ખેંચાયું તો લોકસભાની ચૂંટણીઓ પર તેની માઠી અસર પડશે. ■

# ગુજરાતમાં રામનવમીની ધમાકેદાર ઉજવણી

## અમદાવાદમાં સાત કિલોમીટર લાંબી શોભાયાત્રા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશભરમાં રામ નવમીની ઉજવણી થઇ રહી છે. અમદાવાદ સહિત રાજ્યમાં ૧૦૦ સ્થળે શોભાયાત્રા યોજાઈ હતી. રામ મંદિરના નિર્માણ પછી પ્રથમ રામ નવમીનો બુધવારે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. અમદાવાદ શહેરમાં સાત કિલોમીટર લાંબી શોભાયાત્રા યોજાઈ હતી. તેમાં શોભાયાત્રામાં નૃત્યમંડળીઓ અને ભજન મંડળીઓ પણ જોડાઈ હતી. રામ નવમીના પગલે રાજ્યભરમાં ઠેર ઠેર શોભાયાત્રા નીકળી હતી. સુરત, વડોદરા, જામનગર, જૂનાગઢ, અમરેલી, સુરેન્દ્રનગર, મહેસાણા, ગાંધીનગર સહિતના જિલ્લામાં મોટી સંખ્યામાં લોકો રામ નવમીની શોભાયાત્રામાં જોડાયા હતા. શહેરના થલતેજ વિસ્તારમાં આવેલા સાઈ બાબાના મંદિરેથી બુધવારે શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્કો જોડાયા હતા. ■

# અમદાવાદ મનપાને એડવાન્સ ટેક્સ રિબેટ યોજના ફળી: ૧૦૮ કરોડની આવક થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર મનપા દ્વારા દર વર્ષે ની માફક વર્તમાન નાણાકીય વર્ષમાં પણ એડવાન્સ ટેક્સની જાહેર કરવામાં આવી હતી ગત વર્ષની સરખામણીએ સમાન સમયગાળા દરમ્યાન લગભગ ૩૩૮ ટકા વધુ આવક થઈ છે. જો કે એડવાન્સ ટેક્સ રિબેટ યોજનાનો અમલ તા.૯મી એપ્રિલથી શરૂ થયો છે.

મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્સ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી એડવાન્સ ટેક્સ રિબેટ યોજના અંતર્ગત ૧૬ એપ્રિલ સુધી પણ ૧૦૮.૪૭ કરોડની નોંધપાત્ર આવક થઈ છે.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરદાતાઓને રૂ.૧૨.૧૦ કરોડનું માતબર રિબેટ આપવામાં આવ્યું છે.૬ એપ્રિલે કોર્પોરેશનને ૧૪.૭૭ કરોડની આવક થઈ છે પાછલા નાણાકીય વર્ષમાં આ સમયગાળા દરમિયાન મિલકત વેરા પેટે રૂપિયા ૨૪.૭૯ કરોડની આવક થઈ હતી.

તેની સરખામણીએ વર્તમાન નાણાકીય વર્ષમાં રૂપિયા ૮૩.૬૭ કરોડની આવક વધી છે ટકાવારી મુજબ જોવામાં આવે તો ૩૩૭.૫૭ ટકા નો મતપત્ર વધારો થયો છે એક એપ્રિલ થી ૧૬ એપ્રિલ દરમિયાન મધ્ય ઝોનમાં રૂપિયા ૧૫.૫૨ કરોડ ઉત્તરમાં ૬.૧૭ કરોડ દક્ષિણમાં ૮.૨૭ કરોડ પૂર્વમાં ૧૦.૨૯ કરોડ પશ્ચિમમાં ૨૮ પણ ૭૪ કરોડ ઉત્તર પશ્ચિમમાં ૨૪.૯૭ કરોડ અને દક્ષિણ પશ્ચિમમાં ૧૪.૫૩ કરોડની આવક થઈ છે. ૨૦૨૩-૨૪ના વર્ષમા એપ્રિલ મહિનામાં મિલ્કતવેરા પેટે રૂ.૨૨૦.૦૨ કરોડની આવક થઈ હતી જયારે મે -૨૩માં ૪૬૮.૮૪ કરોડ મનપાની તિજોરીમાં જમા થયા હતા.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રોફેશનલ ટેક્સ પેટે રૂ.૧૭.૦૭ કરોડ ની આવક થઈ છે. પાછલા વર્ષમાં આ સમયગાળા દરમ્યાન રૂ.૧૧.૫૪ કરોડ જમા થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૨૩-૨૪ના વર્ષમાં પ્રોપર્ટી ટેક્સ પેટે રૂ.૧૬૭૯.૯૮ કરોડ, પ્રોફેશનલ ટેક્સની ૨૩૭.૫૭ કરોડ તેમજ વાહન ટેક્સ પેટે રૂ.૨૧૬.૪૨ કરોડ મળી કુલ ૨૧૩૩.૯૮ કરોડની આવક થઈ હતી. જેની સામે ૨૦૨૪-૨૫માં તા.૧૬ એપ્રિલ સુધી રૂ.૧૩૫.૩૮ કરોડની આવક થઈ હતી. ■

# વઢવાણ પાસે ટ્રેક્ટર કેનાલમાં ખાબક્યું: ખેડૂત દંપતીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ખેરાળી ગામ નજીક ટ્રેક્ટર ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા નર્મદા કેનાલમાં ટ્રેક્ટર ખાબક્યું હતું. પાલિકાની ફાયર ફાઇટરની ટીમ દ્વારા ખેડૂત દંપતીની કેનાલમાં શોધખોળ હાથ ધરી બંનેના મૃતદેહો બહાર કઢાયા હતા. પોલીસે બંને મૃતદેહ પીએમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. ખેરાળી ગામે રહેતા ખેડૂત બાબુભાઈ કમેજળીયા અને તેમના પત્ની અનસોયાબેન ખેતી કરી પરત જઈ રહ્યાં હતાં, તે દરમિયાન ખેરાળી ગામ પાસેથી પસાર થતી નર્મદાની કેનાલ પાસે ટ્રેક્ટરના ચાલક ખેડૂતે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રેક્ટર કેનાલમાં ખાબક્યું હતું. આ મામલે ગામના સરપંચ સહિત આગેવાનો તેમજ પાલિકાની ફાયર ફાયટર ટીમ સહિતને જાણ કરતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને કેનાલમાં ડૂબેલાં દંપતીની શોધખોળ હાથ ધરી હતી.પાલિકાની ટીમે બંનેના મૃતદેહો બહાર કાઢ્યા હતા. ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ■

# સુરતમાં મોટાભાઈની હત્યા કરનાર નાનો ભાઈ અને માસીનો દીકરો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના ડિંડોલી વિસ્તારમાં હત્યા થયેલો મૃતદેહ મળ્યો હતો. અજાણ્યાના મૃતદેહની તપાસમાં જે હકીકત બહાર આવી તે ચોંકાવનારી હતી. જો કે, સગા મોટાભાઈની હત્યા તેના જ નાનાભાઈએ કરી હતી.

ઝઘડાળુ સ્વભાવના મોટાભાઈથી કંટાળી તેની પત્ની પિયર જતી રહી હતી. જ્યારે માતા સાથે ઝઘડો કરતો હતો. જેની જાણ નાનાભાઈને અને માસીના દીકરાને થતાં તેમણે ભેગા મળીને કાસળ કાઢી નાખ્યું હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અજાણ્યા મૃતદેહની તપાસમાં મૃતક ગોવિંદા ઉર્ફે ગોવિંદ બચ્છાવ હોવાનું તેમના પરિવારે કહ્યું હતું. તપાસમાં નાનાભાઈ કિશોર બાપુ દગા બચ્છાવની આગવી ઢબે પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં કિશોર ભાંગી પડતાં પોતે હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. સાથે કહ્યું કે, ત્રણ માસ પહેલાં તેના મોટાભાઈના લગ્ન થયાં હતાં. તેઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હતાં, પરંતુ ગોવિંદના ઝઘડાળુ સ્વભાવથી તેની પત્ની પાંચેક દિવસથી પિયર જતી રહી હતી.

૧૪મી એપ્રિલ માસીનો દીકરો પુષ્પક ઘરે આવ્યો હતો અને તા.૧૫મી એપ્રિલના રોજ ગોવિંદાના સસરા આવ્યા હતા. જેની સાથે તેણે ઝઘડો કર્યો હતો. બાદમાં સાંજના સમયે માતા સાથે પણ ગોવિંદાએ બોલાચાલી કરી હતી. આ વાતની જાણ માતાએ ટેલિફોનથી કિશોરને કરી હતી. જેથી કિશોરે ગોવિંદાનું કાસળ કાઢવાનું નક્કી કર્યું હતું.

જેના માટે માસીના દીકરા પુષ્પકનો પણ સાથ લીધો હતો. બાદમાં ગોવિંદને બાઈક પર બેસાડી કેનાલ રોડ પર અવાવરુ જગ્યાએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો હતો. પોલીસે હત્યાના આરોપી કિશોર અને પુષ્પકને ઝડપી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# શહેરમાંથી સમયસર કચરો એકઠો કરી યોગ્ય નિકાલ કરોઃ કમિશનર

## લગભગ ૪,૫૦૦ મેટ્રિક ટન કચરો કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં આવેલા પ્રોસેસિંગ પ્લાન્ટમાં મોકલવામાં આવે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપલિકા કમિશનરે બુધવારે કાંજૂરમાર્ગના ડમ્પિંગ ગ્રાઉન્ડની મુલાકાત લીધી હતી અને ડેપ્યુટી કમિશનરે આદેશ આપ્યો હતો કે શહેરમાંથી કચરો સમયસર એકઠો કરીને તેનો યોગ્ય નિકાલ થાય એ સુનિશ્ચિત કરવું. તેમણે દેવનારમાં પ્રસ્તાવિત ૬૦૦ મેટ્રિક ટન કચરામાંથી ઊર્જા નિર્માણ કરવાના પ્લાન્ટ વિશે માહિતી પણ મેળવી હતી.

કમિશનર ભૂષણ ગગરાણીએ કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડની મુલાકાત લીધી હતી એ દરમિયાન તેમણે ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠલવાતા કચરાના ભારનું પ્રમાણ ઘટાડવા પર ભાર આપ્યો હતો. હાલ કાંજુરમાર્ગના ડમ્પિંગમાં મુંબઈનો લગભગ ૮૦ ટકા કચરો ઠલવાય છે. તો બાકીનો કચરો દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠલવાય છે.

ડમ્પિંગ ગ્રાઉન્ડનો ભાર ઘટાડવા માટે પાલિકાએ શહેરમાં ૧૦૦ ટકા વિકેન્દ્રી કચરો પ્રક્રિયા કેન્દ્રો ઊભા કરવાની યોજના બનાવી છે. પાલિકાએ હાલ મહાલક્ષ્મી, કુર્લા, વર્સોવા અને ગોરાઈ ખાતે રિફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન (આરટીએસ) સુવિધાઓ ઊભી કરી છે. ડમ્પિંગ ગ્રાઉન્ડમાં કચરો લઈ જવા પહેલા પાલિકાના જુદા જુદા વોર્ડમાંથી કચરો ભેગો કરીને આરટીએસમાં લાવવામાં આવે છે. અહીં કચરાનું વિલિગીકરણ કરવામાં આવે છે અને જે કચરાનું રિસાયકલ થઈ શકે નહીં તેને અહીં આરટીએસમાં રાખવામાં આવે છે અને રિસાયકલ થનારા કચરાને બાદમાં મોટા કોમ્પેક્ટરમાં લોડ કરીને ડમ્પિંગ ગ્રાઉન્ડમાં લઈ જવામાં આવે છે. આ પદ્ધતિને કારણે ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠલવાતા કચરાનું પ્રમાણ ઘટી જાય છે. નોંધનીય છે કે મુંબઈમાં દરરોજ ૬,૩૦૦ મેટ્રિક ટન કચરો નીકળે છે અને લગભગ ૪,૫૦૦ મેટ્રિક ટન કચરો કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં આવેલા પ્રોસેસિંગ પ્લાન્ટમાં મોકલવામાં આવે છે.

પાલિકાએ ઓલરેડી મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડને બંધ કરીને જમીન પાછી મેળવવાની પ્રક્રિયા ચાલુ કરી દીધી છે અને દેવનારમાં ૬૦૦ મેટ્રિક ટન વેસ્ટ-ટુ એનર્જી પ્લાન્ટનું બાંધકામ ઝડપથી પૂરું કરવાના પ્રયાસ કરી રહી છે.

# અનામત વિરોધી અરજી કરનારાઓને તાત્કાલિક વચગાળાનો હુકમ આપવાનો ઈનકાર

મુંબઈઃ મરાઠા સમુદાયને સરકારી નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપતા કાયદા પર વચગાળાનો સ્ટે આપવો કે કેમ તે અંગેની સુનાવણી મંગળવારે પૂર્ણ ન થતાં હાઇ કોર્ટની બેન્ચે અરજીઓની સુનાવણી ૧૩ જૂન સુધી મુલતવી રાખી હતી અને અનામત વિરોધી અરજદારોને તાત્કાલિક રાહત આપવાનો પણ ઇનકાર કર્યો હતો. જો કે, બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે આ દરમિયાન કરવામાં આવેલ કોઈપણ શૈક્ષણિક પ્રવેશ અને સરકારી નોકરીની નિમણૂકો અંતિમ નિર્ણયને આધીન રહેશે.

ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય, જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ ફિરદોશ પુનીવાલાની ખંડપીઠે રાજ્ય સરકારને શૈક્ષણિક પ્રવેશ અને નોકરીની ભરતી માટેની જાહેરાતોમાં આ બાબતનો મુખ્ય ઉલ્લેખ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. છેલ્લા દસ વર્ષમાં ત્રણ પછાત વર્ગ આયોગ દ્વારા મરાઠા સમુદાયને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાહેર કરવામાં આવ્યો છે. દરેક વખતે મરાઠા સમાજને વધુ ને વધુ પછાત બતાવવામાં આવ્યો. તેથી, આરક્ષણનો વિરોધ કરી રહેલા અરજદાર વકીલ ગુણરતન સદાવર્તેએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે મરાઠા સમુદાય પછાત હોવાના વાસ્તવિક આંકડા શું છે. તેમણે કોર્ટનું ધ્યાન એ હકીકત તરફ દોર્યું કે ગ્રામીણ વિસ્તારોમાં મરાઠા સમુદાયનું વર્ચસ્વ છે. તેમજ સદાવર્તેએ દાવો કર્યો હતો કે મરાઠા આરક્ષણના સમર્થક મનોજ જરાંગે પાટીલના આંદોલન પછી સરકારે તમામ સ્તરે પ્રગતિશીલ મરાઠા સમુદાયને આરક્ષણ આપ્યું છે.

# વસઈમાં ચાર સગીરાનો વિનયભંગઃ બેકરીના માલિકની ધરપકડ

*પાલઘરઃ* પાલઘર જિલ્લાના વસઇ વિસ્તારમાં ચાર સગીરાનો વિનયભંગ કરવાના આરોપસર તુલિંજ પોલીસે બેકરીના ૩૩ વર્ષના માલિકની ધરપકડ કરી હતી. વસઇમાં રહેતી સગીરા સોમવારે અમુક વસ્તુ ખરીદીમાં માટે બેકરીમાં ગઇ હતી, જ્યાં આરોપીએ તેને અયોગ્ય સ્પર્શ કર્યો હતો.

તુલિંજ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સગીરાએ ઘરે આવ્યા બાદ તેની માતાને આ અંગે જાણ કરી હતી, જેને પગલે માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન અન્ય ત્રણ સગીરાના માતા-પિતા પણ આરોપી વિરુદ્ધ આવી જ ફરિયાદ લઇને પોલીસ સ્ટેશનમાં આવ્યાં હતાં.

પોલીસે આ પ્રકરણે ભારતીય દંડસંહિતા અને પોક્સો (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને મંગળવારે બેકરીના માલિકની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# કૉંગ્રેસનો આર્થિક એજન્ડા વિભાજનકારી અને વિકાસને ખોરવી નાખનારોઃ મિલિંદ દેવરા

મુંબઈઃ શિવસેનાના રાજ્યસભાના સભ્ય મિલિંદ દેવરાએ દાવો કર્યો છે કે એક સમયે આર્થિક સુધારાની શરૂઆત કરનાર કૉંગ્રેસ પાસે હાલમાં વિભાજનકારી આર્થિક એજન્ડા છે જે ભારતના આર્થિક વિકાસને ખોરવી નાખવા માગે છે. એક ઇન્ટરવ્યૂમાં દેવરાએ જણાવ્યું હતું કે કૉંગ્રેસ કેન્દ્રવાદી પક્ષ હતો પણ હવે એનો ઝુકાવ ડાબેરી વિચારસરણી પ્રત્યે વધી ગયો છે. કૉંગ્રેસ હવે સામ્યવાદી અને સમાજવાદી નીતિઓ વિશે ચર્ચા કરે છે જેને વિશ્વભરમાં જાકારો મળી રહ્યો છે. આજની તારીખમાં રોકાણ અને નવીનતા અને પ્રાધાન્યને ઉત્તેજન આપે એવી વિચારશૈલીની જરૂર છે. ૧૯૯૧ના આર્થિક સુધારા તેમજ ૬૦-૭૦ વર્ષ પહેલાની કૉંગ્રેસની નીતિ વ્યવસાયિકને અને સંપત્તિના સર્જન માટે પ્રેરક બળ પૂરું પાડતી હતી એમ કૉંગ્રેસ છોડી એકનાથ શિંદે શિવસેનામાં જોડાયેલા મિલિન્દ દેવરાએ જણાવ્યું હતું. હવે કૉંગ્રેસ એ નીતિઓ સામે આંગળી ચીંધી એની ટીકા કરે છે. કૉંગ્રેસ પોતાનો વારસો ભૂલી રહી છે એના આ ચિહ્નો છે. (પીટીઆઈ)

# ગેરકાયદે વસવાટ કરનારા બે બંગલાદેશી પકડાયા

પાલઘરઃ નાલાસોપારામાં ગેરકાયદે વસવાટ કરી રહેલા બે બંગલાદેશીને પોલીસે પકડી પાડ્યા હતા. બંનેની ઓળખ આકાશ આરિફ ખાન (૨૬) અને લબોની પોરીદીન મંડલ (૨૨) તરીકે થઇ હોઇ તેમની પાસે કોઇ યોગ્ય દસ્તાવેજો મળી આવ્યા નહોતા. આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ક્રાઇમ) મદન બલ્લાળે જણાવ્યું હતું કે મળેલી માહિતીને આધારે એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ સેલના અધિકારીઓએ સોમવારે સાંજે નાલાસોપારના પ્રગતિનગર ખાતેથી બંને બંગલાદેશીને તાબામાં લીધા હતા.

બંને જણ ઘણા સમયથી આ વિસ્તારમાં રહેતા હતા અને મજૂરીકામ કરી રહ્યા હતા. બંને બંગલાદેશી વિરુદ્ધ તુલિંજ પોલીસ સ્ટેશનમાં ફોરેન્ર્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. (પીટીઆઇ)

# હાર્બર લાઇનમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો, પણ ટ્રેનો સેવામાં નહીં

મુંબઈઃ મધ્ય રેલવેના હાર્બર લાઇનમાં પ્રવાસીઓની સંખ્યામાં મોટો વધારો નોંધવામાં આવ્યો છે. આ લાઇનમાં ઊરણ સુધી લોકલ સેવાને શરૂ કરવામાં આવી છે. આ વિસ્તારમાં અનેક મોટા પ્રોજેક્ટ્સને લીધે હાર્બર લાઇન રેલવેમાં પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. હાર્બર લાઇનના પનવેલ સ્ટેશન પર દિવસના લગભગ અઢી લાખ કરતાં વધુ પ્રવાસીઓ મુસાફરી કરે છે, તેમ જ અન્ય સ્ટેશનો પર પણ એક લાખ કરતાં વધુ પ્રવાસીઓ મુસાફરી કરે છે. જોકે પ્રવાસીઓની સંખ્યામાં વધારાની સાથે ટ્રેન સેવામાં વધારો થયો નથી, જેને લીધે પ્રવાસીઓમાં નારાજગી છે. હાર્બર લાઇનનું પનવેલ સૌથી મહત્ત્વનું સ્ટેશન બન્યું છે. પનવેલથી ૮.૬ કિલોમીટર દૂર એરપોર્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. પનવેલ અને તેની આસપાસના વિસ્તારમાં અનેક પ્રકલ્પો નિર્માણ થવાને લીધે પનવેલથી મુંબઈ જતી લોકલ ટ્રેનોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. ગયા વર્ષના આંકડા મુજબ પનવેલ સ્ટેશનથી રોજે ૨.૪૫ લાખ જેટલા પ્રવાસીઓ પ્રવાસ કરતાં હતા. આ આંકડા ૨૦૨૪માં વધીને અઢી લાખ કરતાં વધુ થઈ ગયા છે જેથી ૧૭ હજાર જેટલા પ્રવાસીઓ વધ્યા હોવાનું સામે આવ્યું છે. પનવેલ સાથે એરોલી, માનખુર્દ, સીબીડી બેલાપુર, વડાલા રોડ અને ગોવંડી જેવા સ્ટેશન પરથી રોજે એક લાખ કરતાં પ્રવાસીઓ મુસાફરી કરે છે.

આ રેલવે લાઇનમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે પણ ટ્રેનની સેવામાં વધારો ન કરવામાં આવતા પ્રવાસીઓએ નારાજગી વ્યક્ત કરી છે. હાર્બર લાઇનમાં માત્ર બે ટ્રેક હોવાને લીધે ફાસ્ટ લોકલની સેવા દોડાવવામાં આવતી નથી, તેમ જ માર્ગમાં એસી ટ્રેનનું પરીક્ષણ કરવાં આવ્યું હતું પણ પ્રવાસીઓના અલ્પ પ્રતિસાદને લીધે એસી ટ્રેન રદ કરવામાં આવી હતી.

## દસમા પાનાનું ચાલુ

### મુંબઈ-નાશિક

નાખવામાં આવી રહ્યા છે. તેથી, થાણે પોલીસે સાકેત પૂલ વિસ્તારમાં નાસિકથી મુંબઈ તરફના માર્ગ પર ટ્રાફિક ફેરફારો લાગુ કર્યા છે.

નાસિક, ભિવંડીથી થાણે, મુંબઈ તરફ જતા તમામ પ્રકારના વાહનોને ખારેગાંવ ટોલ પ્લાઝા પાસે પ્રવેશબંદી રહેશે. અહીંના વાહનો ટોલ પ્લાઝાથી ગેમન રોડ, રેતીબંદર થઈને લેફ્ટ  ટર્ન લેશે. ઉરણ જેએનપીટીથી મુંબ્રા બાયપાસ, મુંબઈ નાસિક હાઈવે થઈને ઘોડબંદર, ગુજરાત તરફ જતા તમામ વાહનોને ગેમન રોડ પાસે પ્રવેશબંદી રહેશે. અહીંના વાહનો ખારેગાંવ ટોલ રોડ પરથી માનકોલી નાકા, વસઈ થઈને લેફ્ટ ટર્ન લેશે. આ ટ્રાફિક ફેરફારો આજે રાતે ૧૧.૫૯ વાગ્યાથી ૧૯મી એપ્રિલના રોજ સવારે ચાર વાગ્યા સુધી અમલમાં રહેશે.

### વડા પ્રધાન મોદી

નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવા માટે એક-એક મત મહત્ત્વનો છે. ધનુષ્ય-બાણ પર બટન દબાવીને રાજુ પારવેને વિજયી બનાવજો.

તેમણે એમ પણ કહ્યું હતું કે મોદીજી માટે નેશન ફર્સ્ટ એજેન્ડા છે અને વિપક્ષ પાસે ઝંડો કે એજેન્ડા બેમાંથી એકેય વસ્તુ નથી. તેઓ કમિશન અને કરપ્શન ફર્સ્ટ માટે કામ કરે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દસ વર્ષમાં કરેલું કામ અને કૉંગ્રેસે ૫૦-૬૦ વર્ષમાં કરેલા કામ જનતાની સામે જ છે. મોદીજીનો જન્મ રાજનીતિ માટે નહીં રાષ્ટ્રનીતિ માટે થયો છે. તેમણે પોતાનું જીવન દેશ માટે સમર્પિત કરી દીધું છે, એમ પણ તેમણે કહ્યું હતું.

### શહીદની પત્નીને

માટે પાત્ર હોવાથી સૂદનો પરિવાર લાભાર્થી ન હોઈ શકે એવી દલીલ સરકાર દ્વારા કરવામાં આવી હતી. જોકે, ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ ફિરદોશ પુનિવાલાની ખંડપીઠે સુદના કેસને સપ્સેશિયાળ કેસ ગણી લાભ આપવા જણાવ્યું હતું. સરકારે એક કરોડ રૂપિયા (૬૦ લાખ રૂપિયા આકૃતિ સૂદ અને ૪૦ લાખ રૂપિયા અનુજ સૂદના પિતાશ્રીને) તેમજ આકૃતિને દર મહિને ૯,૦૦૦ રૂપિયા આપવાનું નક્કી કર્યું છે. ખંડપીઠે સરકારના નિર્ણયનું સ્વાગત કર્યું હતું.

### બોગસ પત્રમાં

છે, એમ ફરિયાદમાં જણાવાયું છે. આ રીતે ખોટી માહિતી ફેલાવવાનું રોકવા અને ચૂંટણી પ્રક્રિયાની અખંડતા જાળવી રાખવા માટે ગુનાખોરોને ઓળખીને પકડી પાડવા અને નક્કર પગલાં લેવાની માગણી કરાઇ છે. મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ અંગે તપાસ ચાલી રહી છે.

દરમિયાન ફરિયાદીએ જણાવ્યું હતું કે નિકમ પાલઘર જિલ્લા પરિષદના પ્રમુખ છે અને એકનાથ શિંદે જૂથના નેતા છે. પાલઘર બેઠક પર ભાજપે દાવો કર્યો છે અને સમજૂતી અનુસાર ભાજપને જ મળવાની છે. આવા સંજોગોમાં આવો પત્ર વાયરલ કરાતાં બંને પક્ષના નેતાઓ, કાર્યકરોમાં મૂંઝવણ પેદા થઇ છે. બીજી તરફ નિકમે કહ્યું હતું કે આ પત્ર વિશે જાણ થતાં જ જિલ્લા ભાજપના પાલક પ્રધાનને જાણ કરાઇ હતી. કોઇક મને બદનામ કરવા માગે છે.

### વંચિત બહુજન

આંબેડકરના પૌત્ર છે. એઆઇએમઆઇએમ પુણેથી લોકસભાની ચૂંટણીમાં ઉતરશે અને તે માટે અનિસ સુંડકેને ઉમેદવારી જાહેર કરી છે.

ઓવૈસીએ મરાઠા આરક્ષણ કાર્યકર મનોજ જરાંગે પાટીલના પણ વખાણ કર્યા હતા. ઓવૈસીએ કહ્યું હતું કે એક દુબળા-પાતળા બાંધાવાળા વ્યક્તિએ રાજ્ય સરકારને હલાવી મૂકી હતી. મને આશા હતી કે જરાંગે પાટીલ એક રાજકીય પાર્ટી બનાવીને ચૂંટણી લડશે અને તે જીત્યા બાદ ન્યાય આપશે.

### મોદી લહેરના

એમ જણાવ્યું હતું, જેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર ભાજપના ઉમેદવાર નવનીત રાણાના ભાષણનો વીડિયો વાઇરલ થઈ રહ્યો છે. 'આપણે આ ચૂંટણી એવી રીતે લડવી પડશે જાણે ગ્રામ-પંચાયતની ચૂંટણી હોય. અમારે બપોરના ૧૨ વાગ્યા સુધીમાં તમામ મતદારોને બૂથ પર લાવીને મતદાન કરવા માટે આવાહન કરવું પડશે. જોકે, એવા ભ્રમમાં રહેશો નહીં કે મોદીની લહેર છે. ૨૦૧૯માં મોદી લહેર હતી. તેમની પાસે તમામ સાધનો હતા તેમ છતાં હું એક અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણીમાં જીતીને આવી હતી, એવું નવનીત રાણાએ જણાવ્યું હતું.

નવનીત રાણાનો આ વીડિયો વાઇરલ થયા બાદ તેમણે કહ્યું હતું કે 'વિપક્ષ મારા ભાષણથી ખોટી સ્ટોરી બનાવી રહી છે. લોકો વડા પ્રધાન મોદીએ કરેલા કામને જાણે છે. મોદીની લહેર હતી, છે અને મોદીની લહેર રહેશે. અમે મોદીના કામો અને વચનોને મતદારો સમક્ષ લાવીને વોટ માગીએ છીએ. આ ચૂંટણીમાં ચારસોનો લક્ષ્યાંક ભાજપ હાંસલ કરશે, એવી સ્પષ્ટતા નવનીત રાણાએ કરી હતી. બીજી બાજુ શરદ પવાર જૂથના પ્રવકતા મહેશ તાપસેએ નવનીત રાણા પર ટીકા કરતાં કહ્યું હતું કે રાણા સાચું બોલી રહ્યા છે. આ કારણસર ભાજપ અન્ય પક્ષોના નેતાઓને પોતાના પક્ષમાં સામેલ કરી રહ્યા છે. તેઓ અને ભાજપના અન્ય ઉમેદવારો પ્રચાર કર્યા પછી આ વાત જાણી ગયા હશે.

### બહેનને નહીં પણ

અને વકીલોની સભાને સંબોધતા અજિત પવારે કહ્યું હતું કે બારામતીમાં ૧૦ વર્ષમાં એક યોજના થઈ નથી, કારણ કે અહીંનાં સાંસદ વડા પ્રધાન મોદીની સતત ટિપ્પણી કરતા રહે તો યોજના કઈ રીતે આવશે.

હું સરકારમાં જોડાયો છું તો ફક્ત કામ કરવા માટે પણ બાકી હું સત્તાની લાલચ નથી. હું છ વખત નાયબ મુખ્ય પ્રધાન રહી ચૂક્યો છું અને મને નથી લાગતું કે મારો કોઈ રેકોર્ડ પણ તોડ્યો હશે પણ બીજી એક વાત પણ સાચી છે કે આટલી વખત નાયબ મુખ્ય પ્રધાન બનવા માટે પણ ચૂંટણી જીતવાનું પણ જરૂરી છે.

છેલ્લા ૧૦ વર્ષથી હું બારામતીમાં સીટિંગ સાંસદ માટે (સુપ્રિયા સુળે) માટે મત માગતો હતો, પરંતુ હવે મારી પત્ની માટે મત માગું છું. મેં એ પણ જોયું છે કે દસ વર્ષમાં કેન્દ્રની કોઈ મોટી યોજના આવી નથી, કારણ કે અહીં બેઠા બેઠા તમે વડા પ્રધાનની ટીકા કરતા રહેશો તો પછી કઈ કેન્દ્રની યોજના તમારા મતવિસ્તારમાં આવશે નહીં.

### એકનાથ ખડસેને

કહ્યું હતું કે રાજ્યના પૂર્વ પ્રધાન એકનાથ ખડસેને કરવામાં આવેલા ધમકીના ફોન અંગે કોઈ પણ માહિતી સામે આવી નથી, તેમ જ ફોન ક્યાંથી કરવામાં આવેલા છે તે પણ સામે આવ્યું નથી. આ ફોનમાં આરોપીઓએ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમ અને છોટા શકીલના નામનો ઉપયોગ કર્યો હતો.

## હિન્દુ મરણ

**ઇડર ઔદિચ્ય ૨૭ જ્ઞાતિ બ્રાહ્મણ**

શ્રી ભરતકુમાર ભટ્ટ (ઉં.વ. ૮૩) (ગામ મેસણ) હાલ નાલાસોપારા સ્વ. મોતીલાલ ભવાનીશંકર તથા સ્વ. ડાહીબેનના પુત્ર. સ્વ. હંસાબેનના પતિ. સ્વ. બંસીભાઈ, નિરૂપમાબેહન, ગીતાબહેનના ભાઈ. વિમલાબેનના દિયર. મિલિન્દ, મિતાલી તથા સ્વ. પિનલના પિતા. ઋષભના દાદા, તા. ૧૬/૪/૨૪ને મંગળવારના દેવલોક પામેલ છે. સાદડી પ્રથા બંધ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

સુધાબેન નાનુભાઈ દેસાઈ (બાલી) ઉર્ફે શાંતાબેન રતિલાલ પટેલ (ઉં.વ. ૧૦૦), (ગામ રેંટલાવ, પારડી, ઉદવાડા), હાલ વિલેપાર્લે તે સ્વ. અંબાલાલ મોતીભાઈ પટેલ તથા સ્વ. લક્ષ્મીબેન પટેલના દિકરી. સ્વ. ભરતકુમાર રતિલાલ પટેલના માતુશ્રી. નિર્મલાબેનના સાસુ. ઉદય, અવની વિપુલ શાહ, પ્રીતિ ઉત્પલ તલાટીના દાદી. સેજલના વડસાસુ. નિશી, સાહિલ, ઉર્વી તથા રોહનના વડદાદી, તા. ૧૫-૪-૨૪ સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**પરજીયા સોની**

લાઠીવાળા હાલ મલાડ ગં.સ્વ. શારદાબેન યાદવ (જગડા) (ઉં.વ. ૭૬) તે ગારિધારવાળા સ્વ. રૂગનાથભાઈ દેવરાજભાઇ ઢાકાના દીકરી. સ્વ. ધનજીભાઈ રામજીભાઈ યાદવ (જગડા)ના ધર્મપત્ની. હિતેશ, સ્વ. પલ્કેશ, ગં.સ્વ. અલકા દિનેશકુમાર સાગર, મીના લલિતકુમાર સાગર, છાયા અલ્કેશકુમાર ધકાણના માતુશ્રી. આરતીના સાસુ. સ્નેહા, ખુશ, નિકુંજ, ભાવિન, ભક્તિ, આકાશ, ડિમ્પલ, દર્શન, કશિશના બા. તે ૧૫/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી ૧૮/૪/૨૪ ગુરૂવાર ૫ થી ૬. સોનીવાડી, શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી સ્વ. તુલસીદાસ ચુનીલાલ સંઘવીના ધર્મપત્ની ગં. સ્વ. દિન્તાબેન (ઉં.વ. ૮૬) તે ૧૫/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સંજય-શીલા, હમીશ-જીગીષા, આરતી જયેશ મહેતા, દક્ષા મુકેશ દેસાઇના માતુશ્રી. પિયરપક્ષે સથરાવાળા સ્વ. મોતીબા ખુશાલદાસ જાંગલાના દીકરી. વિવેક-સપના, હાર્દિક-નિર્વીશા, સૌમિલ તથા બંસરીના દાદી. મેહુલ -રીતુ, કુણાલ -રાધિકા, સલોની, મિહિરના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

સ્વ. ચંદુલાલ હરજીવનદાસ ભુપતાણી (બગસરાવાળા)ના ધર્મપત્ની ગં.સ્વ. કનકલતાબેન ભુપતાણી (ઉં.વ. ૯૨) તે તા. ૧૪-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. કુમાર, હર્ષ, તુષાર, ભાવના ધીરેનકુમાર આંણદપરાના માતૃશ્રી. તે સ્વ. નરેંદ્રભાઈ, હસમુખભાઈ, નવિનભાઈ વનમાળીદાસ, જીતુભાઈ હિમ્મતભાઈ, કિરિટભાઈ મુળચંદભાઈના ભાઈના પત્ની. સ્વ. દક્ષાબેન માંડવિયા, વર્ષાબેન પારેખ, દિવ્યાબેન સાંગાણી, જ્યોતસનાબેન ઘોળકિયાના ભાભી. સ્વ. કાંતિભાઈ, સ્વ. કેશવભાઈ, સ્વ. રમણીકભાઈ, સ્વ. હસમુખભાઈ, કિશનભાઈ જેચંદભાઈ, સ્વ. કાંતાબેન ધ્રુવ, મંજુલાબેનના બેન. પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૪ના ગુરૂવારે ૫ થી ૭. શ્રી લોહાણા મહાજનવાડી, પહેલા માળે, એસ.વ્હી રોડ, કાંદિવલી (૫).

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

બાબરાવાળા હાલ વિદ્યાવિહાર, અ.સૌ. કુંદનબેન (ઉં.વ. ૭૬) તે પ્રવીણભાઈ રામજી આશરાના ધર્મપત્ની. સ્વ. પ્રાણલાલ દયાલજી છાટબારના દીકરી. સ્વ. નર્મદાબેન પડિયા, સ્વ. ઝવેરચંદ, સ્વ. નટવરલાલ, સ્વ. મહેન્દ્રભાઈના ભાઈના પત્ની. ચંપકલાલ, દિનકરરાય, કિશોરભાઈ, મનસુખભાઇ નિર્મળના ભાણેજ. શૈલેષભાઇ, અજય તથા પરેશના કાકી. ૧૬/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ ભાડલાવાળા હાલ મલાડ સ્વ. જબુબેન બચુભાઈ પરસોત્તમભાઈ ડેડીયાના પુત્ર સ્વ. ચન્દ્રકાંતભાઈ (ઉં.વ. ૭૪) તા. ૧૩/૪/૨૪ને શનિવારે શ્રીચરણ પામેલ છે. તે જ્યોત્સનાબેનના પતિ. શૈલેષ, નિકિતા અભયકુમાર પટેલના પિતાશ્રી. સ્વાતિના સસરા. સ્વ. જેઠાભાઈ, સ્વ. રતિભાઈ, સ્વ. સુરેશભાઈ, મુકેશભાઈના ભાઈ. ગામ સાવરકુંડલાવાળા સ્વ. ફુલચંદભાઈ ધનજીભાઈ ચૌહાણના જમાઈ. સાદડી તા. ૧૮/૪/૨૪ને ગુરુવારે ૫ થી ૭. સ્થળઃ લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ નં.૩, અંબાજી મંદિરની પાસે, બોરીવલી ઈસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

છાડવાવદર નિવાસી હાલ વસઈ, સ્વ. ભાઈચંદ ગુલાબચંદ માલવિયાના ધર્મપત્ની હંસાબેન (ઉં. વ. ૭૮) ૧૬-૪-૨૪ને મંગળવારે શ્રીજીશરણ પામેલ છે. તે ધર્મેશ, સોનલ નરેન્દ્ર માધાણી, દિપાલી રાહૂલ યાદવના માતા તથા રૂપાના સાસુ. તે છોટાલાલ, હરગોવિંદભાઈ, સ્વ. જશવંતભાઈ, ચંદ્રેશભાઈ, ગં.સ્વ. નિર્મળાબેન પ્રભુદાસ વજીર, સ્વ. મધુબેન રમણીકલાલ વખારિયાના ભાભી. તે સ્વ. તલકચંદ નાથાલાલ વેકરીયાના દીકરી. તે સ્વ. દિનેશભાઈ, સુરેશભાઈ, અરવિંદભાઈ તથા જ્યોત્સનાબેન અનંતરાય દેસાઈ, ગીતાબેન અજયકુમાર ગોરસિયાના બેન. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

ઘાટકોપર (મુંબઈ) નિવાસી ગં.સ્વ. લીલાવતીબેન ભૂપતરાય ગણાત્રા (ઉં. વ. ૯૮) ૧૬-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મોહનલાલ કેશવજી સૂચક (કલ્યાણ)ના પુત્રી. તે દિનેશભાઈ, ચન્દ્રકાંતભાઈ, કિશોરભાઈ, દિપકભાઈ, અરૂણાબેન જયંતીલાલ કરિયા, દર્શનાબેન દિલીપભાઈ સોમૈયાના માતુશ્રી. ભારતીબેન, મધુબેન, સ્વ. કીર્તિબેન, જ્યોતિબેનના સાસુ. તેમની પ્રાર્થનાસભા ૧૯-૪-૨૪ના શુક્રવારે ૪થી ૫.૩૦ શ્રી મહારાજા અગ્રેશન ભવન, ૩જો માળ, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટ.

**હાલાર મચ્છુકાંઠા**

ભાવસાર છગનલાલ નારણદાસ સરવૈયા (ઉં. વ. ૮૮) મંગળવાર, ૧૬-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મધુકાંતા સરવૈયાના પતિ. ગં.સ્વ. અશ્વિનાબેન પ્રવીણભાઈ ગુંદીગરા તથા બીપીનભાઈ, દિનેશભાઈ અને અનિલભાઈના પિતાશ્રી. સ્વ. વિનોદભાઈ, પ્રવીણભાઈ, પ્રમોદભાઈ, શ્રીમતી મંજુબેન ડાહ્યાલાલ સોલંકીના ભાઈ. હિતેશ પ્રવિણભાઈ ગુંદીગરાના નાના. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૮-૪-૨૪ના ૫થી ૭, શ્રી હાલાઈ લુહાણા મહાજન વાડી, બીજે માળે, એસ.વી. રોડ, શંકર મંદિરની પાસે, કાંદીવલી (વેસ્ટ).

**ગૌડ મેડતવાળ બ્રાહ્મણ**

સ્વ. પ્રવિણાબેન મહેન્દ્રભાઈ જોષી, તે દિલીપભાઈ જોષી (વિરાર), મનોજભાઈ જોષી (રાજકોટ) તથા સંગીતાબેન બંદિશકુમાર જાનીના માતૃશ્રીનું તા. ૧૪-૪-૨૪ને રવિવારે અવસાન થયેલ છે. બેસણું તા. ૧૮-૪-૨૪ ને ગુરૂવાર તેમના નિવાળસ્થાને ગૌરીશંકર એપાર્ટમેન્ટ, કોપરીનાકા, વિરાર (ઇ) ૪ થી ૬.

**હાલાઈ લોહાણા**

દ્વારકા નિવાસી, હાલ ડોમ્બિવલી રજનીકાંત ત્રિભોવનદાસ કાનાણી (ઉં.વ. ૭૮) સોમવાર, તા. ૧૫-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. સરલાબેનના પતિ. ગં.સ્વ. ભાઈલાલ તુલસીદાસ વિઠ્ઠલાણીના જમાઈ. યોગીતા અને મનોજના પિતાશ્રી. દીપકભાઈ ચંદે, ભાવનાબેન કાનાણીના સસરા. મનનના દાદા અને પ્રતિકના નાના. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા, હાલ મલાડ ભૂપતરાય અમીદાસ મહેતાના ધર્મપત્ની અ.સૌ. ઉષાબેન (ઉં.વ. ૮૩) બુધવાર, ૧૭-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે મનીષ, મયૂર, ઝરણાના માતુશ્રી. નીતા મહેતા, કેતન સંઘવીના સાસુ. આકાશ, દિશાના દાદી. દૃષ્ટિ, વૃષભના નાની. ભવાનીદાસ કરશનદાસ વોરાની દીકરી. રસિલાબેન, સ્વ. નલીનીબેન, પન્નાબેન, શૈલાના ભાભી. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

## જૈન મરણ

ટિંટોઇના અમૃતલાલ ભોગીલાલ વોરા અને લીલાબેનના સુપુત્ર રોહિત ભાઈ (રતલામ, હાલ નાસિક નિવાસી) (ઉં.વ. ૭૦) તા. ૧૬/૪/૨૪ મંગળવારના નાસિક મુકામે અરિહંતશરણ પામ્યા છે. તે આશાબેનના પતિ. હિરલ, જલ્પા અને અંકિતના પિતા. વિરલભાઈ, દીપનભાઈ અને સેજલબેનના સસરા. દેવિકાબેન, સ્વ. નીતિનભાઈના ભાઈ. અર્હમ, રિયા, ધ્વની, ધ્રુવ, પર્વ, કવિશના દાદા-નાના. લૌકિક વ્યવહાર બંધ છે. સુપ્રભાત એપાર્ટમેન્ટ, રાકા કેલોની, નાસિક.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડા (રોહા)ના નાનજી ધનજી વીછીવોરા (ઉં.વ. ૬૯) તા. ૧૬/૪ના અવસાન પામેલ છે. ગોરબાઈ ધનજીના પુત્ર. જયાના પતિ. ધવલ, પ્રતિક, મિત્તલના પિતા. માવજી, કસ્તુર, નવલ, તારા, મંજુલાના ભાઈ. ગોરબાઈ માણેકલાલના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નાનજી ધનજી : ૨૦૨, મહાવીરધામ, દેવી દયાલ રોડ, મુલુંડ-વે.

પત્રીના માતુશ્રી શાંતાબેન ભીમચંદ ભેદા (ઉં.વ. ૮૪) તા. ૧૬-૪-૨૪ના અવસાન પામ્યા છે. માતુશ્રી કેશરબેન મેઘજીના પુત્રવધૂ. ભીમચંદભાઈના પત્ની. સરોજ, કીર્તિ, બીના, ડો. સચીનના માતુશ્રી. પ્રાગપરના ભચીબાઈ હીરજી દેઢિયાના પુત્રી. લાખાપરના સુંદરબેન ડુંગરશી, સાડાઉના તેજબાઈ વીરજી, સાકરબેન મગનલાલ, કપાયાના મોંઘીબેન કુંવરજી, જીવીબેન ગાંગજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સચીન ભીમચંદ ભેદા, સી-૩૯/એસ-૧૧, કુમકુમ સોસાયટી, સે. ૧૪, એમ. જી. કોમ્પલેક્ષ, વાશી, નવી મુંબઈ-૪૦૦૭૦૫.

દુર્ગાપુર (નવાવાસ)ના ખુશાલચંદ ટોકરશી ગંગર (ઉં.વ. ૭૬) તા. ૧૬-૪ના અવસાન પામેલ છે. સ્વ. લક્ષ્મીબેન ટોકરશી (કાકુ પુજારી)ના પુત્ર. જવેરબેનના પતિ. ભાવેશ, પિયુષ, દિપેશના પિતા. સ્વ. હીરબાઇ, સ્વ. પોપટ, વિમળા, હેમલતા, સ્વ. ભારતી, મહેન્દ્ર, કિરણ, મણીલાલ હંસરાજના ભાઇ. ઉનડોઠ દેવકાબેન ગાંગજી ભાણજી નાગડાના જમાઇ. પ્રા. જીવરાજ ભાણજી હોલ, અશોકનગર, મુલુંડ (વે). ટા. ૩ થી ૪.૩૦. નિ. ભાવેશ ગંગર, ૧૮૦૪, ડીલાઇટ, સીટી ઓફ જોય, મુલુંડ (વે).

લાયજાના ગોવિંદજી દેવશી પાસુ સંગોઇ (ઉં.વ. ૭૯) તા. ૧૬-૪-૨૪ના અરિહંત શરણ થયેલ છે. માતુશ્રી મઢાબાઇ દેવશી પાસુ સંગોઇના સુપુત્ર. પ્રભાબેનના પતિ. મહેશ, સચીન, દક્ષાના પિતાશ્રી. મણીલાલ, મહેન્દ્રના ભાઇ. રાયણના ઉમરબાઇ નેણશી લાલજી ગડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : મહેશ સંગોઇ, ૧૨૦૧, દોસ્તી લોટસ, એન્ટોપ હીલ, વડાલા (પૂર્વ).

કોડાયના હસમુખ ચુનીલાલ સાવલા (ઉં.વ. ૬૬) તા. ૧૬-૪ના અવસાન પામેલ છે. મણીબેન ચુનીલાલના પુત્ર. ચંદનના પતિ. વિરલ, સોહીલના પિતા. વસંત, સ્વ. ભરતના ભાઇ. ના. તુંબડી સુંદરબેન લખમશી બૌઆના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચંદન સાવલા, ફ્લેટ નં. ૨૦૧, વિજયા હેરીટેજ, ૧૧મો રોડ, ૫૪૯/બી, ચેમ્બુર-૭૧.

ભીંસરાના હંસાબેન મણીલાલ સંગોઈ (ઉં.વ. ૬૬) તા. ૧૬-૪-૨૪ના અવસાન પામેલ છે. નીરવના માતા. ટોડાના ધનબાઇ જેઠાલાલના સુપુત્રી. વનિતા મણીલાલ, હેમલતા જયંતીલાલ, વાસંતી ધીરજ, નીના રસિક, લાજવંતી નરેન્દ્ર, ચારૂલતા કિશોર, ઇલા યોગેશ, લાખાપુરના ધનલક્ષ્મી કીર્તિ, દેશલપુરના બીના કિશોરના બેન. પ્રા. આયંબીલ ભવન, ૧લે માળે, જૈન મંદિર રોડ, વિરાર (વે). ટા. ૪ થી ૫.૩૦ (ફક્ત વિરારવાસીઓ માટે). નિ. શ્રી મણીલાલ સંગોઇ, ૬૦૪/૬૦૫, ૬ માળે, કિંગસ્ટોન ટાવર, વિરાર (વે).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

શિહોર નિવાસી હાલ બોરીવલી સ્વ. જેચંદ ભગવાનદાસના પુત્ર મુકુંદરાય શાહ (ઉં.વ. ૯૧) ૧૫/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઇન્દુબેનના પતિ. નીતા નયનકુમાર દોશી, રશ્મિ મહેશકુમાર દોશી, પરેશ તથા હિતેશના પિતા. સ્વ. વૃજલાલભાઈ, સ્વ. પ્રભાબેન, હસુમતીબેન, કળાબેનના ભાઈ. સ્વ. વિઠ્ઠલદાસ ભગવાનદાસ શાહ ભદ્રાવળ વાળાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિજાપુર સત્તાવીશ વિશા શ્રીમાળી જૈન**

માણસા નિવાસી હાલ બોરીવલી કુમુદચંદ્ર મફતલાલ શાહ (ઉં.વ. ૮૬) તે કાંતાબેનના પતિ. પરેશ, અલકાના પિતા. સંજયકુમાર તથા કાશ્મીરાના સસરા. ભાનુબેન, ઉર્મિલાબેન, દિલીપભાઈ, સરોજબેનના ભાઈ. સંકેત, ઈશા, અર્પિત, હેમલના દાદા. ૧૫/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઉમરાળા નિવાસી હાલ કાંદીવલી, પ્રવીણભાઈ દીપચંદ દોશીના ધર્મપત્ની શ્રીમતી ભારતીબેન (ઉં. વ. ૬૮) ૧૬-૪-૨૪, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. દીપ્તિ, ભક્તિ અને નીરવના માતુશ્રી. યાશિકા, પરિમલ અને યશના સાસુ. શાંતિભાઈના ભાઈના પત્ની. પિયર પક્ષે ચોગઠવાળા પરમાનંદદાસ ઝવેરચંદ શાહના દીકરી. તેમની સાદડી ૧૮-૪-૨૪ને ગુરુવાર ૪થી ૮ નીચેના સ્થળે રાખેલ છે. સ્થળઃ દામોદર વાડી, અશોકનગર, કાંદીવલી ઈસ્ટ.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ગામ કિલ્લા પારડી (હાલ બોરીવલી) તે સ્વ. તારાબેન રસીકલાલ શાહના સુપુત્ર પ્રકાશભાઈ (શેખરભાઈ) (ઉં. વ. ૭૭) ૧૫-૪-૨૪ને સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે પૂર્વીબેનના પતિ. ક્ષિતિજ-ભાવિકા, સંકેત-અમીના પિતાશ્રી. ધ્વની, તીર્થ, નવ્ય, કાવ્યાના દાદા. તથા દિપકભાઈ-પ્રતિમાભાભી, જ્યોતિબેન-મહેશકુમાર, રીટાબેન વિનેશકુમાર, સૌરભભાઈ-ગીતાબેન, હિનાબેન, અલકાબેનના ભાઈ. તે રાધનપુર નિવાસી કંચનબેન જયંતિલાલ દોશીના જમાઈની પિતૃવંદના શુક્રવાર, ૧૯-૪-૨૪ના ૧૦થી ૧૨ લોટસ બેન્કવેટ હોલ, ૪થે માળે, રઘુલીલા મોલ, પોયસર ડેપો પાસે, કાંદીવલી વેસ્ટ.

**ક. દ. ઓ. જૈન**

શ્રી ભરત ડ્રઘા (ઉં.વ. ૭૧), ગામ વરાડીયા હાલ મુલુંડ તા. ૧૫-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. મા. ચંપાબાઈ હંસરાજ પરબત ડ્રઘાના પુત્ર. શીલાબેનના પતિ. મા. બાયાબાઈ મેઘજી માણેકજી કુરુવા (ગોધરા)ના જમાઈ. સૌ. ભૈરવી હેમંત, સૌ. જૈના દીગંત તથા સૌ. દેવાંશી ખંભતનાના સસરાજી. દમયંતીબેન અમૃતલાલ ધબુવાલા, સ્વ. મહેન્દ્ર, કિરીટ, હિરાલાલ, સ્વ. ચેતનાબેન દેવશી વાલજી લોડાયા (સુથરી) તથા સ્વ. રજનીબેનના ભાઈ. કશિશ, કિયાન, જીઆરા, માયરાના દાદાજી. જાપ તા. ૨૦-૪-૨૪ શનિવાર ૩ થી ૫. સ્થળ : શ્રી જીવરાજ ભાણજી હૉલ, અશોક નગર, મેહુલ સિનેમા પાસે, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી, ધનબાદ-હાલ પાર્લા નિવાસી સ્વ. દિપચંદ જગજીવન મહેતા તથા સમરતબેનના પુત્ર રમેશભાઈ (ઉં.વ. ૮૧), તા. ૧૭-૪-૨૪ને અરિહંતશરણ પામેલ છે. હંસાબેનના પતિ. સ્વ. દયાબેન હિંમતલાલ, સ્વ. બળવંતભાઈ, સ્વ. હંસાબેન કિશોરભાઈના ભાઈ. સૌ. કવિતાબેન સુશીલભાઈ, બ્રિજેશ, ચંદ્રેશના પિતાશ્રી. સૌ. નેહલબેન, સૌ. દેહાબેનના સસરા. શ્વસુરપક્ષે દ્વામનગર નિવાદી સ્વ. છોટાલાલ લલ્લુભાઈ અજમેરા તથા સ્વ. પ્રેમકુંવરબેનના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૯-૪-૨૪ શુક્રવારે ૫ થી ૭, સ્થળઃ જલારામ હોલ, એન.એસ. રોડ, ૬ હાટકેશ સોસાયટી, જે.વી.પી.ડી. સ્કીમ, વિલે પાર્લે વેસ્ટ.

**દશાશ્રી દેરાવાશી જૈન**

સુદાન નિવાસી (હાલ-મુંબઈ) સ્વ. મનહરલાલ દડિયાના પત્ની ચંદ્રકલાબેન દડિયા (ઉં.વ. ૮૬) તથા અ.સૌ. શિલ્પા જયેશ દોશીના માતુશ્રી તથા ખ્યાતિ વિવેક વોરા અને ઋષભ જયેશ દોશીના નાની. તા. ૧૭-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ કકરવાના સ્વ. રાજીબેન કારીઆ (ઉં.વ. ૭૩) મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. વેલજી કારીઆના ધર્મપત્ની. સ્વ. કામલબેન કાનજી કરમણના પુત્રવધૂ. અશોક, કલ્પેશ, જયા, વૈશાલીના, માતુશ્રી. પુષ્પા, દિપ્તી, રમેશ, હસમુખના સાસુ. ખુશહિત, આગમના દાદી. સ્વ. મોંઘીબેન ભચુ મેઘજી નંદુની દીકરી. પ્રાર્થના સભા રાખેલ છે. પ્રાર્થના તા. ૧૮-૪-૨૪, ગુરુવારના સ્થળ કરશન લધુ હોલ, ટા. ૪થી ૫.૩૦.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ રવના માતુશ્રી સ્વ. રતનશી કારીઆ (ઉં.વ. ૮૨) અવસાન પામેલ છે. તે માતુશ્રી રામુબેન ભુરાલાલ કારીઆના સુપુત્ર. સ્વ. ધનીબેનના પતિ. કાંતિલાલના પિતાશ્રી. મીનાના સસરા. સ્વ. કુંવરજી, રાયશી, સ્વ. સોનાબેન, જેતીબેન, ગં.સ્વ. કેશરબેનના ભાઈ. ગં.સ્વ. શાંતિબેનના દિયર. ભાનુબેનના જેઠ. સ્વ. મીઠીબેન રતનશી ગાલાના જમાઈ. પ્રાર્થનાઃ યોગી સભાગૃહ, દાદર, ટા. ૩.૩૦થી ૫.૦૦.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મઢડા નિવાસી, હાલ સાંતાક્રુઝ ચંદ્રકાંત ભગવાનદાસ શાહના ધર્મપત્ની હંસાબેન (ઉં.વ. ૯૩) તે અશીત, રાજેન, કિન્નરી, જૈતાના માતોશ્રી. અમીતા, રૂપલ, રોહિતભાઈ, ઉદયભાઈના સાસુ. સવિતાબેન મનસુખલાલ પારેખના દીકરી. વિનોદભાઈ, જીતુભાઈ, કુમારપાળભાઈ, પુષ્પાબેન, નલિનીબેન, કનકબેન, મૃદુલાબેન, કલ્પનાબેનના બેન. અનિષા, હિરલ, તન્વી, કૃતિકા, સ્નેહા, હેતાલી, પાર્શ્વ, પાર્થના દાદી. મંગળવાર, તા. ૧૬-૪-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

## પારસી મરણ

નેનસી રૂમી, (રૂસી) મેહતા તે રૂમી (રૂસી) એરચશાહ મેહતાના ધણીયાની. તે મરહુમો નરગીશ તથા ફીરોઝ બધનીના દીકરી. તે પરીનાઝ બરજીશ કરકરિયાના મમ્મી. તે બરજીશ મીનોચેર કરકરિયાના સાસુજી. તે ફરઝાના મેહેરનોશ મેહતાના દેરાની. તે ફરખોન દાલી અસ્પી કાવારાનાના જેઠાણી. (ઉં.વ. ૭૮) રે.ઠેઃ બી-૮, શાપુર બાગ, ૨જે માળ, વિઠલભાઈ પટેલ રોડ, સાઈધામ મંદિરની સામે, ગ્રેન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# ‘શાહરુખ સર સે મિલવાઓ, યાર’ એવું યશસ્વી બોલ્યો અને સપનું થયું સાકાર

કોલકાતાઃ ક્રિકેટ સહિતની રમતોના સ્ટાર્સ અને મનોરંજનની દુનિયાના સિતારાઓ સૌથી મોટા સેલિબ્રિટી તરીકે ઓળખાય છે. સામાન્ય જનતામાંથી જો કોઈ વ્યક્તિ કોઈ ફેમસ ક્રિકેટરને કે ઍક્ટર-ઍક્ટ્રેસને મળવા માગે તો તેણે લોઢાના ચણા ચાવવા પડે છે અને મોટા ભાગે એમાં તેમને સફળતા મળતી જ નથી હોતી, કારણકે આજકાલ તો સિક્યૉરિટીનો જમાનો છે અને આ સેલિબ્રિટીઝ કોઈને કોઈ કંપની કે બ્રૅન્ડ સાથે કૉન્ટ્રાક્ટેડ હોય એટલે મળવા માટે તૈયાર પણ નથી થતી.

જોકે કોઈ ફેમસ ક્રિકેટર જ્યારે કોઈ અભિનેતાને મળવા તત્પર હોય ત્યારે કેવી સ્થિતિ સર્જાય એ જાણવામાં ઘણાને રસ હશે.

મંગળવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં એવું જ બન્યું. વિજેતા ટીમ રાજસ્થાન રૉયલ્સનો ઓપનર યશસ્વી જયસ્વાલ પરાજિત ટીમ કોલકાતા નાઇટ રાઇડર્સના સહ-માલિક શાહરુખ ખાનને મળવા ખૂબ આતુર હતો. એક તો રાજસ્થાનની ટીમે હાઇએસ્ટ રન-ચેઝ (૨૨૪ રન)ના પોતાના જ રેકૉર્ડની બરાબરી કરી હતી એટલે યશસ્વી બેહદ ખુશ હતો. રાજસ્થાનને છેલ્લા બૉલ પર વિજય અપાવનાર સેન્ચુરિયન જૉસ બટલર પાછો આવી રહ્યો હતો ત્યારે શાહરુખ ખાન મેદાન પર ઉતરીને તેની પાસે ગયો અને તેની ધમાકેદાર અને યાદગાર ઇનિંગ્સ બદલ તેને ભેટી પડ્યો હતો.

ઈડન પર ઇનામ-વિતરણ સમારોહ યોજાયો હતો અને ત્યારે યશસ્વી શાહરુખને મળવા તલપાપડ હતો. તેણે સાથીઓને વિનંતી પણ કરી હતી કે




‘પ્લીઝ, એવું કંઈક કરો કે હું શાહરુખ સરને જઈને મળી શકું.’

‘શાહરુખ સર સે મિલવાઓ, યાર’ એવું બોલીને યશસ્વી સાથીઓ સાથે ઊભો હતો ત્યારે શાહરુખ ખાન નજીકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે યશસ્વી તેને જઈને મળ્યો અને પોતાનું વર્ષોનું સપનું સાકાર થયું એવું તેને કહીને તેની શુભેચ્છા મેળવી હતી. સોશિયલ મીડિયા પર રાજસ્થાનની ટીમે હૃદયસ્પર્શી પોસ્ટ શૅર કરી હતી જેમાં શાહરુખની ‘ઓમ શાંતિ ઓમ’ ફિલ્મનો ડાયલૉગ લખ્યો હતો, ‘ઇતની સિદ્ધત સે મૈંને તુમ્હે પાને કી કોશિશ કી હૈ, શાયદ હર ઝર્રે સે મુઝે તુમસે મિલાને કી સાઝિશ કી હૈ.’ રાજસ્થાનની ટીમે શાહરુખને મળવાની યશસ્વીની ઇચ્છા પૂરી થતાં બીજી પોસ્ટમાં લખ્યું, ‘બસ ઇતના સા ખ્વાબ.’

મીડિયામાં એક યુઝરે એક્સ (ટ્વિટર) પર બહુ સરસ લખ્યું હતું. તેણે લખ્યું, ‘એક સામાન્ય વ્યક્તિ જેમ સપનું જુએ છે એ યશસ્વી જયસ્વાલ પૂરું કરી રહ્યો છે.’ બીજા એક યુઝરે લખ્યું, ‘સ્મોલ ટાઉન લડકોં કે સપને પૂરે કર રહા હૈ આઇપીએલ.’

યશસ્વી જયસ્વાલ આ વખતની આઇપીએલમાં સાવ ફ્લૉપ (૨૪, ૫, ૧૦, ૦, ૨૪, ૩૯, ૧૯) છે, પણ ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સના રૅન્કિંગમાં છઠ્ઠા નંબરે અને ટેસ્ટ રૅન્કિંગ્સમાં સાતમા ક્રમે છે. ■

# અમદાવાદમાં ‘આયારામ ગયારામ’

## ટપોટપ વિકેટ પડ્યા બાદ ગુજરાત નવા લોએસ્ટ ટોટલ ૮૯ રને ઑલઆઉટ

અમદાવાદઃ ૨૦૨૨માં ગુજરાત ટાઇટન્સની ટીમે આઇપીએલમાં ડેબ્યૂ કર્યું અને એ જ વર્ષમાં વિજેતાપદ મેળવીને નવો ઇતિહાસ રચ્યો હતો. હાર્દિક પંડ્યાના સુકાનમાં ત્યારે એ ટીમે ૨૦૨૩ની સીઝનમાં રનર-અપની ટ્રોફી મેળવી હતી, પરંતુ આ વખતે શુભમન ગિલની કૅપ્ટન્સીમાં આ ટીમના વળતા પાણી છે. છમાંથી ત્રણ મૅચ જીતેલી અને ત્રણ મૅચ હારેલી ગુજરાતની ટીમે અમદાવાદમાં દિલ્હી કૅપિટલ્સ સામે તો હદ કરી નાખી. નવમા નંબરની દિલ્હી સામે ગુજરાતની ટીમ બૅટિંગ મળ્યા બાદ માત્ર ૮૯ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને એ સાથે આઇપીએલ-૨૦૨૪નો નવો નીચો ટીમ-સ્કોર નોંધાયો હતો. પહેલી એપ્રિલે વાનખેડેમાં મુંબઈ સામે રાજસ્થાનનો સ્કોર ૧૨૫/૯ હતો જે સૌથી નીચો હતો. ખુદ ગુજરાત ટાઇટન્સનો આઇપીએલના ઇતિહાસમાં આ (૮૯ રન) લોએસ્ટ સ્કોર છે. અફઘાનિસ્તાનનો ઇન્ફૉર્મ પ્લેયર રાશીદ ખાને ૨૪ બૉલમાં એક સિક્સર અને બે ફોરની મદદથી ૩૧ રન બનાવ્યા એને બાદ કરતા બીજો



કોઈ બૅટર ૧૫ રન સુધી પણ નહોતો પહોંચી શક્યો. ‘આયારામ ગયારામ’ના માહોલમાં ગુજરાતે ૧૧મા રને પ્રથમ વિકેટ ગુમાવી અને સમયાંતરે વિકેટ પડતી રહી હતી. ૩૦ રનમાં તો ચાર વિકેટ પડી ગઈ હતી જેમાંની એક વિકેટ શુભમન ગિલ અને ડેવિડ મિલર જેવા મુખ્ય બૅટરની હતી.

દિલ્હીના બોલર્સમાં મુકેશ કુમાર (૨.૩-૦-૧૪-૩) સૌથી સફળ હતો. ઇશાંત અને સ્ટબ્સે બે-બે વિકેટ તથા ખલીલ અને અક્ષરે એક-એક વિકેટ લીધી હતી. ■

# ટેબલ ટેનિસની વિશ્વ સંસ્થાએ ભારતીય લીગ પરથી લીધી પ્રેરણાઃ કમલેશ મહેતા

મુંબઈઃ ભારતના ભૂતપૂર્વ ટેબલ ટેનિસ સ્ટાર અને ગુજરાતી સમાજના ગૌરવ કમલેશ મહેતાએ ગર્વ સાથે કહ્યું છે કે ટેબલ ટેનિસની રમતમાં ભારતે એટલી બધી પ્રગતિ કરી છે કે આ મહાન રમતની વિશ્વસંસ્થા ભારતીય ટૂર્નામેન્ટ પરથી પ્રેરણા લેવા લાગી છે.

અલ્ટિમેટ ટેબલ ટેનિસ (યુટીટી) ભારતની ટોચની લીગ ટી.ટી. ટૂર્નામેન્ટ છે અને આ લીગના રચયિતા કમલેશ મહેતાએ તાજેતરમાં એક પુસ્તકના લૉન્ચિંગ પ્રસંગે કહ્યું હતું, ‘યુટીટીની એટલી બધી અસર થઈ છે કે ઇન્ટરનૅશનલ ટેબલ ટેનિસ ફેડરેશન (આઇટીટીએફ)નું સંચાલન કરતી સંસ્થા (વર્લ્ડ ગવર્નિંગ બૉડી) યુટીટી પરથી પ્રેરણા લીધી છે. આઇટીટીએફે ડિસેમ્બર, ૨૦૨૩માં ચીનમાં મિક્સ્ડ ઇવેન્ટ પ્રાયોગિક ધોરણે શરૂ કરી હતી. ભારતની યુટીટીની સફળતાને ધ્યાનમાં લઈને જ આ શરૂઆત કરાઈ હતી.

ટી. ટી.ની વિશ્વસંસ્થા આપણા કોઈ આવિષ્કારને અપનાવે તો આપણા માટે એ ગર્વ લેવા જેવી વાત કહેવાય.’ આ પુસ્તકના અનાવરણ પ્રસંગે ભારતીય ક્રિકેટ ટીમના બોલિંગ-કોચ પારસ મ્હામ્બ્રે, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર નીલેશ કુલકર્ણી તેમ જ અન્ય કેટલાક મહાનુભાવો ઉપસ્થિત હતા. ■



ભારતીય ટેબલ ટેનિસના લેજન્ડ કમલેશ મહેતા. (અમય ખરાડે)

# વર્લ્ડ કપમાં કેપ્ટન રોહિત સાથે વિરાટ ઓપનિંગમાં જોવા મળી શકે છે!

## જૂનની ટૂર્નામેન્ટ માટે સિલેક્ટર્સ કરી રહ્યા છે વિચારણા, કોહલી ઓપન કરશે તો યશસ્વીને ખતરો

નમુંબઈઃ આગામી જૂનમાં યુએસએ અને વેસ્ટ ઈન્ડિઝમાં ટી-૨૦ વર્લ્ડ કપ યોજાવાનો છે અને એ પહેલાં ભારતમાં ચાલી રહેલી ઇન્ડિયન પ્રીમિયર લીગ(આઇપીએલ) ભારતીય ખેલાડીઓ માટે મહત્ત્વની બની રહી છે. બીસીસીઆઇ ઉપરાંત અન્ય દેશોના ક્રિકેટ બોર્ડના સિલેક્ટર્સની નજર આઇપીએલમાં પોતપોતાના ખેલાડીઓના પ્રદર્શન પર ટકેલી છે. એવામાં એક અહેવાલ મુજબ આગામી ટી-૨૦ વર્લ્ડ કપ દરમિયાન ભારતીય કૅપ્ટન રોહિત શર્મા સાથે વિરાટ કોહલી ઓપનિંગ કરવા મેદાન પર ઉતરી શકે કે નહીં એ વિશે અજિત આગરકર અને તેની સમિતિના મેમ્બર્સ વિચારણા કરી રહ્યા છે.

સિલેક્ટરોની આ બેઠકમાં કેપ્ટન રોહિત, મુખ્ય કોચ રાહુલ દ્રવિડ અને મુખ્ય સિલેક્ટર આગરકર હાજર હતા.નન વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમમાં ઑલરાઉન્ડર્સ કોણ? એ વિશે પણ ઘણી ચર્ચા ચાલે છે. અહેવાલ મુજબ આગામી ૧૫-૨૦ દિવસમાં ટીમની જાહેરાત કરવામાં આવી શકે છે. ગયા વર્ષે વન-ડે વર્લ્ડ કપ પછી રોહિત, દ્રવિડ અને સિલેક્ટર્સની મુલાકાત થઈ ત્યારે કોહલીનું ટી-૨૦ ટીમમાં સ્થાન નિશ્ચિત નહોતું. પરંતુ આઇપીએલમાં વિરાટના પ્રદર્શન બાદ સ્થિતિ બદલાઈ ગઈ છે.નન



રોહિત શર્મા અને વિરાટ કોહલી, બન્નેનો આ છેલ્લો ટી-૨૦ વર્લ્ડ કપ બની શકે.

કોહલીએ ટી-૨૦ વર્લ્ડ કપમાં તેના સ્થાન વિશે પસંદગી સમિતિ પાસેથી સ્પષ્ટતાની માંગ કરી હતી.નન કોહલી આઇપીએલની છેલ્લી કેટલીક સીઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ માટે નિયમિતપણે ઓપનિંગ કરી રહ્યો છે. તેણે આ સીઝનની સાત મેચમાં ૧૪૭.૦૦ના સ્ટ્રાઈક રેટથી ૩૬૧ રન બનાવ્યા છે, ઓરેન્જ કેપ હાલ વિરાટના માથે છે. તેણે એક સદી પણ ફટકારી છે.નન કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અગાઉ પણ ઓપનિંગ કર્યું હતું. તેણે ૨૦૦૮માં શ્રીલંકા સામે વન-ડેમાં ઓપનર તરીકે આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યાર બાદ તે વનડાઉનમાં બેટિંગ કરે છે.નન કોહલીની ઓપનર તરીકેની એન્ટ્રી થશે તો યશસ્વી જયસ્વાલે બહાર બેસવું પડી શકે છે. સિલેક્ટર્સ શુભમન ગિલને બેક-અપ ઓપનર તરીકે ટીમમાં લેવા વિચારી રહ્યા છે. આઇપીએલ પહેલા જયસ્વાલ ઓપનરનું સ્થાન મેળવવા માટેની રેસમાં સૌથી આગળ હતા, પરંતુ આઇપીએલની પ્રથમ કેટલીક મેચો પછી શુભમન ગિલની દાવેદારી મજબૂત થઇ છે. આઇપીએલમાં જયસ્વાલ સારું પ્રદર્શન કરી શક્યો નથી, પરંતુ તે લેફ્ટ હેન્ડ બૅટર હોવાથી તેને ફાયદો મળી પણ શકે છે, વર્લ્ડ કપની ટીમમાં જગ્યા મળી શકે એમ છે. ■

# રિલાયન્સ ફાઉન્ડેશનની સીમાચિહ્ન અર્લી ચાઈલ્ડ હુડ કેર એન્ડ એજ્યુકેશન કોન્ફરન્સમાં વિચારો, ક્રિયાઓ અને પ્લે-આધારિત શિક્ષણનો સંગમ શોધાયો


મુંબઈઃ મુંબઈમાં બે દિવસીય બિલ્ડિંગ ફ્લોરીશિંગ ફ્યુચર્સ કોન્ફરન્સમાં ૨૦૦થી વધુ પ્રેક્ટિશનરો ભેગા થયા હતા, અનુભવો શેર કર્યા અને બાળપણના સારા પરિણામો માટે પગલાં સૂચવ્યા હતા. મુંબઈમાં ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલ (DAIS) ખાતે આયોજિત કોન્ફરન્સમાં ECCE સિસ્ટમના વિવિધ પ્રેક્ટિશનરો, ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરના શિક્ષણવિદો અને નિષ્ણાતો એક સાથે ભેગા થયા હતા. બે દિવસીય કોન્ફરન્સમાં રમતિયાળ માતા-પિતા, શિક્ષકો અને સમુદાયોના વિકાસ માટે નવીન પ્રથાઓ અને અભિગમોની શોધ કરવામાં આવી હતી. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦માં દર્શાવ્યા મુજબ ECCEના સાર્વત્રિકરણના ધ્યેય તરફ યોગદાન આપતા, વક્તાઓ અને સહભાગીઓએ ૧૦ માસ્ટરક્લાસ, ૧૫ ઇન્ટરેક્ટિવ લર્નિંગ સ્ટેશનો અને ૩૦ સ્પીકર સત્રો સાથે શીખવાની અને શૈક્ષણિક અનુભવોની શ્રેણી હતી.



કોન્ફરન્સમાં આ વિષયમાં ગહન રીતે સંકળાઈને Ms. ઈશા અંબાણી, ડાયરેક્ટર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને વાઈસ ચેરપર્સન, ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલ, સત્રો દ્વારા ઉત્સુકતાપૂર્વક ધ્યાન આપતા હતા, નિષ્ણાતો સાથે ઉત્સુકતાપૂર્વક સંલગ્ન હતા અને વિવિધ લર્નિંગ સ્ટેશનો પર પ્રેક્ટિશનરો સાથે પ્રદર્શનમાં હાજરી આપી હતી. મુખ્ય વક્તાઓમાં જાણીતા પ્રેક્ટિશનર્સ શ્રી સંપત કુમાર, IAS, મુખ્ય સચિવ મેઘાલય સરકારનો ધ લર્નિંગ સ્કવેરમાંથી Ms. એની વાન ડેમ, ઉમ્મીદ બાળવિકાસ કેન્દ્રમાંથી ડૉ. વિભા કૃષ્ણમૂર્તિ, યુનિસેફમાંથી ખત. સુનિષા આહુજા અને મહિલા અને બાળવિકાસ મંત્રાલયના, NIPCCDના સંયુક્ત નિયામક ડૉ. રીટા પટનાયકનો સમાવેશ થાય છે. ■

# રાજસ્થાનનો પોવેલ કોલકાતાના નારાયણને કઈ વાતે મનાવી રહ્યો છે?

કોલકાતાઃ કોલકાતા નાઇટ રાઇડર્સની ટીમે મંગળવારે રાજસ્થાન રૉયલ્સના થાકેલા-પાકેલા જૉસ બટલર (૧૦૭ અણનમ, ૬૦ બૉલ, છ સિક્સર, નવ ફોર)ની કાબિલેદાદ ઇનિંગ્સને પગલે છેલ્લા બૉલ આઘાતજનક પરાજય જોવો પડ્યો, પણ એના સેન્ચુરિયન સુનીલ નારાયણ (૧૦૯ રન, ૫૬ બૉલ, છ સિક્સર, તેર ફોર)ની ડિમાન્ડ તેના દેશમાં ઘણી છે. એટલે જ કોલકાતાનો ખેલાડી અને વેસ્ટ ઇન્ડિઝનો કૅપ્ટન રૉવમૅન પોવેલ થોડા દિવસથી નારાયણને સમજાવવા સતત પ્રયત્ન કરી રહ્યો છે.



તમે વિચારતો હશો કે પોવેલ તેને શું સમજાવવા માગે છે? પોવેલ ઇચ્છે છે કે નારાયણ જૂનના ટી-૨૦ વર્લ્ડ કપ માટે થઈને ઇન્ટરનૅશનલ ક્રિકેટમાંથી લીધેલી નિવૃત્તિ પાછી ખેંચી લે. જોકે નારાયણ વર્લ્ડ કપ માટે થઈને રિટાયરમેન્ટ પાછું ખેંચી લેવાની બાબતમાં કોઈની પણ સાથે વાત કરવા તૈયાર નથી. તે થોડા દિવસથી બૅટિંગમાં જબરદસ્ત ફૉર્મમાં આવી ગયો હોવાથી વેસ્ટ ઇન્ડિઝમાંથી તેને વિશ્વકપ માટે રમવાનું સમજાવવાના સંદેશા અહીંના કૅરિબિયન ખેલાડીઓને મળી રહ્યા છે. જોકે પોવેલે પીટીઆઇને કહ્યું, ‘હું ૧૨ મહિનાથી નારાયણને સમજાવું છું કે રિટાયરમેન્ટ હાલપૂરતું પાછું ખેંચી લે અને વર્લ્ડ કપમાં રમવા તૈયાર થઈ જા. જોકે તે કોઈની સાથે વાત કરવા તૈયાર નથી. મેં પોલાર્ડ, બ્રાવો અને પૂરનને કહું છું તમે નારાયણને સમજાવો, પણ તે કોઈનું સાંભળવા તૈયાર નથી.’ ■

# કોલકાતા હાર્યા પછી કૅપ્ટન શ્રેયસને ₹ ૧૨ લાખનું નુકસાન

કોલકાતાઃ ઈડન ગાર્ડન્સમાં મંગળવારનો દિવસ કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) માટે હતો જ નહીં. એના ઓપનર સુનીલ નારાયણે રાજસ્થાન રૉયલ્સ (આરઆર) સામે ૫૬ બૉલમાં છ સિક્સર અને તેર ફોરની ફટકાબાજીથી કેકેઆર વતી આ વખતની આઇપીએલમાં પહેલી સેન્ચુરી નોંધાવી અને આ ટીમે ૨૨૩/૬નો ઊંચો સ્કોર નોંધાવ્યો એ પછી છેલ્લી ઓવરમાં કેકેઆરને જીતવાનો સારો મોકો મળ્યો હતો, પણ આરઆરના જૉસ બટલરે ૬૦ બૉલમાં છ છગ્ગા અને નવ ચોક્કાની મદદથી અણનમ ૧૦૭ રન બનાવ્યા અને આરઆરને છેલ્લા બૉલ પર વિજય અપાવી દીધો.

શ્રેયસ ઐયર ઍન્ડ કંપનીની બધી મહેનત તો પાણીમાં ગઈ, ઊલટાનું



શ્રેયસ ઐયર (iplt20.com)

શ્રેયસને ૧૨ લાખ રૂપિયાનો દંડ પણ થયો. કેકેઆરની ટીમ બરાબર ૨૦ ઓવર રમ્યા પછી આરઆરની ટીમ પણ પૂરી ૨૦ ઓવર રમી હતી. બન્યું એવું કે શ્રેયસ પોતાના બોલર્સ પાસે નિર્ધારિત સમયમાં તેમ જ બોનસ તરીકે મળેલા સમયમાં પણ ૨૦ ઓવર પૂરી ન કરાવી શક્યો એ બદલ (સ્લો ઓવર-રેટના ક્રિકેટિંગ ગુના બદલ) બીસીસીઆઇએ શ્રેયસને (ટીમના કૅપ્ટન હોવા બદલ) ૧૨ લાખ રૂપિયાનો દંડ કર્યો હતો.

કેકેઆર ટીમની આ પહેલી જ કસૂર હતી એટલે આઇપીએલની આચારસંહિતા મુજબ કેકેઆરના સુકાનીને ૧૨ લાખ રૂપિયાનો દંડ કરાયો હતો.

આઇપીએલમાં લાગુ કરાયેલા નિયમ મુજબ છેલ્લી ઓવરમાં કેકેઆરને સર્કલની બહારની આઉટફીલ્ડમાં (ડીપના સ્થાને) એક ઓછો ફીલ્ડર ઊભો રાખવા કહેવાયું હતું. એ જ કારણસર કેકેઆરે એ છેલ્લી ઓવરમાં અને આખરી બૉલ પર પરાજય જોવો પડ્યો હતો.

આરઆરના બૅટર્સે ૨૦મી ઓવરમાં જીતવા નવ રન બનાવવાના હતા. સ્પિનર વરુણ ચક્રવર્તીને બૉલ અપાયો હતો. જૉસ બટલર સ્ટ્રાઇક પર હતો. તેણે વરુણના પહેલા જ બૉલમાં છગ્ગો માર્યો હતો. સતત ત્રણ ડૉટ-બૉલ ગયા બાદ પાંચમા બૉલમાં ખૂબ જ થાકી ગયેલા બટલરે બૉલને વાઇટ લૉન્ગ-ઑફ પર મોકલી દીધા બાદ બે રન દોડી લીધા અને સ્કોર સમાન (૨૨૩-૨૨૩) થયો હતો. મૅચની આખરી ડિલિવરીમાં બટલરે લેગ સાઇડ પર બૉલને લેગ સાઇડ પર મોકલીને એક રન દોડી લીધો અને આઇપીએલના ઇતિહાસનો (૨૨૪ રનનો) બિગેસ્ટ રન-ચેઝ નોંધાયો હતો. આરઆરની ટીમે આઠ વિકેટે ૨૨૪ રન બનાવીને બે વિકેટે દિલધડક વિજય મેળવ્યો હતો. ■

# આઈપીએલના માહોલમાં આજે વળી કઈ ઇન્ટરનૅશનલ સિરીઝ શરૂ થઈ રહી છે?

રાવલપિંડીઃ ક્રિકેટમાં અત્યારે આઇપીએલનું વર્ચસ્વ છે. દર વર્ષે એપ્રિલ-મેમાં આ ભારતીય લીગ ટૂર્નામેન્ટ ચાલી રહી હોય એ દરમ્યાન ભાગ્યે જ કોઈ વન-ટૂ-વન સિરીઝ રમાતી હોય છે. એવી જ એક શ્રેણી આજે પાકિસ્તાનમાં શરૂ થઈ રહી છે. આઇપીએલની બહારના નિસ્તેજ માહોલમાં આજે રાવલપિંડીમાં પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ટી-૨૦ સિરીઝ શરૂ થઈ રહી છે. પ્રથમ ટી-૨૦ (સાંજે ૭.૩૦ વાગ્યાથી) માટે બન્ને ટીમે જોરદાર પ્રૅક્ટિસ કરી છે. બાબર આઝમ પાકિસ્તાનનો અને માઇકલ બ્રેસવેલ ન્યૂ ઝીલૅન્ડનો કૅપ્ટન છે. ટીમના બીજા જાણીતા કિવી પ્લેયરોમાં માર્ક ચૅપમૅન, ટૉમ બ્લન્ડેલ (વિકેટકીપર), ટિમ સીફર્ટ (વિકેટકીપર), ફિન એલન, જેમ્સ નીશૅમ, ઇશ સોઢી, બેન સીયર્સ, ઍડમ મિલ્ન અને ટિમ રૉબિન્સનનો સમાવેશ છે.

પાંચ ટી-૨૦ની આ સિરીઝ ૨૭મી એપ્રિલે પૂરી થશે. ■

# વર્લ્ડ કપની ટીમના સિલેક્શનનું કાઉન્ટ-ડાઉન શરૂઃ કોની સંભાવના છે, કોની ઓછી?

નવી દિલ્હીઃ જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટે ટીમ અનૌપચારિક રીતે નક્કી થઈ જ રહી હશે, પણ સત્તાવાર જાહેરાતને હજી થોડા દિવસ છે એટલે એમાં કોણ હશે અને કોણ નહીં હોય એના પર તર્ક-વિતર્કો ચાલી રહ્યા છે. જોકે પીટીઆઇના સંદેશા મુજબ આ ટીમમાં આઇપીએલમાંના કોઈ પણ નવા ખેલાડીને વર્લ્ડ કપ માટે સિલેક્ટ કરવામાં આવે એની સંભાવના ઓછી છે. બીજી તરફ, આઇપીએલમાં ભારતના જે અનુભવી અને થોડા જૂના ખેલાડીઓ રમી રહ્યા છે તેમણે હવે પછીની મૅચોમાં સારું રમવું પડશે અને તો જ અજિત આગરકર ઍન્ડ કંપની તેમને વર્લ્ડ કપ માટે પસંદ કરશે. રિયાન પરાગ, મયંક યાદવ, અભિષેક શર્મા અને હર્ષિત રાણા જેવા ઊભરતા ખેલાડીઓ હાલમાં ખૂબ ચર્ચામાં છે અને વર્લ્ડ કપની ટીમમાં તેમને સામેલ કરવા નિષ્ણાતો તરફથી સૂચનો થઈ શકે, પણ ભારતીય ક્રિકેટના મોવડીઓ તેમને સીધા વર્લ્ડ કપમાં સિલેક્ટ કરવા કરતાં દ્વિપક્ષી સિરીઝોમાં રમાડીને અનુભવ અપાવવા માગે છે. આઇસીસીના નિયમ મુજબ પહેલી મે પહેલાં બધા દેશોએ પોતાની ટીમ જાહેર કરી દેવી પડશે.

### ટી-૨૦ વર્લ્ડ કપ માટેના પંદર સંભવિતો+પાંચ સ્ટૅન્ડ બાય

- સ્પેશિયાલિસ્ટ બૅટર (છ): રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, રિન્કુ સિંહ
- ઑલરાઉન્ડર (ચાર): હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, શિવમ દુબે, અક્ષર પટેલ
- સ્પેશિયાલિસ્ટ સ્પિનર (ત્રણ): કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, રવિ બિશ્નોઈ
- વિકેટકીપર-બૅટર (ત્રણ): રિષભ પંત, કેએલ રાહુલ, સંજુ સૅમસન
- ફાસ્ટ બોલર (ચાર): જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, અર્શદીપ સિંહ અને આવેશ ખાન.

એવું જાણવા મળ્યું છે કે શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલમાંથી કોઈ એક ઓપનર વર્લ્ડ કપ માટે સિલેક્ટ કદાચ ન થાય. જોકે તેઓ બન્ને જો બાકીની મૅચોમાં સારું રમી જશે તો કોલકાતા નાઇટ રાઇડર્સના રિન્કુ સિંહ અને ચેન્નઈ સુપર કિંગ્સના શિવમ દુબેમાંથી કોઈ એક પર કળશ ઢોળાશે. ગુજરાત ટાઇટન્સનો કૅપ્ટન ગિલ અમદાવાદમાં દિલ્હી સામે માત્ર આઠ રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

બીજી તરફ, રાજસ્થાન રૉયલ્સ વતી રમતો યશસ્વી જયસ્વાલ પણ આ વખતની આઇપીએલમાં સદંતર ફ્લૉપ છે.

વિકેટકીપર-બૅટરના સ્લૉટ માટે રિષભ પંત, સંજુ સૅમસન, જિતેશ શર્મા, કેએલ રાહુલ અને ઇશાન કિશન વચ્ચે હરીફાઈ છે. જોકે રાહુલ અને કિશન ટૉપ-ઑર્ડરમાં બૅટિંગ કરતા હોવાથી અને આઇપીએલમાં મિડલમાં તેમનો બૅટિંગ-પર્ફોર્મન્સ ન હોવાથી સિલેક્ટરો તેમનામાંથી કોઈને મિડલ-ઑર્ડર માટે પસંદ કરશે કે કેમ એમાં શંકા છે. હાર્દિક પંડ્યા બોલિંગ ફિટનેસ માટે મોટી ચિંતા છે, પણ તેનું સિલેક્શન નહીં થાય એવું પણ બીસીસીઆઇની નજીકના સૂત્રો માનવા તૈયાર નથી.

રોહિત શર્માની વર્લ્ડ કપની ટીમમાં આપોઆપ સિલેક્ટ થઈ જશે એવા ખેલાડીઓમાં વિરાટ, સૂર્યકુમાર, બુમરાહ, રવીન્દ્ર જાડેજા, રિષભ પંત, અર્શદીપ સિંહ, મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવ સામેલ છે એમ કહી શકાય.

મયંક યાદવ, હર્ષિત રાણા, આકાશ મઢવાલમાંથી કોઈને નેટ બોલર બનાવાશે એવી પણ સંભાવના છે. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| कंगवा | કમળો |
| कावीळ | દીવાસળી |
| कांडी | વાછરડી |
| कारागृह | દાંતિયો |
| कालवड | કેદખાનું |

## ઓળખાણ પડી?

લોકસભાના અધ્યક્ષ (સ્પીકર)નો હોદ્દો જૂજ મહિલાઓને મળ્યો છે. સ્પીકર તરીકે ચૂંટાયેલા મહિલાની ઓળખાણ પડી? તેમણે કેન્દ્રીય પ્રધાન તરીકે પણ ફરજ બજાવી છે.



અ) શીલા દીક્ષિત બ) નજમા હેપતુલ્લા ક) મીરાં કુમાર ડ) સુમિત્રા મહાજન

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રા | ૨ મ | ૩ ચં | દ્ર | | ૪ દ | શ | ૫ ર | ૬ થ | |
| ૭ ત | કા | દા | | | શા | | ૯ ગ | ર | ૧૦ લ |
| | ન | | | ૧૧ જ | ન | ક | | | ક્ષ્મ |
| ૧૨ સુ | | ૧૩ હ | નુ | મા | ન | | ૧૪ શ | | ણ |
| ૧૫ મિ | ત | | | નો | | ૧૬ શ | ત્રુ | ઘ્ન | |
| ત્રા | | ૧૭ ઉ | ૧૮ મા | | ૧૯ કૌ | | ભા | | ૨૦ ભ |
| | ૨૧ ઉ | ર્મિ | લા | | ૨૨ શ | મા | વ | | ર |
| ૨૩ કે | | લ | | ૨૪ અ | લ્યા | | | ૨૫ પ્ર | ત |
| ૨૬ કે | ર | | ૨૭ ખ | રે | | ૨૮ સા | | સ | |
| યી | | ૨૯ સી | તા | | ૩૦ અ | હી | રા | વ | ણ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ૪ | | | ૫ | ૬ |
| ૭ | | | ૮ | | | | ૯ | | |
| | ૧૦ | ૧૧ | | | ૧૨ | ૧૩ | | | |
| ૧૩અ | | ૧૪ | | | | | | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | | | | ૧૯ | | ૨૦ | | |
| | | | ૨૧ | | | | ૨૨ | | |
| ૨૩ | | ૨૪ | | | ૨૫ | ૨૬ | | | ૨૭ |
| ૨૮ | | | | | ૨૯ | | | ૩૦ | |
| | | ૩૧ | | ૩૨ | | | ૩૩ | | |
| | ૩૪ | | | | ૩૫ | | | | |

### આડી ચાવી

૧. દશાનન (૩)
૩. રાવણના પિતા (૩)
૫. બહાદુર (૨)
૭. રત્ન (૨)
૯. અરીસો, આયનો (૩)
૧૦. હળવી પીડા (૩)
૧૨. - શેર ભાજી - શેર ખાજાં (૨)
૧૪. જૂનો કચરો (૩)
૧૫. બધાને--- જોઈએ (૨)
૧૭. શિયાળામાં ઓઢો (૩)
૧૯. રદ કરેલું (૩) (જો. છૂ.)
૨૧. પંખીઓ રહેવા બનાવે (૨)
૨૨. --- બહાર જાય નહીં... ગુ. નાટક (૨)
૨૪. વજનદાર (૨)
૨૫. કૈકેયીની કાન ભંભેરણી કરનાર (૩)
૨૮. છ (૨)
૨૯. પતંગનો---- છૂટો મૂકો (૨)
૩૦. કાંટો, દરદ, વિઘ્ન (૨)
૩૨. સ્મરણ (૨)
૩૩. તમા, દરકાર, ગરજ (૩)
૩૪. વિશ્વામિત્રના હવનમાં હાડકાં નાખનાર (૩)
૩૫. રિસાઈ જાય એવું (૩)

### ઊભી ચાવી

૧. દશરથના જયેષ્ઠ પુત્ર (૨)
૨. વૈશ્ય, વેપારી (૩)
૪. કપાળ (૩)
૫. લક્ષ્મણે એનાં નાક-કાન કાપ્યાં (૪)
૬. --- નું વાહન ઊંટ (૨)
૮. રાવણની માતા (૩)
૧૧. ચડિયાતું (૩)
૧૩. હનુમાનજીના પિતા (૩)
૧૬. સુગ્રીવનો મોટો ભાઈ (૨)
૧૩-એ) શૂર્પણખાનો ભાઈ (૨)
૧૮. પારધિ બિછાવે (૨)
૨૦. ઘઉંના--- દવામાં કામ આવે (૩)
૨૧. મૃગ બની સીતાને લોભાવનાર (૩)
૨૩. શૂર્પણખાનો ભાઈ (૩)
૨૫. રાવણની પત્ની (૪)
૨૬. સ્તર (૨)
૨૭. રાવણનો મંત્રી (૪)
૩૦. બાણ (૨)
૩૧. બે ખેતર વચ્ચે હોય (૨)
૩૩. સમયનો નાનો એકમ (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીના સાસુની નણંદના દીકરાની પત્ની સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) મામી બ) ફોઈ ક) ભાભી ડ) માસી

## જાણવા જેવું

લોકસભા - ભારતીય સંસદના નીચલા ગૃહની મુદત સામાન્ય રીતે પાંચ વર્ષની હોય છે. જોકે કટોકટીના સમયે તેની મુદત એક વર્ષ લંબાવી શકાય છે. કોઈ પણ સંજોગોમાં એથી વધુ સમય મુદત લંબાવી શકાતી નથી. કટોકટી રદ થાય ત્યારથી વધુમાં વધુ છ માસની અંદર ચૂંટણી યોજવી આવશ્યક છે. લોકસભાની પ્રથમ બેઠક યોજાય ત્યારથી તેની મુદતનો સમય શરૂ થાય છે અને પછી પાંચ વર્ષ સુધી કામ કરતી રહે છે.

## સુડોકુ-૫૦૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | ૫ | ૮ | | ૩ | |
| | ૫ | | ૩ | | | | | |
| ૮ | | | | | ૬ | | | |
| ૩ | ૧ | | ૨ | | | | | |
| ૬ | | | | | | | | ૩ |
| | | | | | ૭ | | ૬ | ૫ |
| | | | ૮ | | | | | ૭ |
| | | | | | ૯ | | ૪ | |
| | ૩ | | ૭ | ૧ | | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૩ | ૭ | ૧ | ૮ | ૪ | ૨ | ૯ |
| ૨ | ૭ | ૯ | ૩ | ૬ | ૪ | ૫ | ૮ | ૧ |
| ૧ | ૮ | ૪ | ૯ | ૨ | ૫ | ૭ | ૬ | ૩ |
| ૮ | ૧ | ૬ | ૨ | ૫ | ૩ | ૯ | ૭ | ૪ |
| ૭ | ૩ | ૫ | ૪ | ૯ | ૬ | ૨ | ૧ | ૮ |
| ૪ | ૯ | ૨ | ૧ | ૮ | ૭ | ૩ | ૫ | ૬ |
| ૩ | ૪ | ૮ | ૫ | ૭ | ૧ | ૬ | ૯ | ૨ |
| ૯ | ૫ | ૧ | ૬ | ૪ | ૨ | ૮ | ૩ | ૭ |
| ૬ | ૨ | ૭ | ૮ | ૩ | ૯ | ૧ | ૪ | ૫ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

આપેલા વાક્યમાં કપટ - દગો - છેતરપિંડીનો પર્યાય સંતાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.

જીવનમાં ક્યારેક આગળ નીકળી જવાય તો ક્યારેક પાછળ પણ રહી જવાય.

## નોંધી રાખો

બોલવાની કળા અનેક લોકોને હસ્તગત હોય છે. અમુક લોકોમાં ચૂપ રહેવાની આવડત હોય છે. ખરી કાબેલિયત ક્યારે બોલવું અને ક્યારે ચૂપ રહેવું એમાં સમાયેલી છે.

## માઈન્ડ ગેમ

આપણી પ્રથમ લોકસભાનો કાર્યકાળ ૧૯૫૨થી ૧૯૫૭નો હતો. એ સમય દરમિયાન લોકસભાના પ્રથમ અધ્યક્ષ (સ્પીકર) કોણ હતા એ કહી શકશો?

અ) હુકમ સિંહ ૨) ગણેશ માવળંકર ૩) એચ એન બહુગુણા ૪) એમ એન કૌલ

## ગયા ગુરુવારના જવાબ

### ભાષા વૈભવ

| A | B |
|---|---|
| लागवड | ખેડાણ |
| लकाकी | ચળકાટ |
| लगबग | ઉતાવળ |
| लवचीक | વળી જાય એવું |
| लाटणे | વેલણ |

**ગુજરાત મોરી મોરી રે**
મમ્મી

**ઓળખાણ પડી?**
કુન્દનિકા કાપડિયા

**માઈન્ડ ગેમ**
દિલ્હી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
રાબ


## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મૂળરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) પ્રતિમા પામાણી (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) ડો. પ્રકાશ કટકિયા (૧૦) ભારતીય પ્રકાશ કટકિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ભારતી બુચ (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિભા મહેશ્વરી (૧૫) લજિતા ખોના (૧૬) મહેશ સંઘવી (૧૭) ખુશરૂ કાપડીયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જયોતિ ખાંડવાલા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નીતીન બજારિયા (૨૩) વિણા સંપટ (૨૪) દિલીપ પરીખ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ભાવના કર્વે (૨૮) જગદીશ વલ્લભજી ઠક્કર (૨૯) કલ્પના આશર (૩૦) મહેશ દોશી (૩૧) સુનીતા પટવા (૩૨) રજનીકાંત પટવા (૩૩) અંજુ ટોલીયા (૩૪) શિલ્પા શ્રોફ (૩૫) જયોત્સના ગાંધી (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) રસિક જુઠાણી (ટોરોન્ટો-કેનેડા) (૪૦) પુષ્પા ખોના (૪૧) પ્રવીણ વોરા (૪૨) કિશોર બી. સંઘરાજકા (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) અબદુલ્લા એફ. મુનીમ (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) મહેન્દ્ર લોઢવીયા (૪૮) નિખીલ બેંગાલી (૪૯) અમીષી બેંગાલી (૫૦)અલકા વાણી (૫૧) સુરેખા દેસાઈ (૫૨) નંદકિશોર સંજાણવાળા (૫૩) હરીશ મનુભાઈ ભટ્ટ

## કથા કોલાજ

(સાતમા પાનાનું ચાલુ)





પાડી. એમણે ટોકનનો ચેક પણ આપી દીધો, પરંતુ ફોર્મલ કોન્ટ્રાક્ટ ઘણા દિવસો સુધી આવ્યો નહીં. થોડા દિવસ પછી મારા આશ્ચર્ય વચ્ચે મેં ટ્રેડ પેપરમાં વાંચ્યું કે, એ ફિલ્મ અમિતજી, શત્રુઘ્ન સિંહા અને વહીદા રહેમાન કરી રહ્યાં હતાં. મને નવાઈ લાગી કે, બાબુભાઈએ કોઈ કારણસર સૌને એવું કહ્યું કે, એ જ્યારે મને કાસ્ટ કરવા આવ્યા ત્યારે મેં 'એટિટ્યૂડ' બતાવ્યો! એકવાર વિચાર આવ્યો કે, અમિતજીને ફોન કરીને સત્ય જણાવું, પણ પછી થયું કે એનો કોઈ અર્થ નથી. નવાઈની વાત એ છે કે, એ ફિલ્મ પણ બની નહીં. મોગલ-એ-આઝમના દિગ્દર્શક કે. આસિફ પણ મારી પાસે એક ફિલ્મની ઓફર લઈને આવ્યા. ફિલ્મનું નામ હતું, 'સસ્તા ખૂન, મહેંગા પાની'. રાજેન્દ્ર કુમારને એમણે સાઈન કરી લીધા હતા. એ જ્યારે મને કથા સંભળાવવા અને સાઈન કરાવવા આવ્યા ત્યારે એમની અને મારી મમ્મી વચ્ચે નાનકડી દલીલ થઈ. એ દલીલ દરમિયાન મારી મમ્મીએ અચાનક બોલી નાખ્યું, 'પરવડેગા તો આશા યે પિક્ચર કરેગી.'

હું જાણું છું કે, મારી મમ્મી કે. આસિફનું અપમાન કરવા નહોતી માગતી, પરંતુ એનાથી બોલતા બોલાઈ ગયું અને આસિફ સાહેબે વાતને જરા વધુ ગંભીરતાથી લઈ લીધી. એમણે મારી મમ્મીને કહ્યું, 'હું ગુજરાતીઓ વચ્ચે મોટો થયો છું અને પરવડેગાનો અર્થ જાણું છું.' એ ગુસ્સામાં ત્યાંથી નીકળી ગયા. મારી માએ હંમેશાં મારા માટે સારું જ વિચાર્યું છે એટલે હું કોઈ દિવસ એને ન ગમે એવું ન વર્તું. કદાચ, એણે જે કહ્યું એ બરોબર નહોતું તેમ છતાં એક ફિલ્મ માટે થઈને હું મારી મમ્મીને ખોટું લાગે એવું ન જ વર્તું. એ પછી યશરાજની ઓફર આવી. એમના મોટા ભાઈ બી.આર. ચોપરા 'વક્ત' નામની ફિલ્મ બનાવતા હતા. જેમાં અનેક સ્ટાર્સ હતા. સ્વાભાવિક રીતે જ સાધનાજી હિરોઈનના રોલમાં હતાં. મને શશી કપૂરની સામે સેકન્ડ લીડનો રોલ ઓફર કરવામાં આવ્યો. લાંબું વિચારતાં મને સમજાયું કે, એ ફિલ્મમાં મારે કંઈ ખાસ કરવાનું નહોતું. મેં એ ફિલ્મ કરવાની ના પાડી. પછી એ ફિલ્મ શર્મિલાજીએ કરી. એ પછી યશજી જ્યારે મને મળતા ત્યારે હંમેશાં મજાક કરતા, 'તમે તો મને ઠુકરાવી દીધો છે' ને હું પણ સામે મજાક કરતી, 'હજી ક્યાં મોડું થયું છે?'

સિનેમાની દુનિયા સતત ચઢાવ-ઉતારની દુનિયા છે. કોઈને હા પાડવી, કોઈને ના પાડવી, ફિલ્મ સ્વીકારવી, ફિલ્મ નકારવી, ફિલ્મ સફળ થાય કે નિષ્ફળ જાય, આમાંથી કશુંય આપણા હાથમાં નથી હોતું એવું હવે મને લાગે છે. દરેક સ્ક્રિપ્ટનું અને દરેક અભિનેતાનું એક ભાવિ હોય છે અને બધું એ પ્રમાણે જ બનતું હોય છે. (ક્રમશઃ)■

## ભારતની વીરાંગનાઓ

(સાતમા પાનાનું ચાલુ)

પહેલાંથી દીપાએ પ્રોદુનોવનું રિહર્સલ કર્યું. ઓલિમ્પિકમાં જે ખેલથી લોકો દૂર ભાગતા એ પ્રોદુનોવા દીપા ઓલિમ્પિકમાં જતાં પહેલાં અંદાજે એક હજાર વાર કરી ચૂકેલી.

અર્જુનની જેમ એની નજર માત્ર ઓલિમ્પિક પર હતી. દીપાનું પ્રદર્શન શાનદાર રહ્યું, પણ કાંસ્ય માટે સહેજમાં ચૂકી ગયેલી. ચોથા ક્રમાંકે રહી.

દીપા ઓલિમ્પિકમાં ચંદ્રકવિજેતા ન બની, પણ ચોથા ક્રમાંકે રહીને એણે ઉત્કૃષ્ટ પ્રદર્શન તો કર્યું જ હતું, પણ સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ એની કારકિર્દીને ગ્રહણ લાગ્યું. આંતરરાષ્ટ્રીય ટેસ્ટિંગ એજન્સી-આઈટીએ દ્વારા ૧૧ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ કરાયેલા ડોપ ટેસ્ટમાં દીપા પ્રતિબંધિત હિજેનામાઈનનું સેવન કરવા બદલ દોષિત પુરવાર થયેલી. પરિણામે દીપાના રમવા પર એકવીસ મહિનાનો, ૧૦ 'જુલાઈ ૨૦૨૩ સુધી પ્રતિબંધ લગાવવામાં આવ્યો. એ પછી બમણા જોશથી ખેલના મેદાનમાં ઊતરેલી દીપાનો આદર્શ રોમાનિયાની જિમ્નેસ્ટ નાદિયા કોમાનસી છે. જિમ્નેસ્ટિકસમાં પાંચ સુવર્ણ ચંદ્રક મેળવનાર નાદિયાને ઓલિમ્પિક બોર્ડે એના શાનદાર પ્રદર્શનને પગલે

'પરફેક્ટ ટેન' માર્કર્સ આપેલા. દીપાનું પણ આજે એ જ સ્વપ્ન છે :

પરફેક્ટ ટેન મેળવવાનું...! ■

## ટૂંકી વાર્તા

(નવમા પાનાનું ચાલુ)

શંકા કુશંકાથી જીવન વેરણછેરણ થવા સિવાય કાંઈ જ મળતું નથી. માટે રહેવા દે... યુ આર વાઈસ ઈનફ, તું તારી એકલતા મજેથી જીવ અને મને જીવવા દે...''

''સિદ્ધાર્થના આ ઉત્તરે મને વિચારતી કરી મૂકી આડકતરી રીતે એ બહાર સુખ મેળવે છે એ કબૂલાત તો નહોતી...આ એક સબળ વ્યવહાર છે એવો અલિપ્ત ભાવ...એટલે કે શારીરિક સુખ મેળવવું પણ ક્યાંય એવી જવાબદારી નહીં.''

''આજે આખો દિવસ હું આજ વિચાર કરતી હતી શ્રેયુ...સિદ્ધાર્થનું એ સ્વચ્છંદી રીતે બોલતું મને ખૂબ તકલીફ આપતું હતું. શારીરિક ભૂખને પેટની ભૂખ સાથે જોડવું યોગ્ય છે કે? નૈસર્ગિક ભૂખ કહી પુરુષ પોતાની અપરાધ ભાવને ઢાંકવાનો પ્રયત્ન કરે છે, પણ સાચું કહું શ્રેયુ, આ વાત પછી જ્યારે પણ સિદ્ધાર્થ મારી પાસે આવે છે ત્યારે મને કોઈ જ જાતનું આકર્ષણ નથી થતું. ખબર નહીં ક્યાં ક્યાં કેવી કેવી સ્ત્રીઓ પાસે...હું એનાથી સતત દૂર રહેતી.''

''ઓહ, તો તું આમ સિદ્ધાર્થ અંકલ સાથે સુખી નહોતી માટે તે મને...બી...''

''મને બોલવા દે શ્રેયુ, ગઈ કાલે જે થયું તે તારા અને મારા બન્ને વચ્ચે થયું છે, તે ક્ષણે તારા કે મારામાં કોઈ જ અંતર નહોતું. હું સિદ્ધાર્થ સાથે સુખી નહોતી એવું મેં ક્યારેય કહ્યું નથી, સિદ્ધાર્થ એક ભારતીય પુરુષ તરીકે ઉત્તમ છે...એનો સ્વભાવ પણ ખૂબ જ સમતોલ છે. ક્યારેક કોઈ જાતનું બંધન નહીં, સાસુ સસરા સાથે રહેવાની જીદ પણ નથી. મારો શૌર્ય પણ એના જ જેવો અને મારા સંજોગોને સમજે એવો.

હવે તને થશે આટલું સુખી હોવા છતાં આ સ્ત્રીએ તે દિવસે આવું કેમ કર્યું?...મેં પણ વિચાર કર્યો અનેક પ્રશ્નો થયા, પણ ઉત્તર મળ્યા નહીં. હું એમ શારીરિક ભૂખ માટે નીચી ઊતરું એવી નથી. આ અગાઉ એવા ઘણા મોકા મળ્યા હતા પણ હું ચલિત થઈ નહોતી. તારા માટે પણ એવું આકર્ષણ નહોતું.

ચાળીસી ઓળંગી ગયેલી સ્ત્રી પાસે તારા જેવા યુવકનું આ રીતે નજીક આવવું અને...મને મારો જ તિરસ્કાર થવા લાગ્યો, ધીમે ધીમે મેં મારું મન શાંત કર્યું...જે પ્રશ્નોનો ઉત્તર મળતો નથી તેની પાછળ વિચાર કરવો એના કરતાં થઈ ગયું તે થઈ ગયું હવે આગળ શું? એ વિચારી સકારાત્મક પગલાં લેવાં, તારી સાથે વાત કરી મન મોકળું કરવાથી મને સારું લાગ્યું.''

અધિરાઈથી શ્રેયસ. ''પણ મારું શું?...મારી તો આખી જિંદગી છે...મારા લગ્ન...''

''મેં એ પણ વિચાર્યું છે.'' એ જ શાંત અને સ્વસ્થ અવાજ.

''મને ખબર છે તારા આવતા મહિને શ્રેયા સાથે લગ્ન છે. તારી પાસે બે રસ્તા છે. તું એને બધું જ સાચું કહી દે, જો એ તને ખરેખર પ્રેમ કરતી હશે તો એ તને સમજી શકશે, અથવા ચૂપ રહે, વધુ વિચાર નહીં કર એ બાબતે મારા તરફથી નચિંત રહેજે.

શ્રેયુ તે દિવસે જે થયું તે અપરાધ નથી અકસ્માત છે, છત્રી ઘરે ભૂલી ગયા અને ધોધમાર વરસાદ વરસ્યો, આપણે ભીંજાઈ ગયા. અકસ્માત નસીબમાં હોય તો તે ટાળી શકતા નથી, ભૂલ જીવનમાં દરેક વ્યક્તિથી થાય છે...પણ તે ભૂલ ફરી થવી ન જોઈએ.

''પેન્સિલથી લખેલું એક વખત ભૂંસી શકાય છે. પણ પેનની સહી ભૂંસવી એટલે કાગળ ખરાબ થશે જ, આપણી ભૂતકાળની ભૂલો યાદ કરી કરીને વર્તમાન રૂપી કાગળ ખરાબ ન કરવું, તું સમજું છે વધુ સમજાવવાની જરૂર નથી.''

અને ત્યાર પછી પણ શ્રુતિની શ્રેયસના લગ્ન માટેની તૈયારી કરવા દોડાદોડ...હોલ, ડેકોરેશન, ખરીદી...બધે જ શ્રુતિ હાજર. અને આજે પણ એ જ ઉમળકો. ક્યાય આંખોમાં કે વર્તનમાં ગુનેગાર ભાવ, ગંદકી કે અદેખાઈ નહીં.

ખરેખર શ્રુતિ યુ આર ગ્રેટ... છેક સવારે શ્રેયસ મીઠી નીંદરમાં પોઢી ગયો. ■

## કલોઝ અપ

(આઠમા પાનાનું ચાલુ)

કોઈ જ કચાશ કે ત્રુટિ ત્યાં શોધી જડે તેમ નથી માટે તમે નિશ્ચિંત થઈ પધારો તમારા દેશની એ જેલમાં...!

ખેર, જગતના સૌથી ખોફનાક ગણાતા પ્રથમ પાંચ પ્રિઝનમાં આમચી મુંબઈની 'આર્થર રોડ જેલ'નો પણ સમાવેશ થયો છે એટલે આજે નહીં તો કાલે વિજય માલ્યા-નીરવ મોદી જેવાને જે કારાગારને વર્ષો સુધી નિવાસસ્થાન બનાવવું પડશે એ આર્થર રોડ જેલનું બેરેક નંબર-૧૨ની વિશેષતા શું છે?

મુંબઈ ૨૬/૧૧ ના હીચકારી હુમલામાં ૧૩૩ લોકોની નિર્મમ હત્યા કરનારા પાકિસ્તાની આતંકવાદી અજમલ કસાબને પુણેના યરવડા જેલમાં ફાંસીએ લટકાવવામાં આવ્યો એ પહેલાં એને મુંબઈની આર્થર જેલમાં રાખવામાં આવ્યો ત્યારે એના માટે સૌથી વધુ સુરક્ષાની ગોઠવણ થઈ હતી. આશરે ચાર વર્ષ આર્થરમાં ઘરજમાઈ તરીકે રાખવામાં આ કેદી નંબરઃ 'સી-૭૦૯૬' પાછળ અન્ય ખર્ચ તો ઠીક, પણ માત્ર એની લેટેસ્ટ ટેક્નોલોજીથી સજ્જસુરક્ષા પાછળ સરકારે કુલ રૂપિયા ૩૧ કરોડ ૪૧ લાખનો ખર્ચ કર્યો હતો...!

આમ છતાં છેક ૧૯૨૬માં બંધાયેલી આ જેલ આજે જગતની સૌથી ખીચોખીચ ગીર્દીવાળી જેલ તરીકે બહુ બદનામ છે.

આશરે અઢી એકરમાં પથરાયેલા આ જેલ સંકુલમાં સત્તાવાર રીતે ૮૦૫ કેદી રાખવાની ક્ષમતા હોવા છતાં, અત્યારે અહીં ૧૫૦૦થી વધુ કેદીઓ કીડિયારાની જેમ ઊભરાય છે..!

આવા આર્થર રોડ પ્રિઝન કંપાઉન્ડના સૌથી વધુ સુરક્ષિત ગણાતા વિસ્તારમાં એક અલાયદી ઈમારત છે,જેમાં બેરેક નંબર-૧૨ છે. ગ્રાઉન્ડ ફ્લોર-એક માળના આ બિલ્ડિંગમાં ૩૦૦ સ્કેવર ફૂટના બબ્બે સેલ છે. એક સેલ-કોટડીમાં વધુમાં વધુ ૩ કેદીને રાખી શકાય, પરતું અગત્યના કેદીઓની સુરક્ષા ખાતર એટલા પણ કેદી અહીં રાખવામાં નથી આવતા. પહેલા માળની કોટડીમાં માત્ર કુખ્યાત કે પછી વીઆઈપી કેદીને રાખવામાં આવે છે. આમ તો ૨૦૨૦થી બેરેક-૧૨ વિજય માલ્યા માટે તૈયાર રાખવામાં આવ્યો છે, પણ નીરવ મોદીનું સ્વદેશાગમન જો વહેલું થઈ ગયું તો આ પ્રથમ માળની એ કોટડીનો લાભ એને મળશે.

અહીંની પ્રત્યેક કોટડીમાં બાથરૂમ-ટોઈલેટ ઉપરાંત સતત પાણી તેમજ પંખાની વ્યવસ્થા છે. એ જ રીતે અન્ય અંધારી કોટડી કરતાં આ સેલમાં કેદીને પૂરતો સૂર્ય પ્રકાશ પહોંચે એવી બારીની ગોઠવણ છે. આ સેલમાં જેને રહેવું પડ્શે એને પથારી-ચાદર-ધાબળો-ઓશીકું પણ મળશે. નાસ્તો-જમણ જેલનું હશે. ખાવા-પીવાનાં વાસણ ઉપરાંત અંગત ચીજ-વસ્તુ રાખવા નાનું કપબોર્ડ પણ ત્યાં છે. દરેક સેલની હિલચાલ પર નજર રાખવા અહીં ક્લોઝ્ડ સર્કિટ ટીવી છે અને સુનાવણી વખતે જરૂર પડે તો કોર્ટ સાથે વીડિયો કોન્ફરન્શિન્ગની પણ અહીં ગોઠવણ છે જો કે કસાબને કોર્ટમાં પેશ કરવા તો કોટડીમાંથી એને ખાસ તૈયાર કરેલી અન્ડર ગ્રાઉન્ડ ટનલમાંથી લઈ જવામાં આવતો...!

જસ્ટ જાણ ખાતર, આ અતિ સુરક્ષિત બેરેક-૧૨માં સંજય દત્ત-અબુ સાલેમ-અબુ જિંદાલ જેવા અનેક નામચીન વ્યક્તિ નિવાસ કરી ગઈ છે.

આજકાલ આપણી સરકાર જે રીતે વિદેશ ભાગી ગયેલા અપરાધીઓને પ્રત્યાર્પણ દ્વારા ઘરવાપસી કરાવી રહી છે ત્યારે મુંબઈની આર્થર રોડ જેલ ઉપરાંત આપણા બીજાં ઘણાં કારાવાસ પણ બડા ખરડાયેલા છે, જેમકે દિલ્હીની તિહાર-પુણેની યરવડા સેન્ટ્રલ જેલ-સાબરમતી-સુરત નજીકની અતિ મોર્ડન ગણાતી લાજપોર જેલ...

એ બધાની વિશેષતા સરકારે ધામધૂમ સાથે જાહેર કરીને વિદેશ વસી ગયેલા ભારતીય ભાગેડુઓને 'ભાવભર્યું' આમંત્રણ પાઠવીને કહેવું જોઈએ :

તમે માત્ર મોઢું હસતું રાખો..બાકીનું અમે સંભાળી લેશું..! (સંપૂર્ણ)■

## મેલ મેટર્સ

(આઠમા પાનાનું ચાલુ)

પર કાબૂ મેળવી લઈએ. ઓવરથિંકિંગથી વિરોધાભાસી ક્રિયા-પ્રક્રિયા છે વિચારશૂન્યતા.... આ વિચારશૂન્યતાની સ્થિતિ આપણા માટે અત્યંત મહત્ત્વની છે, પરંતુ આ વિચારશૂન્યતા આવે ક્યાંથી?

એ વિશે સહેજ ઊંડા ઊતરીશું તો આપણને ખ્યાલ આવશે કે આપણું વધુ પડતું બોલવું, કારણ વિનાનું બોલવું કે દરેક વાતે ડબડબ કરવાનું ટાળીએ કે સાવ ત્યજી દઈએ તો આપણે વિચારશૂન્યતાની સ્થિતિ પામીશું, કારણ કે આપણે વધુ બોલીએ છીએ ત્યારે સ્વાભાવિક જ આપણી વિચારપ્રક્રિયા તેવી થવાની અને જેમ આપણી વિચારપ્રક્રિયા તેવી થશે તો આપણે નકામા વિચારોથી સર્જાતા ભયનો શિકાર થવાના જ !

વળી, હવેના જમાનામાં બોલવુંને માત્ર શાબ્દિક અર્થમાં ન લઈ શકાય. હવેનો સમય ચેટિંગનો પણ છે.

કેટલાય લોકોના કિસ્સામાં એવું ય બનતું હોય છે કે એમની સામે કોઈ નહીં હોય એટલે એ વાસ્તવ રૂપે બોલતા નહીં હોય, પરંતુ વર્ચ્યુઅલ વર્લ્ડમાં- સોશિયલ મીડિયામાં એ સતત ચેટિંગ કરતા રહે છે.


આ પણ વાણીનું ડિજિટલ સ્વરૂપ છે. આપણે માત્ર વાણીને ધ્વનિરૂપે પ્રકટ નથી કરતા એટલું જ...બાકી, ચેટિંગરૂપે તો આપણું ડબડબ ચાલુ જ હોય છે! આપણે કારણ વિના લોકોને વોટ્સેપ કે ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરતા રહીએ છીએ. 'એ શું કરે છે કે ક્યાં ગયા છે કે ક્યાં જવાના છે' ની ફાલતુ પંચાત કરતા રહીએ છીએ. આની પણ આપણી વિચારપ્રક્રિયા પર અસર તો થાય છે.

આના કરતાં ક્યારે બોલવું ને કેટલું બોલવું એની કળા આપણે હાથવગી કરી લેવી. આમાં આપણે પાવરધા થઈ જઈશું તો આપણે આપોઆપ સુખી થઈ જઈશું. આખરે આપણું સુખ એ આપણી આંતરિક અને બાહ્ય શાંતિ છે.

જીવનમાં શાંતિ નહીં હોય તો કોઈ પણ ભૌતિક સુખ આપણને સુખી કરી શકવાનું નથી. એના કરતાં શાંત રહેતા શીખીએ અને શાંત રહેતા શીખીને શાંતિ પામતા શીખીએ. ■

# લાડકી

## નસીબ મેં જિસકે જો લિખા થા...













## મેં ફિલ્મો નકારી ફિલ્મોએ મને નકારી

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

### કથા કોલાજ

(ભાગ: ૪)

નામ: આશા પારેખ
સ્થળ: જુહુ, મુંબઈ
સમય: ૨૦૨૪
ઉંમર: ૮૧ વર્ષ

એક અભિનેત્રીના જીવનમાં અનેક ઉતાર-ચઢાવ આવે છે. સફળતા-નિષ્ફળતા એના જીવનનો હિસ્સો હોય છે અને એ સ્વીકાર્યા વગર કોઈ પાસે છૂટકો નથી હોતો. જાહેરજીવન એક એવી પરિસ્થિતિ છે જેમાં લોકો અનેક પ્રકારની વાતો કરે, આપણા વિશે કેટલીક ધારણાઓ બાંધી લે-જેને આપણે બદલી શકતા નથી ને એમાંય ૧૯૬૦-૭૦નો દાયકો ટેલિવિઝન કે સોશિયલ મીડિયાનો નહોતો એટલે ફિલ્મી મેગેઝિનો જ હતાં, જેમાં લોકો ફિલ્મસ્ટાર વિશે વાંચવાનું કે જાણવાનું પસંદ કરતા. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનો રિવ્યૂ આખરી અભિપ્રાય ગણાતો. લોકો રિવ્યૂ વાંચીને ફિલ્મ જોવા જતા.

'દિલ દે કે દેખો' પછી મને 'હમ હિન્દુસ્તાની'ની ઓફર આવી. સુનીલ દત્ત સાથેની એ ફિલ્મ આઉટડોરમાં શૂટ કરવાની હતી. ઈગતપુરીનાં જંગલોમાં અમે ખૂબ મજા કરતાં, પણ ખાવાનું બિલકુલ સારું નહોતું. એક દિવસ અમે ગાડી લઈને જંગલમાં ખાવાનું શોધવા નીકળ્યાં. આખું યુનિટ ચિંતા કરવા લાગ્યું અને સુનીલ દત્ત પોતે અમને શોધવા નીકળ્યા. દત્ત સાહેબ એકદમ ઓછું બોલનારા, ખૂબ કાળજી કરનારા અને શરમાળ વ્યક્તિ હતા. એક દિવસ એમણે મને ધીમેથી કહ્યું, 'તમારી મમ્મીની હાજરીમાં તમને ભેટવું જરા ઓડ લાગે છે!' એ પછી મેં અનેક ફિલ્મો કરી. 'હમ હિન્દુસ્તાની' દરમિયાન હું મદ્રાસ અને મુંબઈની વચ્ચે લગભગ અપડાઉન કરતી. 'ઘૂંઘટ', 'ઘરાના' જેવી ફિલ્મો મેં સાઉથના પ્રોડક્શન માટે કરી. ભારત ભૂષણજી સાથે કામ કરતી વખતે એમણે મને કહ્યું કે, મારે વાંચવાની ટેવ પાડવી જોઈએ. મેં સ્કૂલ અધૂરી છોડી અને કોલેજ તો કરી જ નહીં, એટલે ભારત ભૂષણજીનો એવો આગ્રહ હતો કે મારે વાંચવાથી મારા અભિનય અને ભાષામાં સુધાર કરવો જોઈએ. એમણે જે પુસ્તકો સજેસ્ટ કર્યાં એ એટલાં અઘરાં અને મુશ્કેલ હતાં કે મને કોઈ બહુ રસ પડ્યો નહીં!

એ દિવસોમાં મને ગુરુ દત્ત સાથે ફિલ્મ કરવાનું આમંત્રણ મળ્યું. ફિલ્મ હતી 'ભરોસા'. એમની સાથે કામ કરવું એ મારું સપનું હતું, પણ જ્યારે કામ કરવાનું શરૂ કર્યું ત્યારે સમજાયું કે, એ ખૂબ ઓછું બોલતા. એમની શૂટ પહેલાંની એક પ્રોસેસ હતી અને દરેક વખતે નાનામાં નાની ચીજમાં અત્યંત પરફેક્શનિષ્ટ હતા. ઉદય શંકરના હાથ નીચે એમણે નૃત્યની તાલીમ લીધેલી. ખૂબ સારા ડાન્સર હતા એ વાતની જાણ તો મને પછીથી થયેલી. એ ફિલ્મમાં એક ગીત હતું 'યે ઝૂકે ઝૂકે નૈના' જેના ડાન્સ માટે અમે ૧૨ દિવસ રિહર્સલ કરેલા. ગુરુ દત્ત સાહેબને એટલી બધી સમજ હતી કે, એ ડિરેક્ટરને પણ ક્યારેક કેમેરા કેવી રીતે મૂકવો એની સલાહ આપતા. જ્યારે અમે 'ભરોસા' શૂટ કરતાં હતાં ત્યારે એમણે મને એક ફિલ્મની ઓફર આપેલી, પરંતુ મારી મમ્મીને લાગ્યું કે, એ રોલમાં થોડો ખલનાયિકાનો પણ રંગ હતો. ફિલ્મની ના પાડવાને બદલે મમ્મીએ બે લાખ રૂપિયા માગ્યા. ગુરુ દત્ત સાહેબે જાતે જ ના પાડી દીધી. એ પછી એમણે એક-બે હિરોઈનને પણ પૂછ્યું, પરંતુ સૌને લાગ્યું કે એમાં વેમ્પનો શૅડ હતો જેથી બધાએ જ ના પાડી અને ફિલ્મ ન બની શકી.

જીવનમાં કેટલીક ઘટનાઓ એવી હોય છે જે આપણને સપનાં જેવી લાગે. કદી ધાર્યું ન હોય એવી કોઈ તક આપણા ખોળામાં આવીને પડે તો! એક દિવસ અમારા ઘરની લેન્ડલાઈન પર ફોન આવ્યો. ઘેરા-ઘૂંટાયેલા અવાજમાં સામેથી સંભળાયું, 'હું સત્યજિત રાય બોલું છું. તમને મારી એક ફિલ્મમાં રોલ કરવો ગમે?' મારે કશું કહેવાનું જ નહોતું, 'હા' પાડવા સિવાય. એમણે કહ્યું, 'હું મુંબઈ આવીશ ત્યારે તમને મળીશ.' હું આતુરતાથી રાહ જોવા લાગી, પછી એક દિવસ એમનો ફોન આવ્યો, 'હું મુંબઈમાં છું. સમય ઓછો છે, પણ મળી શકાય?' હું એમને એક ફાઈવસ્ટાર હોટેલમાં મળવા ગઈ. ત્યાં સુધી પહોંચતાંમાં તો મારા હૃદયની ધડકન અત્યંત તેજ થઈ ગઈ હતી. એમણે મને સ્ટોરી સંભળાવી. મેં તરત જ હા પાડી, પરંતુ સત્યજિત રાયની એક રીત હતી. કામ કરવાની એક પદ્ધતિ હતી. એમને એક મહિના માટે સળંગ તારીખો જોઈતી હતી જે મારે માટે એ સમયે શક્ય નહોતું. મારા બાકીના નિર્માતાઓને હું શું જવાબ આપું? કેટલાકના સેટ લાગી ચૂક્યા હતા, કેટલાકનું કામ શરૂ થઈ ચૂક્યું હતું. એ બધું રખડાવીને કલકત્તા જવાની મારી તૈયારી નહોતી. મેં ભારે હૃદયે એમને આ વાત સમજાવી. એ પણ સમજ્યા. મારી આંખોમાં પાણી આવી ગયાં. એ વખતે એમની સાથે પડાવેલો ફોટો હજી મારી પાસે છે, જે મારી ખૂબ પ્રિય સ્મૃતિ છે. બંગાળી દિગ્દર્શકો પ્રત્યે મને એક આકર્ષણ રહ્યું છે, બંગાળી અભિનેતાઓ પણ મને ખૂબ ઈમ્પ્રેસ કરે છે. એમની અને મારી અભિનયની સ્કૂલ અલગ છે, પણ મને હંમેશાં લાગ્યું છે કે, એમની પાસે એક અલગ સેન્સિટિવિટી-સંવેદના છે. ઉત્તમ કુમાર સાથેની ફિલ્મ દરમિયાન મને એ જ અનુભવ થયો. એમની સાથે ફિલ્મ કરવાની ખૂબ મજા પડી, પરંતુ ચાર-પાંચ દિવસના શૂટિંગ પછી બે પ્રોડ્યુસર્સ વચ્ચે ઝઘડો થયો. ફિલ્મ નહીં બને એવું નક્કી થઈ ગયું. ભારે હૃદયે કલકત્તા પાછાં ફરતાં પહેલાં એમણે મને ફોન કરીને કહ્યું, 'હું મુંબઈની ફિલ્મી દુનિયાની સૌથી લકી હિરોઈન સાથે કામ ન કરી શક્યો! ફરી કોઈવાર પાછો ફરીશ!

એ પછી નાસિર હુસૈનની ફિલ્મ 'જબરદસ્ત' (૧૯૭૯)માં મને દિલીપ સાહેબની પત્નીનો રોલ ઓફર કરવામાં આવ્યો. મેં તરત જ હા પાડી, કારણ કે દિલીપ સાહેબ સાથે કામ કરવું એ પણ મારું સ્વપ્ન હતું જોકે પછી મને ડ્રોપ કરવામાં આવી. મેં મુહૂર્ત શોર્ટનો ક્લેપ આપ્યો, પણ હું ફિલ્મમાં નહોતી. નવાઈની વાત એ થઈ કે, પછી એ ફિલ્મ બની જ નહીં. દિલીપકુમાર સાથેની ફિલ્મ ૧૯૭૨માં 'દાસ્તાન'માં પણ મને કાસ્ટ કરવાની વાત હતી, પરંતુ પછીથી એ રોલ બિંદુજી પાસે ચાલી ગયો.

થોડા વખત પછી એક ઈન્ટરવ્યૂમાં પીટીઆઈના રિપોર્ટરે એક સ્ટોરી છાપી. જેમાં મેં નહોતું કહ્યું તેમ છતાં, એમણે લખ્યું, 'જે લોકો મને નથી ગમતા એમની સાથે હું કામ નથી કરતી.' આ સ્ટોરી ખૂબ ચગી, કારણ કે આ સ્ટેટમેન્ટ દિલીપ સાહેબ વિશે કરવામાં આવ્યું હતું એવું એમણે પ્રસ્થાપિત કર્યું. સાયરાજી અને દિલીપ સા'બ બંને જણે મને કહ્યું કે, એ આવાં બધાં સ્ટેટમેન્ટ પર ભરોસો નથી કરતાં.


એવું જ રાજ કપૂરની બાબતમાં પણ થયું. એમની સાથે એક ફિલ્મ 'ચોર મંડલી' (૧૯૮૩)માં મને કાસ્ટ કરવામાં આવી, પણ ફિલ્મ કદી રિલીઝ જ ન થઈ. ફિલ્મ બનવામાં એટલો બધો સમય લાગ્યો કે, એ દિવસોમાં રાજ સા'બનો લૂક જ બદલાઈ ગયો. અડધી ફિલ્મમાં રાજ સા'બ જુદા દેખાતા હતા અને અડધી ફિલ્મમાં એ જુદા દેખાતા હતા. ફિલ્મને ડબ્બામાં બંધ કરી દેવામાં આવી. એ પછી આશા ભોંસલેના સેક્રેટરી બાબુભાઈએ અમિતાભ બચ્ચન સામે મને કાસ્ટ કરવાની ઓફર આપી. મેં હા

(જુઓ પાનું ૬) ▸▸

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

### ભારતની વીરાંગનાઓ

## કોમનવેલ્થ ગેમ્સ-જિમ્નેસ્ટિક્સમાં ચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય નારી દીપા કર્મકાર



**દીપાનો** અર્થ એક દીવો થાય, તેજસ્વી થાય અને જે પ્રકાશ આપે છે અને ચમકે છે એવો પણ થાય.... ભારતની જિમ્નેસ્ટ દીપા કર્મકારે આ તમામ અર્થ સાર્થક કર્યા છે. જિમ્નેસ્ટિકસના ક્ષેત્રમાં દીપા દેશ અને દુનિયામાં દીવાની માફક ઝળહળી છે, પોતાની રમતના તેજસ્વી પ્રદર્શનથી તેજ પાથર્યું છે, સૂર્યની જેમ પ્રકાશી છે અને ચંદ્રની જેમ ચમકી છે....

આ દીપા કર્મકાર કોમનવેલ્થ ગેમ્સમાં જિમ્નેસ્ટિકસ ક્ષેત્રે ચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી છે. ઓલિમ્પિક માટે ક્વોલિફાય થનારી પણ એ જ પ્રથમ ભારતીય મહિલા ખેલાડી છે.

દીપાની સિદ્ધિને પગલે ભારત સરકારે એને ૨૦૧૫માં 'અર્જુન' પુરસ્કારથી, ૨૦૧૬માં રાજીવ ગાંધી 'ખેલ રત્ન' પુરસ્કારથી અને ૨૦૧૭માં દેશના ચોથા સર્વોચ્ચ સન્માન 'પદ્મશ્રી'થી પુરસ્કૃત કરી છે. વર્ષ ૨૦૧૮માં મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી દીપાને પ્રથમ મહિલા પુરસ્કાર પણ એનાયત થયો છે !

ઓલિમ્પિકસમાં ત્રણ પ્રકારના જિમ્નેસ્ટિક્સ દર્શાવવામાં આવ્યા છે: લયબદ્ધ જિમ્નેસ્ટિક્સ- ટ્રેમ્પોલીન અને કલાત્મક જિમ્નેસ્ટિકસ.. રિધમિક જિમ્નેસ્ટિક્સ કદાચ બીજા ક્રમનું સૌથી જાણીતું છે. જિમ્નેસ્ટ્સ બધા એક જ ફ્લોર સાદડી પર સ્પર્ધા કરે છે, પરંતુ એ બધા એમના દિનચર્યાના ભાગરૂપે ઘોડાની લગામ, રોપ્સ, હૂપ્સ અને અન્ય સાધનોનો ઉપયોગ કરે છે.

ટ્રેમ્પોલીનમાં આડાં ચોકઠા પર સ્પ્રિંગ વતી જડેલું બજાણિયાના ખેલ માટે વપરાતું કંતાન... જિમ્નેસ્ટિક્સમાં જિમ્નેસ્ટના દરેક બાઉન્સ પર ઉચ્ચ ઉડતી ફ્લિપ અને ટ્વિસ્ટ કરે છે. કલાત્મક જિમ્નેસ્ટિક્સ આકર્ષણનું કેન્દ્ર બને છે અને તે સામાન્ય રીતે જિમ્નેસ્ટિક્સનો સૌથી જાણીતો પ્રકાર છે.

મહિલા કલાત્મક જિમ્નેસ્ટિકસમાં જિમ્નેસ્ટ ચાર ઉપકરણો- વોલ્ટ, અસમાન બાર, સંતુલન બીમ અને ફ્લોર કસરત પર સ્પર્ધા કરે છે. કલાત્મક જિમ્નેસ્ટિક્સમાં સ્ત્રી દ્વારા ફ્લોર કસરતો કરવામાં આવે છે.... આપણે જેની વાત માંડી છે એ દીપા કર્મકાર કલાત્મક જિમ્નેસ્ટિક્સની જિમ્નેસ્ટ છે !

દીપાએ કલાત્મક જિમ્નેસ્ટિકસમાં વોલ્ટમાં મહારથ હાંસલ કરી છે. ખાસ કરીને પ્રોદુનોવા વોલ્ટમાં એ માહિર છે. પ્રોદુનોવામાં વોલ્ટિંગ હોર્સ પર એક ફ્રન્ટ હેડસ્પ્રિંગ સાથે બે સમરસોલ્ટ કરવામાં આવે છે.

સરળ શબ્દોમાં આ જમ્પમાં પગને વાળીને ઘૂંટણમાં હાથ પકડીને બે ગુલાંટી મારીને નીચે પડવાનું હોય છે. રશિયન જિમ્નેસ્ટ યેલેના પ્રોદુનોવાએ ૧૯૯૯માં સૌથી પહેલાં આ વોલ્ટ શરૂ કરી કરેલી. એના નામે આ વોલ્ટ મશહૂર બની. આ વોલ્ટનો કઠિનાઈ સૂચકાંક સાત છે, જે મહિલા કલાત્મક જિમ્નેસ્ટિકસમાં કરાતો સર્વાધિક કઠિન ગણાય છે.

રશિયાની યેલેના પ્રોદુનોવા, ડોમિનિકની યામિલેટ પેના, મિસરની ફાદવા મહમૂદ અને ઉઝબેકિસ્તાનની ઓકસાના ચુતવિતિના ઉપરાંત ભારતની માત્ર દીપા કર્મકાર જ પ્રોદુનોવાને સફળતાથી પાર પાડી શકી છે.

પ્રોદુનોવા અત્યંત ખતરનાક વોલ્ટ ગણાય છે. એનું કારણ એ છે કે કોઈ પણ જિમ્નેસ્ટ પ્રોદુનોવા કરતી વેળાએ અપંગ થઈ શકે છે. એનો જીવ પણ જઈ શકે છે. ૨૦૧૩માં ગ્રીસની ફાદવા મહમોંડ વોલ્ટ કરતી સમયે ગરદનના ભાગે પડી હતી. એ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થવા છતાં બચી ગયેલી. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે જો કોઇ જિમ્નેસ્ટ માથાના ભાગે પડે તો ઘટનાસ્થળે જ એનું મોત થઇ શકે છે. આમ પ્રોદુનોવા વોલ્ટ અતિશય જોખમી વોલ્ટ ગણાય છે, પણ દીપા કર્મકારે આ ઘાતક વ્યાયામને જ પોતાનું હથિયાર બનાવ્યું છે. દીપા પ્રોદુનોવામાં પારંગત થઈ છે. મારવો તો મીર !

દીપા કર્મકારનો જન્મ ૯ ઓગસ્ટ ૧૯૯૩ના ત્રિપુરાના અગરતલામાં થયેલો. માતા ગીતા ગૃહિણી છે. દીપા માતા ગીતાની અત્યંત નજીક છે. એ માતાને પોતાનો 'લકી ચાર્મ' માને છે. પિતા દુલાલ કર્મકાર વેઈટ લિફ્ટિંગના ભારતના સૌથી સારા પ્રશિક્ષકોમાંના એક. દીપાનું શિક્ષણ અગરતલામાં જ થયું. અભયનગરના નજરુલ સ્મૃતિ વિદ્યાલયમાં શાળાનો અભ્યાસ પૂરો કર્યો. મહિલા કોલેજમાંથી સ્નાતક થઈ.

જો કે દીપાને બાળપણથી જ જિમ્નેસ્ટિક્સમાં રસ પડતો. પિતા દુલાલે દીકરી દીપાની ક્ષમતા અને જિમનેસ્ટિક પ્રત્યેના લગાવને પારખી લીધેલો. એમણે દીકરી દીપાને દરેક બાબતમાં સહકાર આપ્યો. પરિણામે એમણે દીપા છ વર્ષની થઈ ત્યારથી જ એને તાલીમ આપવાનું શરૂ કરી દીધેલું.

દીપાએ નાની ઉંમરે જિમ્નેસ્ટિક્સનું શિક્ષણ લેવાનું શરૂ કર્યું ત્યારે એણે ઘણી પરેશાનીઓનો સામનો કરવો પડેલો. દીપાનાં પગનાં તળિયાં એકદમ સપાટ હતાં. કોઈ પણ જિમ્નાસ્ટ માટે એ સારું ન ગણાય. સપાટ તળિયાંને કારણે દીપાના કૂદકાના અને દોડવાના પ્રદર્શનમાં ખાસ્સી અસર થતી. જો કે, દીપાએ પોતાની શારીરિક નબળાઈને જ તાકાત બનાવવાનો સંકલ્પ કર્યો. એ વધુ ને વધુ મહેનત કરવા લાગી.

આકરા પ્રશિક્ષણ અને કઠોર પરિશ્રમને પગલે દીપા પોતાના પગને જિમ્નેસ્ટિક્સ માટે જરૂરી કમાનો પગમાં વિકસિત કરવામાં સક્ષમ થઈ. ત્યાર બાદ પિતા દુલાલે દીપાને વિવેકાનંદ જિમ્નેશિયમમાં પ્રવેશ અપાવ્યો. ત્યાં એના શિક્ષક બિશ્વેશ્વર નંદી હતા. જો કે ત્યાં જિમ્નેશિયમ અત્યંત સાધારણ કક્ષાનું હતું. ત્યાં જિમ્નેસ્ટિક્સ માટે જોઈએ એવાં ઉપકરણો પણ ઢંગધડા વગરના હતાં. બીજો કોઈ વિકલ્પ ન હોવાથી દીપા ત્યાં રહીં ખંતથી પ્રેક્ટિસ કરતી. દીપા અત્યંત જિદ્દી ખેલાડી હતી. સંતોષ ન થાય ત્યાં સુધી એ અભ્યાસ કર્યા કરતી. એણે માતા-પિતાને વચન આપ્યું કે, એક દિવસ પોતે મોટી જીત મેળવીને નામ કમાશે !

પોતાનું આ વચન પાળવાની દિશામાં દીપાએ પરિશ્રમ અને પ્રશિક્ષણનું પગલું ભર્યું. પરિણામ એ આવ્યું કે ૨૦૦૭ સુધીમાં દીપાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ૬૭ સુવર્ણ ચંદ્રક સહિત ૭૭ ચંદ્રક મેળવી લીધા હતા ! ૨૦૧૪માં, કોમનવેલ્થ ગેમ્સમાં દીપા મહિલા વોલ્ટ ફાઈનલમાં કાંસ્ય ચંદ્રક વિજેતા બનીને, જિમ્નેસ્ટિકસમાં ચંદ્રક જીતનાર પહેલી ભારતીય મહિલા ખેલાડી બની. ૨૦૧૪માં જ એશિયન ગેમ્સમાં દીપા ફાઈનલમાં પહોંચેલી. ૨૦૧૫માં જાપાનના હિરોશિમામાં આયોજિત એશિયન ચેમ્પિયનશિપમાં દીપાએ મહિલા વોલ્ટમાં કાંસ્ય ચંદ્રક જીતેલો. ઓક્ટોબર ૨૦૧૫માં વર્લ્ડ આર્ટિસ્ટિક જિમ્નેસ્ટિક ચેમ્પિયનશિપમાં ક્વોલિફાય થયેલી. ૨૦૧૬માં રિયો ઓલિમ્પિકમાં દીપા સામેલ થઈ. ક્વોલિફાય રાઉન્ડમાં દીપાએ પ્રોદુનોવા જમ્પ કરીને ફાઇનલમાં સ્થાન બનાવેલું.


ઓલિમ્પિકના બાવન વર્ષના ઇતિહાસમાં જિમ્નેસ્ટિક્સ માટે ક્વોલિફાય થનારી એ પહેલી ભારતીય ખેલાડી હતી. ઓલિમ્પિકમાં અમેરિકાની જિમ્નેસ્ટ સિમોન બાઈલ્સ સૌથી વધુ સુવર્ણ ચંદ્રક મેળવનાર ખેલાડી. હોવા છતાં જોખમી પ્રોદુનોવા માટે તૈયાર નહોતી, પણ દીપા માટે પ્રોદુનોવા ડાબા હાથના ખેલ જેવો હતો. ઓલિમ્પિકમાં જવાના ત્રણ મહિના

(જુઓ પાનું ૬) ▸▸

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## તરુણાવસ્થાએ એકાગ્રતાને આપો અગ્રિમતા

### ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી



**ઋત્તા** - વસંત ઋતુ જેવી હસતી-ખેલતી, ખૂબસૂરત , ખુશમિજાજ તરુણી આજકાલ જાણે મુરઝાય રહી છે. જીવનમાં હજુ હમણાં જ દસમા ધોરણે દસ્તક દીધા બાદ રમતગમતમાંથી ભણવા તરફ વળેલી ઋત્તાએ એકાગ્રતા કેળવવાના શક્ય એટલાં દરેક પ્રયત્ન કરી લીધા, પણ સફળતા કોઈ રીતે હાથમાં આવતી નહોતી. વાંચવામાં, ભણવામાં એનું મન બિલ્કુલ નહોતું લાગતું. મન બહુ ચંચળ હોય છે એવું એણે આજ દીન સુધી માત્ર સાંભળેલું પરંતુ હવે એ સાંગોપાંગ અનુભવી રહી હતી. ઋત્તાની અકળામણનો કોઈ પાર રહ્યો નહોતો, પરંતુ કોની પાસે પોતાની સમસ્યાનું સમાધાન મળશે એની પણ કોઈ જાણકારી નહોતી. એવામાં ન્યુઝપેપરમાં કેરિયર ગાઈડન્સ માટેના એક ફ્રી સેમિનારની જાહેરાત જોઈ એનું મન હરકતમાં આવ્યું. પોતાના ચાર-પાંચ ફ્રેન્ડ્સ સાથે નક્કી કરી લીધું કે જઈને એકવાર જોઈએ તો ખરા શું સમજાવે છે? પણ ત્યાં પહોંચ્યા બાદ ઋત્તા સાથે એ જ થયું જે દર રોજ ઘર, સ્કૂલ, કલાસીસમાં થતું.

એ માંડ દસ મિનિટ જેટલું જ ધ્યાનથી સાંભળી શકી.... પછી ખલ્લાસ !

જો કયાંય મન ચોંટે તો એનું નામ ઋત્તા નહીં. જેમ તરુણાવસ્થાનં વર્ષો વિતતા ચાલ્યા તેમ કોઈ વાતે એક જગ્યાએ ઋત્તાનું મન શાંત ના રહેવાની સમસ્યા વધતી ચાલી જેના પરિણામસ્વરૂપ ધીરે ધીરે એને ઠપકો પડવાનું શરૂ થયું. સ્કૂલ ટેસ્ટના રિઝલ્ટ્સ ખરાબ આવવા લાગ્યા, પ્રોજેક્ટ્સ અધૂરા રહેવા લાગ્યા અને એક સમયે જે લોકો ઋત્તાના વખાણ કરતાં થાકતાં નહોતા એમને ઋત્તાને અળખામણી બનાવતાં સહેજપણ વાર લગાડી નહીં. આખરે, હતાશાથી તદ્દન ભાંગી પડેલી ઋત્તાને ભણવામાંથી ડ્રોપ આઉટ લેવાની ફરજ પડી , પરંતુ આપણી સાથે આવું ના થાય એ માટે વહેલીતકે અમુક સમજ કેળવી લેવી આવશ્યક હોય છે.

હંમેશાં એકધારું, એક જગ્યાએ બેસી ના શકતા, કોઈ પ્લાન કે વર્કઆઉટ માટે સમયનો વ્યવસ્થિત ઉપયોગ ના કરી શકતા કે લગભગ દરેક વાતે અતિ બેદરકાર સાબિત થતાં ટીનેજર્સની એકાગ્રતા છીનવાઈ જવાનું કારણ છે ન્યુરો બાયોલોજી...

એક અભ્યાસ મુજબ તરુણો શારીરિક રીતે વિકાસ પામી એડલ્ટ જેવા દેખાવા તો લાગે છે, પરંતુ એમની માનસિક ઉંમર ક્યારેક વીસ વર્ષ કે તેથી વધુ ઉમરે પણ બાળક જેવી હોઈ શકે છે એટલાં માટે જ ટીનએજ બ્રેન ઘણું complicated - જટિલ ગણાય છે.

આ સમસ્યાના ઉકેલ માટે આપણું મન કયા સમયે સૌથી વધુ એકાગ્રતા કેળવી શકે છે તે પહેલાં સમજી લેવું જરૂરી છે. કોઈકને સવારના બે કલાક તો કોઈકને સાંજે કે રાત્રીના સમયે વાંચવા- ભણવા કે કંઈક નવું શીખવા- સમજવાની એકાગ્રતા કેળવી શકાતી હોય છે તો એ પ્રમાણે જો સમયપત્રક ગોઠવવામાં આવે તો એ ઘણી મદદરૂપ બની શકે છે. શક્ય હોય તો વીસ મિનિટના સ્ટડી બ્લોક બનાવો- તે માટે નાના નાના સ્ટડી ગોલ રાખો, જેમકે આ વીસ મિનિટમાં બ્રેક લેતાં પહેલાં આટલું તો વાંચી જ લેવું. સમયાંતરે નાનો બ્રેક લો અને ફરી અન્ય કોઈ વાંચવાનું કે જે કાર્ય હાથ પર લીધું હોય તે પુરૂં કરો.

' Be here now ' આ એક પ્રકારનું મેડિટેશન જેવું વાકય છે. એ કહે છે કે તમે જ્યાં છો ત્યાં રહેવાની કોશિશ કરો. તમારા વિચારોને જ્યાં છો ત્યાં કેન્દ્રિત રાખવાના પ્રયત્ન કરો, જેથી સારું પરિણામ મેળવી શકાય.

આટલું જ નહીં, ઘરમાં સ્ટડી કે કોઈ એકક્ટિવિટી કરવાની અને આરામ કરવાની જગ્યાને અલગ અલગ રાખવી અને જે જગ્યા પર વાંચવા બેસો ત્યાં વોલ પ્લાનર બનાવી આખા દિવસ દરમિયાન શું શું કરવાનું છે, કયા ટાસ્ક પૂરાં કરવાના છે એની નોંધ રાખો... મોબાઇલ, ટીવી, લેપટોપ જેવાં ગેઝેટ્સનો વપરાશ મર્યાદિત કરો. શકય હોય તો અભ્યાસ સમયે તેને બંધ કરી દો. એવાં સાધનોથી દૂર રહો... જે અકારણ તમારું ધ્યાન ખેંચવા સક્ષમ હોય અને જ્યારે એકાગ્રતા આવશ્યક હોય ત્યારે એ તમામ વસ્તુને પહેલેથી જ સાથે લઈને બેસો,જેથી વારંવાર ઊઠ-બેસ કરવાનો કે આઘાપાછા થવાનો વખત ના આવે.

આ ઉપરાંત ક્યારેક હેડફોન્સ પર કોઈ પ્રેરણાત્મક ઓડિયો સાંભળવાની આદત રાખવી. કોઈ એક એવો શોખ કેળવવો જેમકે સ્પોર્ટ્સ, ડાન્સ, પેઈન્ટિંગ, મ્યુઝિક , ઈત્યાદિ કે જેનાથી તમે આનંદિત રહી શકો.


એક વાત યાદ રાખો કે લગભગ બધા જ ટીનેજર અલગ અલગ સ્વભાવ તેમજ લાક્ષણિકતા ધરાવતા હોય છે. કોઈની સમસ્યા સામે બાથ ભીડવાની ક્ષમતા તેમજ તેમાંથી બહાર નીકળવાના રસ્તા પણ અલગ અલગ હોઈ શકે છે , પરંતુ જીવનમાં કોઈ સ્ટ્રેટેજી ના હોવી, એકાગ્રતાનો સંપૂર્ણ અભાવ અને પરિણામે એના ખરાબ પરિણામનો ભોગ બનવું એ કયારેય ન ચલાવી શકાય.

અમુક નિષ્ણાતોના મત મુજબ એડલ્ટહુડમાં પ્રવેશ્યા બાદ એકાગ્રતામાં જેટલો વધારો નથી કરી શકાતો એટલો ટીનએજમાં જો બ્રેનને સરખી કસરત કરાવવામાં આવે તો થઈ શકે છે.

મોટાભાગના તરુણોમાં કોઈ પણ અઘરી વાતથી ભાગી છૂટવાની મનોવૃત્તિ વધુ જોવા મળે છે , પરંતુ એકાગ્રતાથી આઘા ગયા વગર એ કેળવવા માટે શું કરવું એનું મનોમંથન કરવું જરૂરી છે. શરૂઆતથી જ આના પર ધ્યાન આપવામાં આવે તો પુખ્તવયે આવી કપરી સમસ્યા વખતે ઝૂકી જવાને બદલે લડી લેવાની માનસિકતા આપોઆપ કેળવાતી જશે, જે આશીર્વાદ સમાન પુરવાર થશે. ■

# પુરુષ




## આવા ભાગેડુ શ્રીમંત કૌભાંડકારીઓને આપણાં કયા કારાગૃહમાં વધુ ફાવશે?!





**‘બ્રેકિંગ ન્યૂઝ ’ છે કે અનેક કાયદાકીય ધમપછાડા પછી નીરવ મોદી-વિજય માલ્યાના સ્વદેશાગમન માટેની નક્કર યોજના ઘડાઈ ગઈ છે ત્યારે મુંબઈની આર્થર રોડ જેલ એમના માટે સુરક્ષાથી લઈને સુવિધા સુધી કેવી છે એની અલપ-ઝલપ..**

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

આજકાલ જેમ જેમ ચૂંટણીનો માહોલ જામતો જાય છે તેમ તેમ જેલના સમાચારો પણ વધુ ગાજી રહ્યા છે. કાલે ઊઠીને ક્યા નેતા કે કે કયા ધનપતિ કંઈ જેલમાં પહોંચી જશે એ કંઈ કહેવાય નહીં.

આવું જ કંઈક કેટલાય મહિનાથી થતું રહ્યું છે અબજો રૂપિયાની હેરાફેરી-કૌભાંડ કરીને વિદેશ પલાયન થઈ ગયેલા આપણા ‘સમાજશ્રેષ્ઠી’ ગણાતા વિજય માલ્યા અને નીરવ મોદીના સમાચારો સાથે...

એમને દેશપરત લાવવા આપણી સરકાર થોડાં વર્ષથી મથી રહી છે, પરંતુ કાયદાના અનેક ચોપડે ભાગેડુ તરીકે નોંધાઈ ગયેલા આ બન્ને ‘લાપતા’ આસામીને આપણે હજુ સ્વદેશ લાવી શક્યા નથી એ કડવી વાસ્તવિકતા છે.

જો કે, હમણના જ ‘બ્રેકિંગ ન્યૂઝ’ એ છે કે હવે બહુ ટૂંક જ સમયમાં આ બે કૌભાંડ્કારીઓની ઘરવાપસી થઈ જશે..સત્તાવાર સમાચાર અનુસાર આપણી ‘સીબીઆઈ’ -બ્રિટેનની રાષ્ટ્રીય જાસૂસી એજન્સી તથા ‘ઈન્ટરપોલ’ ની એક વિશેષ મીટિંગ હમણાં પાટનગર દિલ્હીમાં યોજાઈ ત્યારે મોદી-માલ્યાને ઘરપરત કરવાની યોજનાને અંતિમ આકાર અપાઈ ગયો છે.

આમ તો આ બન્ને એમનાં કાળાં-ધોળાં કારનામાં પછી બન્ને દેશ છોડીને અલોપ થઈ ગયા ને મહિનાઓ પછી લંડનથી ઝડપાયા બાદ એમના પ્રત્યાર્પણ માટે આપણી સરકારે પ્રયાસ શરૂ કર્યા પછી બન્ને આરોપી અને સરકારી વકીલો વચ્ચે કાનૂની દાવપેચ શરૂ થઈ ગયા હતા. લંડનની કોર્ટોમાં વિવિધ તબક્કે કાયદાકીય આંટીઘૂંટી પેશ કરીને નીરવે-વિજયે ઘણા ધમપછાડા કર્યા, પણ લંડન કોર્ટમાં એમનો પરાજય થતા એ બન્નેએ હવે જખ મારીને પણ ભારત પરત થવું જ પડશે.. એની ‘ઘરવાપસી’ પછી નીરવ જેવા ‘મિસ્ટર જ્વેલથીફ’ અને ‘ગ્રેટ શો-મેન’ આપણી કઈ જેલમાં ઉતારો’ એનાયત થશે એ જાણવું પણ રસપ્રદ બની રહેશે..

વિદેશોમાં કેટલાંક એવાં કાળમીંઢ કારાગૃહ છે કે એને અંદરથી ભેદીને કોઈ બહાર ન આવી શકે કે પછી બહારથી ખાતર પાડીને અંદર ન પ્રવેશી શકે વિદેશનાં આવાં પોલાદી પ્રિઝનમાં બહુ જાણીતી છતાં બડી બદનામ છે અમેરિકાની ‘અલકાટ્રઝ પ્રિઝન’... એના ઉલ્લેખ માત્રથી ભલભલા રીઢા અપરાધીઓ ભયથી ધ્રૂજી જાય.

સાન ફ્રાન્સિસકોના દરિયા કિનારેથી માંડ બે કિલોમીટરના અંતરે આવેલા એક ટાપુ પર છેક ૧૯૩૪માં શરૂ થયેલાં આ કારાગૃહની શરૂઆત લશ્કરી જેલ તરીકે થઈ હતી. બે વર્ષ બાદ લાંબી સજા પામેલા ડ્રગ્સ માફિયાના ખોફનાક કેદીઓને અહીં રાખવાના શરૂ થયા. અહીં માંડ ૩૫૦ કેદીને સમાવવાની જ કોટડીઓ હતી . જો કે કેદી પર એવી સખ્ત નિગરાની રાખવામાં આવે કે કોઈ કેદી જેલ નિયમનો નાનો અમથો ય ભંગ કરે તો એને અતિ ક્રૂર કહેવાય એવી માનસિક-શારીરિક સજા ફટકારવામાં આવે. અહીંની સિક્યુરિટી સિસ્ટમ એવી તગડી હતી કે આટલાં વર્ષોમાં જેલમાંથી ભાગી જવાના કુલ ૧૪ પ્રયાસ થયા,જેમાંથી પાંચેક કેદી જેલની હદ-સરહદ માંડ પાર કરી શક્યા. એમાંથી ૩ તો દરિયાઈ માર્ગે ભાગવાના પ્રયાસમાં ડૂબી મર્યા તો બાકીના બે ભાગેડુ જેલ સિક્યોરિટીના હાથે વીંધાઈ ગયા.. આ પ્રિઝનની ક્રૂરતા-કડકાઈ એવી વગોવાઈ ગઈ હતી કે આ જેલનું જ લોકાલ ને માહોલ લઈને હોલીવૂડમાં કેટલીક સફળ ફિલ્મો બની છે...

છેલ્લે છેલ્લે, કારાવાસના ઈતિહાસમાં સૌથી બદનામ આ કારાગૃહ કાર્યરત રાખવું બહુ ખર્ચાળ બની ગયું હોવાથી સરકારે જ ૧૯૬૮માં બંધ કરીને એને જેલ મ્યુઝિયમમાં ફેરવી નાખ્યું છે...

જો કે, તમને કદાચ નવાઈ લાગશે કે એક યા બીજાં કારણોસર વગોવાઈ ગયેલાં આવાં ઘણાં બધા ‘જાણીતાં’ જેલખાનામાં આપણાં પણ એક કારાવાસની ગણના થાય છે અને એ છે મુંબઈની આર્થર રોડ જેલ’!

આ બાજુ, આપણા ભાગેડુ વીઆઈપી અપરાધી નીરવ મોદી તથા વિજય માલ્યાને આવકારવા આપણા સત્તાવાળા તત્પર બેઠા છે એ નિમિત્તે પણ આપણે એ બન્નેનાં કૌભાંડો પર અહીં ઝડપભેર નજર દોડાવી જઈએ.

દુનિયાભરમાં હીરા-જવેરાતના વેપારમાં ઉદ્યોગ સાહસિક તરીકે બહુ ઝડપથી નામના હાંસલ કરનારા નીરવ મોદીની ઊંચી સાખ છ વર્ષ પહેલાં એવી વગોવાઈ કે કોઈને માન્યામાં જ ન આવે કે એ મોરલો કેવી કેવી કળા કરી જશે.. ‘પંજાબ નેશનલ બેન્ક’ (પી.એન.બી.)ના એકાદ કૌભાંડમાં એની કંપની સંડોવાઈ છે એવી વાત હજુ બહાર આવી ને કાનૂની કાર્યવાહી હજુ શરૂ થઈ ત્યાં નીરવ રાતોરાત મુંબઈ-ભારતમાંથી ‘ગાયબ’ થઈ ગયો ત્યારે કાનૂનના રખેવાળાને ખબર પડી કે બેન્કના એકાદ નહીં, ઢગલાબંધ છેતરપિંડી તથા લોન-કૌભાંડમાં નીરવ સક્રિય સંડોવાયેલો હતો. એ બધાં કૌભાંડની રકમ થતી હતી અધધધ રૂપિયા ૧૪,૦૦૦ કરોડ!

યોગાનું યોગ, એ જ વખતે દેશમાં કૌભાંડોનો સિનારિયો અનાયાસ એવો ગોઠવાઈ ગયો હતો કે નીરવ મોદી અને એના કૌભાંડી મામા મેહુલ ચોક્સી ‘લાપતા’ થયા (૧૮ જાન્યુઆરી-૨૦૧૮) એના થોડા સમય પહેલાં જ ‘કિંગફિશર’ જેવો ધૂમ વેંચાતા બિયરની કંપની ‘યુનાઈટેડ બેવરેજ’ તથા ‘કિંગફિશર એરલાઈન્સ’ તથા બેંગ્લોરની ક્રિકેટ ટીમ રોયલ ચેલેન્જર્સના સર્વેસર્વા એવા વિજય વિઠલ માલિયા પણ ૧૭ જેટલી રાષ્ટ્રીયકૃત બેન્કો પાસે લીધેલી લોનના ૯ હજાર કરોડ રૂપિયા વત્તા પોતાના કર્મચારીના લાખો રૂપિયાના પગાર-બચત ઓહિયા કરીને બધાના દેખતા રૂવાબભેર લંડન ભેગો થઈ ગયો હતો!

ટૂંકમાં આ ‘કિંગ ઑફ ગુડ ટાઈમ્સ’ રૂપિયા ૧૦ હજાર કરોડનું ફુલેકું ફેરવી અનેક સરકારી બેન્ક ને અન્ય ઉઘરાણીવાળાઓને રાતે પાણીએ રડાવી ગયા પછી સરકારે વિજય માલ્યાને દેશમાં પરત લાવવાની કાર્યવાહી શરૂ કરી, પણ પેલાએ ‘સ્વદેશગમન’ ન કરવું પડે માટે કાયદાની બધી જ છટકબારીઓને ઉપયોગ કરી જોયો, જેમકે ‘ભારતની બધી જેલ સાવ બદતર છે’ ઈત્યાદિ એવી ઘણી વાહિયત દલીલો લંડનની હાઈ કોર્ટમાં માલ્યાએ એના મોંઘા કાયદા નિષ્ણાત વકીલો દ્વારા પેશ કરી, પણ લંડન હાઈ કોર્ટે એની તમામ દલીલો-રજૂઆતો ને ફગાવી દઈ ભારત સરકારની પ્રત્યાર્પણની અરજી મંજૂર રાખી. એને અટકાવવા આજે પણ વિજય માલ્યા છેલ્લી મિનિટના હવાતિયા મારી રહ્યો છે..

લગભગ આ જ પ્રકારની દલીલો નીરવ મોદીનું ‘વિદ્વાન’ વકીલજૂથ કરી રહ્યું હતું કે ભારતની જેલ ગંદી છે ત્યાં મચ્છર-ઉંદરોનો ભારે ત્રાસ છે.. જેલ નજીક બહુ ગંદી ઝૂપડ્પટી છે મારા અસીલની માનસિક અવસ્થા ડામાડોળ છે જેલ-બેરેકનો માહોલ એવો છે કે એ કદાચ આપઘાત કરવા પણ પ્રેરાય...!

માલ્યા-મોદીની આવી એક જ પ્રકારની દલીલો થઈ પછી બ્રિટિશ કોર્ટે ભારત સરકાર પાસેથી સૌથી સુરક્ષિત ગણાતી મુંબઈની આર્થેર રોડ જેલની બેરેક નંબર-૧૨ની વિગતો-ફોટા-વીડિયો ક્લિપ્સ મંગાવી એનો અભ્યાસ કર્યા પછી મોદી-માલ્યાની સુનાવણી વખતે કોર્ટે એના ચુકાદામાં તડ ને ફડ સંભળાવી દીધું કે તમારા જેવા હાઈ-ફાઈ આરોપી-અપરાધીઓ માટે આર્થર રોડ પ્રિઝન બેરેક-૧૨ એકદમ સુરક્ષિત છે..ત્યાં માનસિક-શારીરિક તબીબી સેવાની પૂરતી ગોઠવણ છે ને કેદી આપઘાત કરી શકે એવી

(જુઓ પાનું ૬) ▶▶

સ્પોર્ટ્સમેન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## ડેરેક અન્ડરવૂડઃ ભીનાશવાળી પિચ પરના ‘ડેડલી’ સ્પિનરની અલવિદા

**કાઉન્ટીની એક ઈનિંગ્સમાં ૯ રનમાં લીધેલી ૮ વિકેટ તેમનો સુપર-ડુપર પર્ફોર્મન્સ હતોઃ આ મહાન બોલર ઑસ્ટ્રેલિયા અને ભારત સામે હતા સૌથી સફળ બન્યા હતા**

૧૯૬૮માં લંડનના ઓવલ ગ્રાઉન્ડ પર ઑસ્ટ્રેલિયા સામે ઇંગ્લૅન્ડ ઍશિઝ સિરીઝ હારવાની તૈયારીમાં હતું. એ સમયે ટેસ્ટ મૅચમાં એક દિવસનો રેસ્ટ ડે રખાતો હતો. ટેસ્ટના છેલ્લા દિવસે બિલ લૉરીની ટીમ ૩૫૨ રનનો લક્ષ્યાંક મેળવી શકે એમ હતી. ટેસ્ટ ડ્રૉ ગઈ હોત તો પણ ઑસ્ટ્રેલિયાનો ૧-૦થી વિજય થયો હોત. એમાં વળી લંચ-બ્રેક દરમ્યાન આભ ફાટ્યું હતું. જોકે ઇંગ્લૅન્ડના મહાન સ્પિનર ડેરેક અન્ડરવૂડ ઑસ્ટ્રેલિયાના બૅટર્સ પર ત્રાટકવા તત્પર હતા. તેમના હાથમાં ખંજવાળ આવતી હતી એમ કહીએ તો પણ ખોટું નથી. વરસાદ તો અટકી ગયો અને પિચ ક્યૂરેટર અને તેમના માળીઓ પિચ અને મેદાન સાફ કરવા મેદાન પર ઊતરી પણ આવ્યા, પરંતુ આઉટફીલ્ડ એટલું બધું ભીનું હતું કે જરાય રમવા લાયક નહોતું. અન્ડરવૂડ ઑસ્ટ્રેલિયાની ત્રણ વિકેટ લઈ ચૂક્યા હતા એટલે પ્રેક્ષકોને તેમની અને બીજા બોલર્સ (જૉન સ્નો, ડેવિડ બ્રાઉન, રે ઇલિંગવર્થ, બૅસિલ ઑલિવિરા)ની કમાલ ગમે એમ કરીને જોવી જ હતી એટલે એમાંના કેટલાક લોકો મેદાન પર આવી ગયા અને આઉટફીલ્ડ સાફ કરવા માળીઓને મદદ કરવા લાગ્યા હતા. ગ્રાઉન્ડ સાફ થઈ ગયું, રમવાલાયક થયું અને રમત ફરી શરૂ થઈ. જોતજોતામાં અન્ડરવૂડે કાંગારૂઓની બાકીની વિકેટ લઈ લીધી અને ઑસ્ટ્રેલિયન ટીમની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો. માત્ર ૨૭ બૉલમાં અન્ડરવૂડે ચાર વિકેટ લીધી અને ઑસ્ટ્રેલિયા ૨૨૬ રનથી પરાસ્ત થયું તેમ જ ઇંગ્લૅન્ડે સિરીઝ ૧-૧થી સમકક્ષ કરી લીધી. લેફ્ટ-આર્મ સ્પિનર અન્ડરવૂડની કમાલ તો જુઓ, મૅચમાં છેલ્લે છ મિનિટ બાકી રાખીને તેમણે ઇંગ્લૅન્ડને જિતાડ્યું હતું.

વિશ્વના ગ્રેટેસ્ટ-એવર સ્પિનર્સમાં ગણાતા ડેરેક અન્ડરવૂડ પર ફોકસ રાખવા પાછળનો આશય એ છે કે આ અઠવાડિયાની શરૂઆતમાં તેમનું અવસાન થયું હતું. તેઓ ૭૮ વર્ષના હતા.

‘ડેડલી’ તરીકે ઓળખાતા આ મહાન સ્પિનરે કંઈ કેટલાયે બૅટર્સમાં ડર ફેલાવી દીધો હતો. તેમની સૌથી મોટી ખાસિયત બીજા કોઈ બોલરમાં નજરે નહોતી પડતી અને હજીયે કોઈનામાં એવી કાબેલિયત નથી દેખાતી. ‘ડેડલી’ અન્ડરવૂડ વરસાદને કારણે ભીની થયેલી પિચ પર પણ ભલભલા બૅટરની વિકેટ માટે ઘાતક સાબિત થઈ જતા હતા. સ્પિનનો એક પછી એક ડોઝ આપવાની સાથે તેઓ બૉલની પેસથી પણ બૅટર માટે માથાનો દુખાવો બની જતા હતા. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકાઓમાં એકલા અન્ડરવૂડને ભારતના ચાર સ્પિનર (બેદી, પ્રસન્ના, ચંદ્રશેખર, વેન્કટરાઘવન)ની બરાબરીમાં માનવામાં આવતા હતા. ૧૯૬૯થી ૧૯૭૩ સુધી ભારતના મહાન સ્પિનર્સ તેમ જ પાકિસ્તાનના અબ્દુલ કાદિરની હાજરીમાં અન્ડરવૂડ વિશ્વના નંબર-વન બોલર હતા.

સુનીલ ગાવસકરે અન્ડરવૂડની બોલિંગમાં ૧૨ વખત વિકેટ ગુમાવી હતી. ગાવસકરે બીજા કોઈ પણ બોલર સામે આનાથી વધુ વખત વિકેટ નહોતી ગુમાવી. અન્ડરવૂડની બોલિંગમાં જે સચોટતા હતી, તેઓ નિતનવા સ્પિનના શસ્ત્રો ફેંકતા અને બોલિંગમાં જે ધૈર્ય બતાવતા એ તેમની સૌથી મોટી વિશેષતાઓ હતી જે તેમના કૅપ્ટનો હંમેશાં આશીર્વાદરૂપ સાબિત થતી હતી. અન્ડરવૂડ વિદેશમાં રમવા જતા ત્યારે ત્યાંની પિચને અનુરૂપ બોલિંગ કરતા હતા અને સફળતા મેળવતા હતા. ઉદાહરણ તરીકે, ઑસ્ટ્રેલિયા જતા ત્યારે બૉલની પેસ ઓછી કરી દેતા હતા. ઑસ્ટ્રેલિયા સામેની ૧૦૫માંથી ૫૦ વિકેટ તેમણે ઑસ્ટ્રેલિયાની પિચો પર અને ભારત સામેની ૬૨માંથી ૫૪ વિકેટ ભારતની ધરતી પર લીધી હતી.

૧૯૬૬થી ૧૯૮૨ દરમ્યાન ૮૬ ટેસ્ટ રમનાર અન્ડરવૂડે કુલ ૨૯૭ વિકેટ લીધી હતી જેમાંથી સૌથી વધુ ૧૦૫ વિકેટ ઑસ્ટ્રેલિયા સામે અને સેકન્ડ-બેસ્ટ ૬૨ વિકેટ ભારત સામે લીધી હતી.

૧૯૭૪માં લંડનમાં ઇન્તિખાબ આલમના સુકાનમાં રમવા આવેલી પાકિસ્તાનની ટીમ સામેની ટેસ્ટના બીજા દાવમાં અન્ડરવૂડે ૫૧ રનમાં આઠ વિકેટ લીધી હતી, પણ કમનસીબે એ મૅચ ડ્રૉમાં જતાં માઇક ડેનેસના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડ વિજયથી વંચિત રહ્યું હતું.

અન્ડરવૂડ ભીનાશવાળી પિચ પર થોકબંધ વિકેટો લેવામાં નિપુણ હતા એનો બીજું ઉદાહરણ પણ રસપ્રદ છે. ૧૯૭૩માં હૅસ્ટિંગ્સમાં તેઓ કેન્ટ વતી એક કાઉન્ટી મૅચ રમી રહ્યા હતા. ખૂબ વરસાદ પડ્યો એટલે ગ્રાઉન્ડ ભીનું થઈ ગયું. વરસાદ બંધ થયો, પણ પિચ અને આઉટફીલ્ડ ભીના હતા એટલે રમત ફરી શરૂ થઈ શકે એવી સ્થિતિમાં નહોતી. જોકે ફાયર-બ્રિગેડના કર્મચારીઓની સાથે કેટલાક પ્રેક્ષકો ઉઘાડા પગે મેદાન સાફ કરવા નીચે આવી ગયા અને જોત જોતામાં જોરદાર સાફસૂફી થઈ હતી. ત્યાર પછી અન્ડરવૂડે સસેક્સની બૅટિંગ લાઇન-અપની સાફસૂફી કરી નાખી હતી. તેમણે માત્ર નવ રનમાં આઠ વિકેટ લઈને સસેક્સની ટીમને પાયમાલ કરી નાખી હતી અને કેન્ટની ટીમને આનંદ-ઉલ્લાસથી માલામાલ કરી દીધી હતી.


અન્ડરવૂડની વિદાયથી ઇંગ્લૅન્ડ ઉપરાંત ખાસ કરીને કેન્ટ કાઉન્ટી ક્લબને સૌથી વધુ આઘાત લાગ્યો છે. અન્ડરવૂડે ૧૭ વર્ષની ઉંમરે કેન્ટ વતી રમવાનું શરૂ કર્યું હતું અને ત્રણ દાયકા દરમ્યાન એના વતી ૯૦૦ જેટલી મૅચ રમ્યા હતા, ૩૦૦૦ જેટલી વિકેટ લીધી હતી અને ૬૦૦૦થી પણ વધુ રન બનાવ્યા હતા. અન્ડરવૂડ ઇંગ્લૅન્ડ વતી સૌથી વધુ વિકેટ લેનારા બોલર્સમાં છઠ્ઠા નંબરે છે અને બ્રિટિશ સ્પિનર્સમાં ૨૯૭ વિકેટ સાથે અગ્રેસર છે. ગ્રેમ સ્વૉન (૨૫૫) તેમના પછી બીજા ક્રમે અને મોઇન અલી (૨૦૩) ત્રીજા સ્થાને છે.

અન્ડરવૂડે જો ૧૯૭૦ના દાયકામાં કેરી પૅકરની વર્લ્ડ સિરીઝ ક્રિકેટમાં અને ૧૯૮૦ના દાયકામાં સાઉથ આફ્રિકા ખાતેના પ્રતિબંધિત પ્રવાસમાં ભાગ ન લીધો હોત તો શેષ વિશ્વની ટીમોના બૅટર્સને તેમણે વધુ પરેશાન કર્યા હોત.■



૧૯૬૮માં અન્ડરવૂડે તમામ ૧૦ ફીલ્ડર્સને આસપાસ ઊભા રખાવીને ઑસ્ટ્રેલિયાના જૉન ઇન્વરેરિટીને એલબીડબ્લ્યૂ કર્યા હતા.






## ધ્વનિ પ્રદૂષણની ચિંતા તો થાય, પણ વાણી પ્રદૂષણનું શું?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback.ladki@bombaysamachar.com

હમણાં એક પ્રવચનમાં અત્યંત ઊંડી વાત સાંભળવા મળી. વક્તાએ કહ્યું કે આપણે ધ્વનિ પ્રદૂષણની તો બહુ વાત કરીએ છીએ, પરંતુ શું આપણે ક્યારેય વાણી પ્રદૂષણની ચર્ચા કરી છે ખરી?

વાત તો વિચારવા જેવી છે. આખરે વાણી પ્રદૂષણ આપણને વ્યક્તિગત સ્તર પર અત્યંત નુકસાન પહોંચાડે છે અને આપણા મન કે આપણાં જીવનની અશાંતિમાં પણ વાણી પ્રદૂષણનો ઘણો ફાળો હોય છે.

કઈ રીતે? તો કે આપણને ખબર જ નથી કે બોલવું અને બોલ બોલ કરવુંમાં અત્યંત ફરક છે. આપણે તો બસ મચી જ પડતા હોઈએ છીએ. જરૂર હોય કે ન હોય, પણ તમામ વાત પર આપણું ઓપિનિયન આપવા માંડતા હોઈએ છીએ. દરેક વાત-વિષયમાં આપણે વણમાગ્યો અભિપ્રાય વ્યક્ત કરતા ફરીએ છીએ અથવા તો કોઈની સાથે કારણ વિનાની લપ કે પંચાત કરતા રહીએ છીએ.

જો આ વિશે સહેજ થોભીને વિચાર કરીશું તો ખ્યાલ આવશે કે આપણા બોલબોલ કરતા રહેવાને કારણે આપણી આંતરિક શાંતિનો નાશ થતો હોય છે. સતત બોલબોલ કરવાને કારણે આપણે સતત વ્યાકુળ રહીએ છીએ અને એ કારણે જ આપણી અંદર ધીરજ પણ ખૂટતી જાય છે.

અંદરથી શાંત થવાની સૌથી પહેલી શરત છે ભીતરથી શાંત થવું. બહાર આપણે શક્ય એટલું ઓછું કે પછી જરૂર મુજબનું બોલીશું તો આપોઆપ અંદર ઠહેરાવ- સ્થિરતા આવવા માંડશે, જે આપણને ધીમે ધીમે વિચારોમાં કે આપણાં લક્ષ્યોમાં સ્પષ્ટતા આપશે.

આ એક પ્રકારનો યોગ જ થયો. આખરે કારણ વિનાનું બોલવાનું બંધ કરવું કે પછી શાંત રહેતા શીખી જવું એ અત્યંત કપરી બાબત છે.

બીજું એ કે, આજે મોટાભાગના લોકો ઓવરથિંકિંગથી પીડાઈએ છીએ. આપણને જે ઘટતું નથી-જે બનવાનું નથી એ વિશે આપણે સતત વિચાર કરીએ છીએ. જાણે મનમાં જ પરણીએ છીએ અને મનમાં જ રંડાઈએ છીએ.

ઓવરથિંકિંગ- વધુ પડ્તી વિચારવાની લતની અત્યંત ઘેરી અસર આપણા જીવન પર અનેક રીતે પડે છે. આપણી શારીરિક અને માનસિક સ્થિતિ તો ઓવરથિંકિંગને કારણે બગડે છે એની નકારાત્મકતાની અસર આપણા સંબંધ અને આપણી કરિઅર પણ પડે છે.

આ ઓવરથિંકિંગ રોકવાનો પણ એક જ ઉપાય છે કે આપણે આપણા વિચારો

(જુઓ પાનું ૬) ▶▶

# ભૂલ

ડૉ. મનીષા પટેલ
feedback.ladki@bombaysamachar.com

ટૂંકી વાર્તા



શ્રેયશ અને શ્રેયા પાર્ટીમાંથી મોડાં ઘરે આવ્યાં. ડ્રેસિંગ ટેબલ પાસે બેસી શ્રેયાએ જ્વેલરી તથા મેકઅપ કાઢતાં કહ્યું:

''શ્રુતિ આન્ટી પચાસ વર્ષે પણ બ્યુટિફૂલ લાગતાં હતાંને?''

શ્રેયશ કોઈ જવાબ આપ્યા વગર કપડાં બદલતો રહ્યો.

''આ ઉંમરે પણ એમનો એક યુવતીને શરમાવે એવો તરવરાટ, તે જોયું શ્રેયશ બધાનું ધ્યાન આકર્ષિત કરે એવું વ્યક્તિત્વ છે ને એમનું?''

કોઈ જ જવાબ ન મળતાં શ્રેયાએ જરા ઊંચા અવાજે પૂછ્યું: ''શ્રેયશ, હું તારી સાથે વાત કરું છું.''

''હં... હા એમાં તને નવાઈ લાગે છે. મેં તો એમને હંમેશાં આવાજ અપટુડેટ વીથ પ્લેઝન્ટ પર્સનાલીટી જોયાં છે. એટલે એમાં મને કાંઈ નવાઈ જેવું નથી લાગતું.''

શ્રેયશ આ બાબતમાં વધુ ચર્ચા કરવા નહોતો ઈચ્છતો એટલે પલંગ પર સૂઈ ગયો પણ ઊંઘ આવી નહીં. શ્રેયા તો પંદર મિનિટમાં જ ઘસઘસાટ સૂઈ ગઈ. અને જાગતો શ્રેયશ ભૂતકાળમાં સરી પડ્યો.

ચાર વર્ષ પહેલાં....

***

ચાર વર્ષ પહેલાં લગભગ રાત્રે સાડા નવ વાગે એણે શ્રુતિ આન્ટીનો ડોરબેલ વગાડ્યો. મનમાં હતું રાત્રે મોડું થયું હોવાથી એક થાકેલી કંટાળેલી સ્ત્રી બારણું ખોલી અણગમા સાથે આવકાર આપશે પણ એને આશ્ચર્ય થયું જ્યારે લૂઝ ટીશર્ટ અને જીન્સ પહેરેલી સ્ત્રીએ આકર્ષિત સ્મિત સાથે ઉષ્માભર્યું હસ્તધનૂન કરી હલકા અવાજે...

''ઓહ શ્રેયશ, વેલ કમ ટુ મુંબઈ...'' કહ્યું. એમના પરફ્યુમની ખુશ્બુ આજે પણ એને યાદ આવી ગઈ.

શ્રુતિઆન્ટી એ શ્રેયસના મમ્મી સ્વાતિની સાથે નાસિકમાં ભણેલી, સ્વાતિ સાથે એના પત્ર વ્યવહાર, ફોન પર કોન્ટેક્ટ હતા. જ્યારે શ્રેયશને મુંબઈના અંધેરી પરામાં સિપ્સમાં નોકરી મળી ત્યારે તે ખુશ હતો પણ રહેવાની સમસ્યા સતાવતી હતી. સ્વાતિએ તરત જ શ્રુતિને ફોન કરી જણાવ્યું. અને વિનંતી કરી કે નજીકમાં ક્યાંક ભાડાં પર ઘર હોય તો તું તપાસ કરજે...

''અરે, ભાડાં પર શા માટે, મારું પોતાનું તો ઘર છે... બે બેડરૂમ હોલ કિચન, અને હું એકલી... તને ખબર તો છે શૌર્ય તો અમદાવાદ હોસ્ટેલમાં ભણે છે અને સિદ્ધાર્થ તો શીપ પર જાય છે વર્ષમાં એકાદ મહિના માટે જ આવે છે. શ્રેયશની નવી નોકરી છે તું એને અહીં મોકલ એના રહેવા ખાવા પીવાની ચિંતા છોડી દે...''

સ્વાતિ શ્રુતિનો મોજીલો અને દિલદાર સ્વભાવ જાણતી હતી એટલે એણે કબૂલ કર્યું પણ શ્રેયશને અણગમો હતો.

''મમ્મી, એ તારી ફ્રેન્ડ છે મેં તો એમને છેલ્લા કેટલા સમયથી જોયા પણ નથી મને કેવી રીતે ફાવશે?''

''જો બેટા, નવી નોકરી છે બે-ત્રણ મહિના એડજસ્ટ કર અને પછી ત્યાં તું કોઈ જગ્યા શોધી લેજે.''

તે સમયે તો રહેવાનો પ્રશ્ન હલ થઈ ગયો...

''તું નાહીને ફ્રેશ થઈ જા. હું ડિનર ગરમ કરું છું. સાથે જમી લઈએ.''

શ્રેયશ ટ્રેન મોડી હોવાથી ખૂબ થાકી ગયો હતો પણ... શ્રુતિઆન્ટીના આદરભાવથી થાક ઊતરી ગયો.

નાહીને એ ડાઈનિંગ ટેબલ પર આવ્યો તો જાતજાતની વાનગી સુંદર રીતે સજાવી શ્રુતિઆન્ટી રાહ જોઈ રહ્યાં હતાં.

''અરે, આટલું બધું? આન્ટી વેરી સોરી મને મોડું થયું મારા લીધે આપને તકલીફ...''

''નેવર, આવું ક્યારેય વિચારવું નહીં. ડીયર, મને એકલીને જમવાનું ગમતું નથી તારી સાથે મને પણ કંપની મળશે...''

એમના મોહક સ્મિતને શ્રેયશ જોતો જ રહ્યો.

''ચાલ તારો રૂમ બતાવું...'' વ્યવસ્થિત સજાવેલો રૂમ જોઈ શ્રેયશ તો ખુશ થઈ ગયો.

''તું આરામ કર. કાલે રવિવાર છે આપણે વાતો કરીશું,'' કહી શ્રુતિ ચાલી ગઈ.

સવારે ઊઠતાં થોડું મોડું થયું. બહાર આવીને જોયું તો શ્રુતિઆન્ટી નાહીને ફ્રેશ હતાં.

''ગુડ મૉર્નિંગ ડીયર, ઊંઘ આવીને?''

''ગુડ મૉર્નિંગ આન્ટી, સવારમાં ઊઠીને તમે તો નાસ્તો પણ બનાવી લીધો... આટલી બધી તકલીફ.''

''શ્રેયશ, ક્યારેય મને આ કામથી તકલીફ નથી થતી એવું વિચાર, તને કાંઈ પણ તકલીફ હોય તો મને કહે.''

''નહીં આન્ટી, બસ આવતી કાલથી જવું છે...''

ત્યાર પછી બન્ને ક્યાંય સુધી વાતો કરતાં રહ્યાં, એની મમ્મીની, નોકરી, ટ્રાવેલિંગ વગેરે...

બન્ને લંચ માટે બહાર ગયાં... જીન્સ, ટી-શર્ટ અને છૂટા રાખેલા વાળ હોશ ઉડાડે એવી પરફ્યૂમની ખુશ્બુ અને સનગ્લાસીસ... શ્રેયશ તો જોતો જ રહી ગયો.

શ્રુતિઆન્ટી મુક્તતાથી વર્તતાં હતાં, જાણે વરસોથી ઓળખતા હોય એમ આત્મીયતાથી વાતો કરતાં હતાં.

સાંજે મોડા ઘરે આવ્યાં, શ્રેયશે આન્ટીને પોતાના દીકરા શૌર્ય સાથે મોબાઈલ પર વાત કરતાં સાંભળ્યાં.

''અરે ના શૌર્ય, બિઝી નથી. મારો મોબાઈલ હું ઘરે જ ભૂલી ગઈ હતી. શ્રેયશ સાથે બહાર લંચ લઈ ફરવા ગયાં હતાં.''

''ઓહો તને તો બોયફ્રેન્ડ મળી ગયો.''

''ના રે ના, બોયફ્રેન્ડ નહીં, એ તો મને શ્રુતિઆન્ટી કહે છે...'' અને પછી જોરથી હસી પડ્યા. સામે શૌર્ય પણ હસતો જ હશે...

સવારે શ્રેયશ તૈયાર થાય ત્યાં તો ચા નાસ્તો ટિફિન તૈયાર! આભારવશ શ્રેયશે શ્રુતિઆન્ટી તરફ જોયું તો એ જ મોહક સ્મિત સાથે એમણે બાય કહ્યું. બપોરે દોઢ વાગે ફોન કરી, જમ્યો, ભાવ્યું બધું પૂછી સાંજે શું ખાવું છે જાણી લીધું. શ્રેયશ ખુશ હતો. સાંજે ચા નાસ્તા સાથે ફ્રેશ થઈ મોડેથી ગપ્પા મારતાં ડિનર કરવું, ધીમે ધીમે આન્ટી સાથે મજાક મસ્તી કરતાં ખૂબ વાતો થતી જાણે વર્ષોથી એ અહીં જ રહેતો હોય.

***

તે દિવસે શ્રેયશ ઘરે પહોંચ્યો તો દરવાજો ખૂલ્લો જોયો અને જોતાં જ શ્રુતિઆન્ટી,

''ઓહ, શ્રેયુ જો... આવ આવ, જલ્દી આપણે છબછબિયા કરીએ...''

ખિલખિલાટ હસતાં જ શ્રુતિએ શ્રેયશ પર ફરસ પરથી પાણી લઈ ઉછાળ્યું... જો આપણું ઘર સ્વિમિંગ પૂલ બની ગયું.

''અરે, પણ કેવી રીતે?''

''સિમ્પલ, હું નળ બંધ કરવાનું ભૂલી ગયેલી અને ઘર પાણીથી ભરાઈ ગયું...'' કહેતા બેધડક એ પાણીમાં પલાંઠી વાળીને બેસી ગયાં.

''આવ તું પણ થોડું રમી લે, મજા કરી લે... પછી આપણે સાથે લૂછીશું...''

બેગ મૂકી બૂટ કાઢી શ્રેયશ આન્ટી પાસે જઈ ઊભો રહ્યો.

''અરે શું શરમાય છે નવી દુલ્હનની જેમ... આ લે...'' હથેળીમાં પાણી ભરી શ્રેયશ પર ઉડાડ્યું.

હવે શ્રેયશનો ક્ષોભ પણ ઓછો થયો. એણે પણ આન્ટી પર પાણી ઉડાડ્યું... મજા આવી બન્નેને.

બન્નેએ સાથે મળીને લૂંછ્યું. પંખા ચાલુ મૂકી કપડાં બદલવાં ગયા, અને આન્ટી ચા બનાવવા ગયાં.

શ્રેયશ વિચારતો રહ્યો. ''કમાલ છે આ સ્ત્રી!!''

બીજી કોઈ હોત તો, ''અરે બાપરે! મારું કારપેટ ભીનું થયું, લૂંછતા મારા હાથ, કમ્મર દુઃખી ગયા, આવું બધુ મારી સાથે જ થાય, મારું નસીબ જ વાંકું, બધી મુસીબતોમાં હું એકલી જ હોઉં, કંટાળી ગઈ છું. આ જિંદગીથી...'' વગેરે અનેક રોદણાં રડી હોત. ન ગભરાટ, ન ચિંતા, કોઈ પણ પરિસ્થિતિનો હસતાં હસતાં સહજતાથી સામનો કરવો, આ ગુણ કેળવવા જેવો છે. કોઈ પણ પ્રસંગે શાંત અને હસતા રહેવું.

ન ઈચ્છવા છતાં આન્ટી અને એની મમ્મીની સરખામણી થઈ ગઈ... એને ક્યારેય શ્રુતિમાં મમ્મી ન દેખાયા. ઑફિસમાં એની સાથે કામ કરતી છોકરીઓની તુલનામાં પણ શ્રુતિઆન્ટી શ્રેષ્ઠ જણાતાં હતાં.

શ્રેયશને અજીબ ન સમજાય એવું ખેંચાણ થતું હતું આન્ટી માટે... પચ્ચીસ વર્ષનો યુવાન આ સ્પદંન, ખેંચાણ ન સમજે એટલો નાદાન તો નહોતો. છતાં એને ટાળી શકતો નહોતો.

રોજે રોજ એને શ્રુતિઆન્ટીના નવા નવા ગુણ દેખાતા જેનાથી શ્રેયશ સતત આકર્ષાયા કરતો હતો. આજે શ્રેયશની બર્થડે હતી. સવારે તૈયાર થઈને બ્રેકફાસ્ટ કરતા શ્રુતિ આન્ટીને કાંઈ કહેવાનું મન થયું પણ ચૂપ રહ્યો. મનમાં એને વડીલ સમજી પગે લાગી આશીર્વાદ માંગવાની ઈચ્છા નહોતી થતી. ઓફિસમાં પણ શ્રેયશ ખોવાયેલો જ રહ્યો એને એના ઘરની મમ્મીની યાદ આવતી હતી.

સાંજે ઘરે આવ્યો શ્રુતિઆન્ટી બ્લૂ કલરની કાશ્મીરી એમ્બ્રોયડરીવાળી સુંદર સાડીમાં સજ્જ હતાં.

''ઓહ... શ્રેયુ... જા જલ્દી ફ્રેશ થઈને તૈયાર થઈ જા, આપણે ક્યાંક જવાનું છે... અને હા, પ્લીઝ, તારા માટે મેં કપડાં લાવી રાખ્યા છે જો ત્યાં તારા બેડ પર, એ જ પહેરજે...''

શ્રેયશે જોયું તો એના રૂમમાં લાઈટ બ્લૂ શર્ટ એ ડાર્ક બ્લૂ પેન્ટ...

વાઉ શું પસંદ છે આ સ્ત્રીની!! એની સાડી સાથે મેચિંગ... શર્ટ હાથમાં લેતાં એણે આન્ટીના જેવા જ પરફ્યુમની ખુશ્બૂ અનુભવી... એ રોમાંચિત થઈ ગયો... આ સ્ત્રી ખરેખર રોમાન્ટિક છે...

તૈયાર થઈને આવેલા શ્રેયસને ઉમળકાથી ભેટી ગાલ પર એક હળવું ચુંબન કરી કહ્યું:

''મેની મેની હેપી રિટર્ન ઓફ ધ ડે...''

''ઓહ! તમને યાદ છે...''

''યસ, મને ખબર છે તું એકલો છે અને એકલા એકલા બર્થડે મનાવતા કેવું દુઃખ થાય છે મને ખબર છે... ચાલ આપણે બહાર જઈએ... આ ટ્રીટ ફ્રોમ મી... અને આ લે તારી ગિફ્ટ.''

''અરે, પણ શું કરવા?''

''તને ગમશે, જો...''

''પરફ્યૂમ!! વાઉ!! સરસ છે.''

મોટી સ્ટાર હોટેલમાં અગાઉથી રિઝર્વ કરાવેલું ટેબલ અને સુંદર કેક... શ્રેયશ આનંદિત થઈ ગયો.

જમતાં જમતાં ડીશની આપલે કરતાં શ્રુતિના મેનીક્યોર કરી કલાત્મક રીતે પેઈન્ટ કરેલી નખવાળી આંગળીઓના સ્પર્શથી શ્રેયશ રોમાંચિત થઈ ઊઠતો. હળવેથી શ્રુતિનો હાથ પકડી શ્રેયશે આંગળી ને ચૂમી, જે શ્રુતિએ સ્મિતથી સ્વીકારી. ઘરે આવી થોડી વાર બેસી બન્ને પોત પોતાના રૂમમાં ગયાં. શ્રેયશ પોતાના રૂમમાંથી ધીમેથી શ્રુતિના બેડરૂમ તરફ ગયો. ધક્કો મારતાં જ અર્ધખૂલ્લુ બારણું ખૂલી ગયું. શ્રુતિની પીઠ દરવાજા તરફ હતી આથી એણે શ્રેયશને જોયો નહીં. કપડાં બદલવા સાડી ઉતારી ત્યાં તો એની ખૂલી કમર પર શ્રેયશનો હાથ વિંટળાઈ ગયો, શ્રુતિ ચોંકી પણ કોઈ જ પ્રતિકાર ન કર્યો.

''કેવાં સરસ છે તમારા લાંબા છુટ્ટા વાળ, સરસ લાગે છે! સાચું કહું, મને તો તારું બધું જ સરસ લાગે છે.'' મદહોસીમાં બોલાયેલા આ શબ્દો શ્રુતિને પણ ગમ્યા.

શ્રેયસના ઉષ્ણ શ્વાસોચ્છવાસ શ્રુતિની લીસી ત્વચાને સ્પર્શી રહ્યા... ફ્લેટનું નિરવ એકાંત, શ્રુતિના વ્યક્તિત્વથી આકર્ષાયેલો, યુવાનીના ઊંબરે ઊભેલો શ્રેયસ... ખોવાઈ ગયા બન્ને એકબીજાની એકલતામાં...

* * *

સવારે ડાઈનિંગ ટેબલ પર રોજની જેમ ફ્રેશ થઈ સ્મિત સાથે ગુડમૉર્નિંગ કહી શ્રેયસને આવકાર્યો. શ્રેયસે મોં ફેરવી લીધું.

''શ્રેયુ... નજર કેમ ફેરવે છે? ગમે છે ને તને? કે ગીલ્ટ, ગુનાહિત લાગણી અનુભવે છે?''

''મને એ નથી સમજાતું તું આટલી શાંત કેમ છે? તારા દીકરા કરતાં માંડ પાંચ વર્ષ મોટો... તારી ખાસ બહેનપણીનો દીકરો, તું કાલે અસ્વસ્થ થવી જોઈતી હતી, મને રોકવો જોઈતો હતો પણ... શું જવાબ આપીશ તું કાલે શૌર્યને કે સિદ્ધાર્થ અંકલને? ડર નથી લાગતો તને? ગુનાહિત લાગણી તને નથી થતી?''

''રિલેક્સ શ્રેયસ... તું ખૂબ વિચાર કરે છે... એટલે જ અપસેટ થઈ જાય છે. રહેવા દે હમણાં આ ચર્ચા બંધ કર શાંતિથી ઑફિસમાં જા...સાંજે વાત.''

સાંજે શ્રેયસે જોયું તો શ્રુતિ એવી જ સ્વસ્થ જ્યારે પોતે વિચારી વિચારીને થાકેલો...શ્રુતિએ જોયું શ્રેયસ બોલતો નહોતો છતાં એની નજરમાં ઘણાં પ્રશ્નો હતાં. પોતાના માટે ગેરસમજ ન કેળવે માટે જ એણે નક્કી કર્યું શ્રેયસને જણાવવાનું.

કોફીનો એક મગ શ્રેયસને આપી સ્વસ્થતાથી પોતે કપ લઈ શ્રેયસ સામે બેસી.

''શ્રેયુ, તેં પૂછેલા અને ઘણાં નહીં પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપવાનો હું પ્રયત્ન કરીશ.'' હંમેશાની જેમ સ્વસ્થ અવાજે શ્રુતિએ બોલવાની શરૂઆત કરી.

''આ વાત મેં આજ સુધી કોઈને જ કરી નથી...માત્ર તારી સામે કરું છું... કદાચ આ વતામાં તારા પ્રશ્નોના જવાબ મળશે...

લગ્ન કરીને હું સિદ્ધાર્થ સાથે નાશિકથી અહીં મુંબઈ આવી. શરૂઆતના બે-ત્રણ વર્ષ અમારા વચ્ચેનું આકર્ષણ, સિદ્ધાર્થનું મારા પ્રત્યેનું ખેંચાણ...આવેગ...યુ નો, અમે સુખી કપલ હતાં...ત્યાર પછીનું આ અંતર, વર્ષના આઠ દસ મહિનાની દૂરી...એકલતા મને કોરી ખાવા લાગી... એમાં સાંભળેલી વાતો કે દરેક બંદર પર દરેક પુરુષોની પોતાની એક એક સ્ત્રીઓ હોય જ...એનાથી મનમાં થતાં પ્રશ્નો. શું સિદ્ધાર્થ પણ જતો હશે આ રીતે બીજી સ્ત્રીઓ પાસે? દરેક બંદર પર એની પણ સ્ત્રીઓ હશે? વગેરે સતત આવતા વિચારો...એકલી એકલી નાના શોર્યની દેખભાળ કરતી, સામે આવતી નાની મોટી સમસ્યાઓ સામે ઝઝૂમતી...'' ઊંડો શ્વાસ લઈ શ્રુતિ બોલી.

''એક દિવસ મેં સિદ્ધાર્થને પૂછી જ લીધું. શરૂઆતમાં તો સિદ્ધાર્થે વાત ગોળ ગોળ ફેરવી, ભુલાવવા પ્રયત્ન કર્યો. પણ હું મારા પ્રશ્ન પર અડગ રહી, ત્યારે એણે સ્પષ્ટ કહ્યું.

''લુક શ્રુતિ, ડોન્ટ ગો ઈન ટુ ડિટેઈલ્સ, આપણે જ્યારે સાથે નથી હોતા તો દરેક દિવસનો હિસાબ નહીં માંગ. માણસ એકલો હોય અને કસમયે એને ભૂખ લાગે ત્યારે એ ક્યાંક કાંઈક ખાઈ જ લે છે. તે જ પ્રમાણેની આ એક નૈસર્ગિક ભૂખ છે...પણ એક વાત ચોક્કસ બહાર ગમે તેટલું તમતમાટવાળું સ્વાદિષ્ટ જમ્યા હોય પણ ઘરના સાત્ત્વિક આહાર સામે એની તુલના કરી શકાય કે? હું ઘરે હોઉં છું ત્યારે ફક્ત તારો જ હોઉં છું એ મહત્ત્વનું છે એ ધ્યાનમાં રાખ... વધુ ખોતરવાથી તને જ તકલીફ થશે... અહીં તું પણ એકલીજ હોય છે. યુવાન છે, સુંદર છે. મેં પૂછ્યયા છે તને ક્યારેય કોઈ પ્રશ્ન.

આવા પ્રશ્નોથી સામેવાળી વ્યક્તિએ આપેલા ઉત્તર સાચા જ હશે એવું ક્યા આધારે કહી શકાય? આવી

(જુઓ પાનું ૬) ▶▶

# પોલકા સ્મોલ કે બિગ?

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

ફેશન વર્લ્ડ

*પોલકા એટલે કે સર્કલ એટલે કે ડોટ્સ.પોલકા ડોટ્સ એ એક ફેબ્રિકમાં વપરાતી પ્રિન્ટ છે. પોલકા પ્રિન્ટ ખૂબ જ વાઇબ્રન્ટ અને સ્માર્ટ લુક આપે છે. પોલકાની સાઈઝમાં ઘણા વેરિએશન જોવા મળે છે, જેમકે,સ્મોલ,બિગ અને મિડિયમ.... પોલકા ડોટ્સમાં ટોપ્સ,સારી,લોન્ગ ડ્રેસ,કુર્તીસ એમ ઘણા પ્રકારના આઉટફિટ આવે છે. તમારા બોડી ટાઈપ પ્રમાણે તમે પોલકાની સાઈઝ પસંદ કરી શકો.*

*પોલ્કા જયારે વાઈટ કલરમાં હોય એટલે કે ફેબ્રિકનો બેઝ જો બ્રાઇટ કલરમાં હોય અને તેની પર વાઈટ કલરના પોલ્કા હોય તો તે એક સટલ લુક આપે છે,પરંતુ જયારે કોન્ટ્રાસ્ટ કલરમાં પોલકા હોય એટલે કે,યેલ્લો કલરનો ડ્રેસ હોય અને તેમાં પિન્ક પોલકા હોય તો તે એક વાઇબ્રન્ટ લુક આપે.*

## સાડી

પોલકા પ્રિન્ટની સાડી કેઝ્યુઅલ અને ફોર્મલ એમ બન્ને લુક આપી શકે. કેઝ્યુઅલ સાડી ફ્લોઈ ફેબ્રિકમાં હોય છે. કેઝ્યુઅલ લુક માટે સાડીનો બેઝ વાઈટ હોય અને તેની પર સિંગલ કલરના પોલકા હોય, જેમેક વાઈટ સાથે બ્લેક,વાઈટ સાથે રેડ-પિન્ક-ઓરેંજ-પર્પલ અથવા તો વાઈટ સાથે મલ્ટી કલર પોલકા. ફ્લોઈ ફેબ્રિકની પોલકા પ્રિન્ટની સાડી સાથે બ્લાઉઝનું વેરીશન ખુબ જ સારું લાગે, જેમકે વાઈટ બેઝ પર પિન્ક પોલકા હોય તો તેની સાથે પિન્ક કલરનું સ્લીવલેસ બ્લાઉઝ અથવા ફ્રિલવાળી સ્લીવ અથવા શોર્ટ બેલ સ્લીવવાળા બ્લાઉઝની પેટર્ન આપી કૈક અલગ લુક ક્રિએટ કરી શકાય.

જો તમારું શરીર ભરેલું હોય તો તમે ફૂલ સ્લીવ્સ કે એલ્બો સ્લીવ્સનું બ્લાઉઝ પેહરી શકો. પોલકા ડોટ્સમાં ફોર્મલ સાડી પણ આવે છે. આ સાડીનું ફેબ્રિક કોટા, કોટન સિલ્ક, ક્રેપ વગેરે હોય છે. ફોર્મલ સાડી લુકમાં પણ સોબર અને વાઇબ્રન્ટ એમ બે લુક હોય છે, જેમકે ગોલ્ડન, ઓફ વાઈટ અને વાઈટ કલરની સાડીમાં ગોલ્ડનના શેડના પોલકા હોય છે.ઓફ વાઈટ કલરની સાડી અને તેની પર ગોલ્ડન પોલકા એક અનોખો લુક આપે છે. આવી સાડી સાથે કોન્ટ્રાસ્ટ કલરનું જામેવારનું બ્લાઉઝ સારું લાગી શકે. બ્રાઇટ કલરની સાડીમાં ગોલ્ડન પોલકા ડોટ્સ એક પ્રોમીનન્ટ, બ્રાઇટ અને વાઇબ્રન્ટ લુક આપે છે. બ્રાઇટ કલર એટલે કે રોયલ બ્લ્યુ, બોટલ ગ્રીન, રાની પીક , બ્લેક વગેરે કલરની સાડી સાથે ગોલ્ડન કલરનું બ્લાઉઝ સારું લાગશે. ગોલ્ડન બ્લાઉઝમાં કઈ પેટર્નની જરૂર હોતી નથી કારણકે સાડીનો લુક જ એટલો સોલિડ હોય છે કે બ્લાઉઝમાં જેટલી સિમ્પ્લિસિટી હશે તેટલો જ વધારે નિખાર આવશે.



## ટોપ્સ એન્ડ ડ્રેસ

પોલકા ડોટસ હોઝિયરી, કોટન, ફ્લોઈ ફેબ્રિકમાં આવે છે. ટોપ્સમાં પણ અલગ અલગ ફેબ્રિકમાં આવે છે. મોટા ભાગે બધા જ ફેબ્રિકમાં પોલકા ડોટ્સ સ્માર્ટ લુક આપે છે. પોલકા ડોટ્સ મોટે ભાગે ડેનિમની શોર્ટ્સ, ડેનિમ જીન્સ કે ડેનિમ કેપ્રી કે પછી ડેનિમ ડૂન્ગ્રી સાથે ટિમ અપ કરી શકાય. શર્ત માત્ર એટલી કે પોલકાની સાઈઝ સિલેકટ કરવામાં ધ્યાન રાખવું. જો તમારું શરીર સુડોળ હોય તો કોઈ પણ સાઈઝના પોલકા તમે પહેરી શકો, પણ જો તમારી હાઈટ બોડી વધારે હોય તો પોલકા ડોટ્સની સાઈઝ નાની પસંદ કરવી, જેના લીધે થોડો ડેલિકેટ લુક આવે. જેટલા વધારે મોટા પોલકા હશે તેટલો જ વધારે ચોક્કસ લુક આવશે. જો તમારે મોટા પોલક્સ ડોટ્સનો ડ્રેસ પહેરવો હોય તો તેની સાથે કોઈ કોન્ટ્રાસ્ટ કલરનું લોન્ગ શ્રગ કે ડેનિમનું જેકેટ પેહરી એક બેલેન્સ લુક આપી શકો. બોલ્ડ પોલકા ડ્રેસ પહેરવા માટે એક ચોક્કસ પર્સનાલિટીની જરૂરુ હોય છે. પોલકા ડ્રેસને અલગ અલગ કલરની એક્સેસરીઝથી હાઈ લાઈટ કરી શકાય. ફ્લોરોસન્ટ કલર બેસ્ટ ઓપશન રહેશે જેમકે બ્લેક એન્ડ વાઈટ પોલકા ડ્રેસ સાથે પેરેટ ગ્રીન કલરનો બેલ્ટ અથવા ઓરેન્જ સિલીંગ બેગ કે પછી ફ્લોરોસન્ટ મેટ કલરના આઈ વેર. પોલકા ડોટ્સને બીજી કોઈ પ્રિન્ટ સાથે પણ મિક્સ એન્ડ મેચ કરી શકાય, જેમકે સ્ટ્રાઈપ, પેઝલી, ફ્લોરલ અથવા એનિમલ પ્રિન્ટ. પોલકા સાથે ડેનિમનું જેકેટ તો સારું લાગે જ છે સાથે બીજા કોઈ કોન્ટ્રાસ્ટ કલરના જેકેટ પણ સારા લાગે છે. જેકેટની લેન્થ અને સ્ટાઇલિંગ તમારા ડ્રેસને અનુરૂપ હોવા જોઈએ. ■



# 'જસ્ટ ટુ મિનિટ' કલા બ્યુરો

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

લાફ્ટર આફ્ટર



'જસ્ટ ટુ મિનિટ'નું બોર્ડ વાંચીને આધેડ વયના એક ભાઈ અંદર આવ્યા. બારણામાં દાખલ થતાં સામે ખુરશી પર એક સુંદર યુવતી બેઠેલી દેખાઈ. પેલા ભાઈએ એ યુવતીને પૂછ્યું, 'આ જસ્ટ ટુ મિનિટ એટલે શું?'

પેલી યુવતીએ કહ્યું, 'તમારા દરેક પ્રશ્નના જવાબો મળશે ફટાફટ બે મિનિટમાં, પણ પહેલાં બસ્સો રૂપિયા કેસ કઢાવવાના ભરો.'

'પણ પહેલા કહો તો ખરા કે આ કલા બ્યુરો એટલે શું? મેરેજ બ્યુરો એટલે શું એ તો મને ખબર છે, કારણ કે એના પગથિયાં ચડી ચડીને તો મારાં પગરખાં અને પરણવાની મનોકામના સાવ ઘસાઈ ગયા છતાં હજી ઘોડે ચડવાનો મારો વારો આવ્યો નથી.'

'પહેલા બસ્સો ભરો અને જો મોડું કરશો તો ચાર્જ વધતો જશે, દર બે મિનિટે સો રૂપિયા વધશે.' પેલા ભાઈએ ફટ કરીને બસ્સો ભરી દીધા. બસ્સો રૂપિયા લઈને યુવતીએ પેલા ભાઈને બેસવા માટે ખુરશી આપી. 'હા તો હવે તમારા પ્રશ્નોના ઉત્તર મળશે. યોર ટાઇમ સ્ટાર્ટ્સ નાવ... આપની પાસે દસ મિનિટ છે.'

'બસ્સો રૂપિયામાં બેન દસ મિનિટ જ આપશો?'

'હા ભાઈ, એક મિનિટ તો પૂરી પણ થઈ ગઈ. 'ટાઈમ ઇઝ મની' એ તો ખબર જ હશેને?

'હા, તો બેન આ કલા બ્યુરો શું છે?'

જુઓ ભાઈ, જેમ લગ્ન માટે પાર્ટનર શોધી આપવા માટે મેરેજ બ્યુરો કામ કરે છે, એમ અમારી કલા બ્યુરો કલા બહાર કાઢવા મથી રહેલા કલાનું સપનું જોતા લોકોને કલા સુધી પહોંચાડવાનું કામ કરે છે.'

'પણ બહેન, આ જસ્ટ ટુ મિનિટ એટલે શું?'

'એટલે ભાઈ, ફક્ત બે મિનિટમાં જ તમને પાક્કા કલાકાર બનાવવાનું કામ અમારા કલા બ્યુરોના નિષ્ણાત વિદ્વાન શ્રીશ્રીશ્રી વિદ્યાધર જ્ઞાનસુરી કલાચંદ્રજીનું છે.'

'એટલે કે બહેન, તમારું એવું જ કહેવું છે ને કે કલા બ્યુરોમાં વિદ્વાન શ્રીશ્રીશ્રી વિદ્યાધર જ્ઞાનસુરી વગેરે વગેરે જે કંઈ છે તે શ્રીશ્રી અમને માત્ર બે મિનિટમાં જ કલાકાર બનાવી દેશે એમ જને?'

ત્યાં જ જોરથી ઘંટડી વાગી ને પેલી યુવતી સ્મિત કરીને બોલી, 'દસ મિનિટ ઓવર. બેડ લક! તમારે હવે છેલ્લા પ્રશ્નનો ઉત્તર જોઈતો હોય તો બીજા માત્ર સો રૂપિયા જ આપવાના થાય છે. આ પૈસા અમે દાનમાં જ આપી દઈએ છીએ. આ બહાને તમે પણ પુણ્ય કમાઈ શકો છો.'

બીજા સો રૂપિયા આપી પેલા ભાઈએ પૂછ્યું, 'માનો કે મારે સંગીત શીખવું હોય કે પછી કવિતા કે વાર્તા શીખવી હોય કે પછી ચિત્ર કે શિલ્પકળા શીખવી હોય તો શીખવે ખરા?'

યુવતી મારકણું હસીને બોલી. 'સેવા કરવા તો અમે બેઠા છીએ. અમારા બ્યુરોનું નામ તો ચોમેર કલાની સુગંધ પ્રસરાવી રહ્યું છે. બોલો, કઈ કલા શીખવી છે તમારે?'

'મારે કવિતા લખતા શીખવું છે. બધા કહે છે કે કવિતા બહુ સહેલી છે. એમાં આરામથી બધાનો સમાવેશ થઈ જાય છે.'

'પણ તમારે કવિતા જ શા માટે શીખવી છે?'

'મેં સાંભળ્યું છે કે કવિતા ને ગઝલ ફટકારવાથી સામેવાળી યુવતી બહુ જલદી ઈમ્પ્રેસ થઈ જાય છે. હવે મેરેજ બ્યુરોવાળાએ તો મારા ધોળા વાળ થઈ ગયેલા ભાળીને મને કાલે જ કહી દીધું કે, તમે હવે કશે ચાલો તેમ નથી, પણ સાચું કહું બેન? મારો માંહ્યલો હજી અંદર પ્રેમની કવિતા કરી રહ્યો છે. ભીતરી ઊર્મિઓ બહાર આવવા ઉછાળા મારી રહી છે.

મને ખાતરી છે કે જે દિવસે અંદરના ધકધક થતા શબ્દો ધડામ દઈને બહાર આવશે એ દિવસે મારી શાયરી ઉપર ઇમ્પ્રેસ થયેલ યુવતીઓની લાઈન લાગી જશે. તો બહેન આજથી જ નહીં, હું તો કહું બસ હમણાંથી જ કવિતા શીખવાનું શરૂ કરીએ. બોલાવી લો તમારા પ્રકાંડ જ્ઞાની શ્રીશ્રીજીને. શુભસ્ય શીઘ્રમ.'

'એ બધું બરાબર છે ભાઈ, તમારી ધકધક થતી તમામ ઊર્મિઓ ધડામ દઈને અમારા પરમજ્ઞાની ગુરુજી બે મિનિટમાં બહાર કાઢી બતાવશે, પણ એ બહાર કાઢવાના પહેલા તમારે હજાર રૂપિયા ભરવા પડશે.'

'બહેન હમણાં કુલ ત્રણસો ભર્યા (મુંડાયો) તે શેના હતા?'

'ભાઈ, એ તમારી શંકા નિવારણ (મૂર્ખામી)ના હતા. હવે તમે મહાન કવિ (મહામૂર્ખ) બનવા તરફ જઈ રહ્યા છો તો એના હજાર રૂપિયા તો કંઈ નથી. જ્યારે તમે મેરેજ બ્યુરોમાં ન્હાયા... સોરી પસ્તાયા, ત્યારે અહીં તો બે મિનિટમાં જ પરિણામ હાથમાં. (મૂર્ખાઓનાં ગામ કંઈ જુદાં થોડા હોય?)

ભાઈએ એક હજાર ભરી દીધા. (લોભિયા હોય ત્યાં ધુતારા થોડા ભૂખે મરવાના?) હજારમાં એ શું શીખ્યા એ જોઈશું, પણ હમણાં જસ્ટ બે મિનિટ હોં... રાહ જોવાના ક્યાં પૈસા લાગે છે? ■

# વડા પ્રધાન મોદી પછી પ્રચારમાં અવ્વલ એકનાથ શિંદે

## ધગધગતા તડકામાં વિદર્ભના રામટેકમાં બાઈક પર બેસીને પ્રચાર કર્યો



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચૂંટણી માટે પ્રચારની વાત આવે ત્યારે દેશમાં સૌથી વધુ મહેનત કોઈ રાજનેતા કરતો હોય તો તેનું નામ છે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને આવી જ રીતે રાજ્યમાં ચૂંટણીના પ્રચારમાં એકનાથ શિંદે અવ્વલ નંબરે આવે એવી સ્થિતિ છે.

વાસ્તવમાં અત્યારે રાજ્યમાં ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે અને મુંબઈમાં જ્યારે ભારે ગરમીથી નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે ત્યારે રાજ્યના વિદર્ભ ક્ષેત્રમાં ગરમીનો પ્રભાવ કેવો હશે તે કલ્પના જ કરી શકાય છે. આવા ધગધગતા તડકામાં પોતાની પાર્ટીના ઉમેદવાર માટે પ્રચાર કરવા રથ છોડીને બાઈક પર સવાર થઈ ગયા હતા અને બાઈક રેલીનું નેતૃત્વ કર્યું હતું.

રામટેકમાં વર્તમાન સાંસદ કૃપાલ તુમાનેના સ્થાન પર જેમને ઉમેદવારી આપવામાં આવી છે તે રાજુ પારવેના પ્રચાર માટે એકનાથ શિંદે મેદાનમાં ઉતર્યા હતા. પ્રચાર માટે બુધવારે તેઓ ઉમરેડમાં પહોંચ્યા હતા. ઉમરેડમાં બાઈક રેલી કાઢવાની હતી. મુખ્ય પ્રધાને પોતે બૂલેટ (રોયલ એન્ફીલ્ડ) પર સવાર થયા હતા અને બાઈક રેલીનું નેતૃત્વ લીધું હતું.

તેમના આ પગલાંથી ઉમરેડના કાર્યકર્તાઓમાં નવા જોશ અને ચૈતન્યનો સંચાર થયો હતો અને સમગ્ર વિસ્તાર શિવસેનાના ભગવા અને ધનુષ્ય-બાણના ચિહ્નોથી ભરાઈ ગયો હતો. એટલું જ નહીં, જેવી રીતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે લોકો ઓટલા, ઓસરી, બારીઓ પર રાહ જોતા ઊભા રહેતા હોય છે એવી રીતે એકનાથ શિંદેની રાહ જોતા લોકો જોવા મળી રહ્યા હતા. રાજ્યમાં પ્રચારમાં અત્યારે એકનાથ શિંદેએ અન્ય બધા જ પક્ષો પર સરસાઈ લીધી હોવાનું જોવા મળી રહ્યું છે.

એકનાથ શિંદેએ રેલી બાદ સભાને સંબોધતાં હાજર લોકોને રામ નવમીની શુભેચ્છા આપતાં કહ્યું હતું કે રામટેક ભગવાન રામના પગલાંથી પાવન થયેલી ભૂમિ છે અને જે ભગવાન રામનો નહીં તે આપણા કોઈ કામનો નહીં. દિલ્હીમાં વડા પ્રધાન

(જુઓ પાનું ૪) ▶▶

# ગરમીમાં રાહત : મુંબઈમાં ૩૪.૭ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં બુધવારે પણ હીટવેવની ચેતવણી હોવા છતાં ગરમીમાં થોડી રાહત રહી હતી. સોમવાર અને મંગળવાર સતત બે દિવસ હીટવેવનો અનુભવ કર્યા બાદ ૨૪ કલાકની અંદર જ મુંબઈના તાપમાનમાં પાંચ ડિગ્રી સુધીનો ઘટાડો થયો હતો. બુધવારે મુંબઈ મહત્તમ તાપમાન ૩૪.૭ ડિગ્રી નોંધાયું હતું. આ અગાઉ મંગળવારે મુંબઈમાં ૩૯.૭ ડિગ્રી સાથે છેલ્લા એક દાયકાનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. બુધવારે ગરમીમાં રાહત રહી હતી જોકે ગુરુવારે તાપમાનનો પારો ફરી ઊંચો જવાની શક્યતા છે. તો સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન મધ્ય મહારાષ્ટ્રના માલેગાંવમાં ૪૩.૨ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈ, થાણે સહિત રાયગઢમાં સોમવારથી બુધવાર સુધી ત્રણ દિવસ માટે હીટવેવની ચેતવણી આપી હતી. તે મુજબ સોમવાર અને મંગળવાર મુંબઈ સહિત થાણે, નવી મુંબઈ સહિતના મુંબઈ મેટ્રોપોલિટન રિજનના વિસ્તારમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી ઉપર નોંધાયો હતો. જોકે બુધવારે હીટવેવની ચેતવણી બાદ પણ તાપમાનમાં હળવો ઘટાડો થયો હતો. જોકે વાતાવરણમાં બફારો અને ઉકળાટ જણાયો હતો.

બુધવારે દિવસ દરમિયાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૦ ડિગ્રી નોંધાયું હતું. જોકે લઘુતમ તાપમાન ઊંચુ નોંધાયું હતું, તેને કારણે મંગળવારની રાતથી બુધવાર સવાર સુધીમાં ભારે ગરમી અને ઉકળાટ રહ્યો હતો. કોલાબામાં લઘુતમ તાપમાન ૨૭.૪ ડિગ્રી અને સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૨૮.૧ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ મંગળવારે મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૯.૭ ડિગ્રી નોંધાયા બાદ ૨૪ કલાકની અંદર જ તેમા પાંચ ડિગ્રઈનો ઘટાડો થઈને બુધવારે મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૪.૭ ડિગ્રી રહ્યું હતું. હવામાન ખાતાના જણાવ્યા મુજબ મંગળવારે દિવસ દરમિયાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૯.૭ ડિગ્રી નોંધાયું હતું, જે એપ્રિલ મહિનામાં શહેરમાં એક દાયકામાં નોંધાયેલું સૌથી ઊંચુ તાપમાન રહ્યું હતું.

હાલ મુંબઈગરા ગરમીમાં શેકાઈ રહ્યા છે, તો રાજ્યના વિદર્ભ સહિતના અમુક જિલ્લામાં કમોસમી વરસાદ પણ પડી રહ્યો છે. તો અમુક જિલ્લામાં કાળઝાળ ગરમી પડી રહી છે. સમગ્ર રાજ્યમાં બુધવારે સૌથી વધુ ગરમી મધ્ય મહારાષ્ટ્રના માલેગાંવમાં ૪૩.૨ ડિગ્રી જેટલું ઊંચુ નોંધાયું હતું. મધ્ય મહારાષ્ટ્રના જેરુરમાં ૪૩.૦ ડિગ્રી, જળગાંવમાં ૪૨.૮ ડિગ્રી, સોલાપુરમાં ૪૨.૬ ડિગ્રી, સતારામાં ૪૦.૧ ડિગ્રી, નાશિકમાં ૪૦.૬ ડિગ્રી, પુણેમાં ૩૯.૮ ડિગ્રી, મહાબળેશ્વરમાં ૩૦.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો વિદર્ભના વાશીમમાં ૪૨.૨ ડિગ્રી, અકોલામાં ૪૨.૧ ડિગ્રી, અમરાવતી અને બ્રહ્મપુરીમાં ૪૦.૮ ડિગ્રી, ચંદ્રપુર અને ગઢચિરોલીમાં ૪૧.૪ ડિગ્રી, નાગપૂરમાં ૪૦.૨ ડિગ્રી, વર્ધામાં ૪૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# મુંબઈ-નાસિક હાઈવે પર આજે ટ્રાફિકમાં ફેરફાર

થાણે: મુંબઈ-નાસિક હાઈવે પર સાકેત બ્રિજની બાજુમાં બનેલા ફૂટઓવરબ્રિજ પર ગર્ડર નાખવાના હોવાથી થાણે ટ્રાફિક પોલીસે ગુરુવારે રાત્રે ૧૧.૫૯ વાગ્યાથી ૧૯ એપ્રિલના રોજ સવારે ચાર વાગ્યા સુધી નાસિકથી મુંબઈ તરફના માર્ગ પર ટ્રાફિક ફેરફારો લાગુ કર્યા છે. અહીંના વાહનોને વૈકલ્પિક માર્ગે ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

થાણે જિલ્લામાંથી પસાર થતા મુંબઈ-નાસિક હાઈવે પર હજારો ભારે વાહનો ઉરણ જેએનપીટીથી ઉપડે છે. તેમજ ભિવંડી, નાસિકથી થાણે, મુંબઈ, ગુજરાત તરફ પરિવહન કરતા ભારે વાહનોનું પ્રમાણ પણ વધુ છે. આ હાઈવે સાંકડો હોવાથી તેને પહોળો કરવાની કામગીરી રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા ચાલી રહી છે. જેના ભાગરૂપે સાકેત બ્રિજ વિસ્તારમાં નાગરિકો રોડ ક્રોસ કરી શકે તે માટે ફૂટઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યો છે અને આ માટે બ્રિજ પર ગર્ડર

(જુઓ પાનું ૪) ▶▶

# એકનાથ ખડસેને ધમકી ભર્યા ફોન

## દાઉદ ઈબ્રાહિમ અને છોટા શકીલ ગેન્ગના સભ્યો દ્વારા ફોન કરાયો

મુંબઈ: એનસીપી શરદ પવાર જૂથના નેતા એકનાથ ખડસેને છોટા શકીલ ગેન્ગ તરફથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ ધમકી બાબતે એકનાથ ખડસેએ જળગાંવના મુક્તાઈનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ચાર જુદા જુદા મોબાઇલ નંબરથી ખડસેને ધમકીના ફોન આવ્યા હોવાની માહિતી તેમણે આપી હતી.

ધમકી ભર્યા ફોન બાબતે એકનાથ ખડસેએ કહ્યું હતું કે તેમને મારી નાખવાની ધમકી આપવા માટે ચારથી પાંચ વખત જુદા જુદા નંબરથી ફોન આવ્યા હતા, તેમાંથી એક ફોન અમેરિકાથી પણ આવ્યો હતો. આ બાબતે ખડસેએ પોલીસમાં ફરિયાદ દાખલ કરી છે અને પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.

છોટા શકીલનું નામ કહીને તમને મારી નાખીશું એવી ધમકી એકનાથ ખડસેને આપવામાં આવી હતી, તેમ જ આ ફોનને ટ્રેસ કરતી વખતે તેમાંથી એક નંબર અમેરિકાનો હોવાનું સામે આવ્યું હતું, જોકે આ ધમકી પાછળ કોઈપણ રાજકીય સંબંધ નથી એવું કહેવામાં આવી રહ્યું છે. પોલીસે આ મામલે હવે તપાસ શરૂ કરી છે અને ગૃહ પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ આ મામલે ધ્યાન આપવાની જરૂર છે, એવી અપીલ ખડસેએ કરી હતી. આ બાબતે એક પોલીસ અધિકારીએ

(જુઓ પાનું ૪) ▶▶

## મ્હાડાનો મોટો નિર્ણય

# જો ટ્રાન્ઝિટ કેમ્પનું મકાન વેચશો તો થશે જેલ

મુંબઈ: ટ્રાન્ઝિટ કેમ્પનું મકાન અંદરોઅંદર વેચીને મ્હાડાને ચૂનો ચોપડનારા પર હવે મ્હાડાએ લગામ ખેંચી છે. મ્હાડાએ આવા લોકો વિરુદ્ધ છેતરપિંડી અને ઉચાપતનો કેસ કરવાનો નિર્ણય લીધો છે. એવામાં ટ્રાન્ઝિટ કેમ્પમાં રહેનારા લોકો હવે ગભરાયા છે. અહીં નોંધવું ઘટે કે જૂના બિલ્ડિંગોના પુનર્વિકાસ માટે એ વિસ્તારના રહેવાસીઓની અસુવિધાથી બચવા માટે સંબંધિત રહેવાસીને ટ્રાન્ઝિટ કેમ્પમાં અસ્થાયી ઘર આપવામાં આવે છે, પણ અમુક લોકો તો તેને વેચી જ નાખતા હોવાનું મ્હાડાના ધ્યાનમાં આવ્યું હતું. આને કારણે અનેક મુશ્કેલીઓ ઊભી થતી હતી. આ બધાં કારણોને લઇ હવે મ્હાડા દ્વારા એક નિર્દેશ બહાર પાડવામાં આવ્યો છે. એ અનુસાર જો કોઇ રહેવાસીએ ટ્રાન્ઝિટ કેમ્પમાં ઘર લીધું હોય અને તેને ઘરની જરૂરિયાત ન હોય તો કે પછી પોતાની બિલ્ડિંગના પુનર્વિકાસ પછી ઘરમાં ન રહેવા માગતા હોય તો તેણે ટ્રાન્ઝિટ કેમ્પમાં તેના કબજાવાળા ઘરને મ્હાડાને પાછું આપવું પડશે. ઘરને અંદરોઅંદર વેચીને એક રીતે મ્હાડાને આર્થિક રૂપે ચૂનો ચોપડવામાં આવી રહ્યો છે. આવા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવાનો નિર્ણય મ્હાડાએ કર્યો છે. ■

# બહેનને નહીં પણ પત્નીને વોટ આપો: અજિત પવારે બારામતીવાસીઓને કરી અપીલ

મુંબઈ: લોકસભાની ચૂંટણીના દિવસો જેમ જેમ નજીક આવી રહ્યા છે તેમ નેતાઓ પણ વધુ સભાન-સાવધ બની રહ્યા છે. મહારાષ્ટ્રમાં પણ રાજકીય વાતાવરણ ચૂંટણીમય બની રહ્યું છે ત્યારે બુધવારે મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પ્રચાર કરવાનું ચાલુ કર્યું ત્યારે એક સભામાં બહેન માટે નહીં પણ પત્ની માટે મતદાન કરવાની અપીલ કરી હતી.

બારામતીમાં એક સભામાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પોતાની બહેન સુપ્રિયા સુળે પર પરોક્ષ રીતે ટીકા કરતા કહ્યું હતું કે ૧૦ વર્ષમાં કેન્દ્ર વતીથી કોઈ મોટી યોજના બારામતીમાં કરવામાં આવી નથી, કારણ કે તમે ફક્ત મોદીની ટીકા કરી રહ્યા છો.

સભામાં તેમણે કહ્યું હતું કે જો કોઈ તમારું નામ લે તો તેને સારી ટ્રીટમેન્ટ આપો, પરંતુ તમારા વિરોધી પક્ષનું નામ લે તો એમને એવું ઈન્જેક્શન આપો કે બસ. પછી તેમણે પોતાની જાતને સંભાળતી વખતે સોરી પણ કહ્યું હતું. તમારી જાણ ખાતર જણાવીએ કે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના પ્રમુખ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર આજે બારામતીના પ્રવાસે છે, જ્યાં તેમણે પોતાની પત્નીનો પ્રચાર કર્યો હતો. બારામતીમાં ડૉક્ટર

(જુઓ પાનું ૪) ▶▶

# મોદી લહેરના ભ્રમમાં રહેશો નહીં: નવનીત રાણાની જીભ લપસી

## પાછળથી ફેરવી તોળ્યું

મુંબઈ: લોકસભાની ચૂંટણીને લઈ દરેક નેતા પોતપોતાની રીતે નિવેદન આપી રહ્યા છે, જેમાં જાણે અજાણે બોલતા વિધાનને કારણે ગુજરાતમાં દિગ્ગજ નેતા મુશ્કેલીમાં મૂકાયા છે, ત્યારે તાજેતરમાં મહારાષ્ટ્રના દિગ્ગજ નેતાએ ચોંકાવનારું નિવેદન કરીને પોતાના પગ પર જ કુહાડી મારી છે. અમરાવતી લોકસભાની બેઠક પરથી ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નાં ઉમેદવાર નવનીત રાણાના 'મોદી લહેર'ના ભાષણ પર હવે વિપક્ષે તેમની ટીકા કરી છે.

નવનીત રાણાએ પોતાના ભાષણ મુદ્દે સ્પષ્ટતા પણ કરી હતી કે વિપક્ષે મોદીની કોઈ લહેર નથી અને ભાજપના ઉમેદવાર સાચું બોલી રહ્યા છે એમ કહી ભાજપ પર નિશાન સાધ્યું હતું. સોમવારે નવનીત રાણાએ અમરાવતીમાં પોતાના ભાષણમાં કોઈ 'મોદીની લહેર નથી'

(જુઓ પાનું ૪) ▶▶

# વંચિત બહુજન આઘાડીને ઓવૈસીનો ટેકો

મુંબઈ: લોકસભા ચૂંટણીમાં પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન આઘાડી (વીબીએ) પાર્ટીને અસદુદ્દીન ઓવૈસીની એઆઇએમઆઇએમ પાર્ટીએ સમર્થન આપવાની જાહેરાત કરી છે. મહારાષ્ટ્રના અકોલા લોકસભાની બેઠક પરથી પ્રકાશ આંબેડકર ઉમેદવાર તરીકે લડશે છે, જેથી ઓવૈસીએ પ્રકાશ આંબેડકરને વોટ આપવાની અપીલ લોકોને કરી છે. એઆઇએમઆઇએમના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું હતું કે મારી પાર્ટી અને વીબીએએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં યુતિ કરી હતી, જોકે તે વિધાનસભાની ચૂંટણી દરમિયાન તૂટી ગઈ હતી, પરંતુ હવે દલિત વર્ગનું નેતૃત્વ કરવા અમારે ફરી એકસાથે આવવું જોઈએ.

હું અકોલાની એઆઇએમઆઇએમની ટીમને અપીલ કરું છું કે તેઓ પ્રકાશ આંબેડકરને વોટ આપે. તેઓ ડૉ. બાબાસાહેબ

(જુઓ પાનું ૪) ▶▶

# કાપૂરબાવડી ફ્લાયઓવરના રિપેરિંગના કારણે ઘોડબંદર રોડ પર ટ્રાફિકજામ

થાણે: ઘોડબંદર ખાતે કાપૂરબાવડી ફ્લાયઓવર પર રિપેરિંગ કામ માટે વાહનવ્યવહાર બંધ કરાતા ઘોડબંદર રોડ ટ્રાફિક જોવા મળી હતી. કાપૂરબાવડીથી પાટલીપાડા સુધી વાહનોની કતારો લાગી ગઈ છે. આ ટ્રાફિક જામના કારણે વાહનચાલકો વિરુદ્ધ દિશામાં વાહન ચલાવવા લાગ્યા હતા, જેના કારણે સમસ્યામાં વધારો થયો હતો. મુંબઈ નાસિક હાઈવે, ઘોકાલી-હાઈલેન્ડ રોડ પર પણ ટ્રાફિકને અસર થઈ છે. ઘોડબંદર રુટ પરથી દરરોજ હજારો વાહનો થાણે, ભિવંડી, નાસિક અને મુંબઈ તરફ જાય છે. કાપૂરબાવડી ફ્લાયઓવર પર રોડને જોડતી લોખંડની પટ્ટી બદલવાની કામગીરી મંગળવારે રાત્રે જાહેર બાંધકામ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હતી. પરંતુ આ પટ્ટી પરનો સિમેન્ટ હજુ સુકાયો નથી. જેથી બુધવારે સવારે પણ બ્રિજ વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાયો ન હતો. વૈકલ્પિક માર્ગ તરીકે, કેટલાક વાહનચાલકોએ ઘોકાલી, હાઇલેન્ડ માર્ગ પસંદ કર્યો હતો. ■

# મહારાષ્ટ્રના રામટેકમાં ત્રિકોણીય જંગ

મુંબઈ: મહારાષ્ટ્રના રામટેકની લોકસભા બેઠક પર આ વખતે ત્રિકોણી લડત જોવા મળશે. શાસકીય મહાયુતિ તેના ઉમેદવાર રાજુ પાર્વે (શિંદેની શિવસેના)ના પ્રચારમાં કોઈ કસર બાકી નથી રાખી રહી. બીજી તરફ કૉંગ્રેસ સ્ટાર પ્રચારકની રાહ જોતો બેસી રહ્યો છે. મહાયુતિના ઉમેદવારના સમર્થનમાં વડા પ્રધાન મોદીએ રામટેક મતદાર સંઘમાં કાન્હાન ખાતે સભાને સંબોધન કર્યું હતું. રામટેક મતદાર સંઘ એક સમયે માજી વડા પ્રધાન પી. વી. નરસિમ્હા રાવની બેઠક તરીકે જાણીતો હતો. આજે કૉંગ્રેસ રામટેકમાં અનેક સમસ્યાનો સામનો કરી રહ્યો છે. પાર્વે કૉંગ્રેસના વિધાનસભ્ય હતા, પણ ઉમેદવારી નોંધાવવાની તારીખ પહેલા પક્ષ પલટો કરી તેઓ ભાજપમાં જોડાયા હતા અને મહાયુતિના ઉમેદવાર તરીકે નામાંકન પત્ર ભર્યું હતું.

બીજી તરફ કૉંગ્રેસના સત્તાવાર ઉમેદવાર રશ્મિ બર્વેનું જાતિ પ્રમાણપત્ર સોશિયલ જસ્ટિસ ડિપાર્ટમેન્ટના ડિસ્ટ્રિક્ટ કાસ્ટ સર્ટિફિકેટ સ્ક્રૂટિની કમિટીએ નકાર્યું હતું. પરિણામે કૉંગ્રેસે રાજકારણનો જરાય અનુભવ નહીં ધરાવતા રશ્મિ બર્વેના પતિ શ્યામ બર્વેની ઉમેદવારી નોંધાવી હતી. લડતના ત્રીજા ઉમેદવાર છે વંચિત બહુજન મોરચાના ઉમેદવાર કિશોર ગજભીયે. ૨૦૧૯ની ચૂંટણીમાં કૉંગ્રેસના ઉમેદવાર તરીકે કિશોર ગજભીયે ૪,૬૮,૭૩૮ મત (૩૯.૩૦ ટકા) મત મેળવવામાં સફળ રહ્યા હતા.■

## હાઈ કોર્ટ દ્વારા સરકારના નિર્ણયનું સ્વાગત

# શહીદની પત્નીને સ્પેશિયલ કેસમાં આર્થિક લાભ આપવા સહમત

મુંબઈ: ચાર વર્ષ પહેલા જમ્મુ અને કાશ્મીરમાં ફરજ બજાવતા શહીદ થયેલા લશ્કરના મેજરના પરિવારને આર્થિક લાભ આપવા મહારાષ્ટ્ર સરકાર સહમત થઈ હોવાની જાણકારી બુધવારે બોમ્બે હાઈ કોર્ટને આપવામાં આવી હતી. ૨૦૧૯ અને ૨૦૨૦ના એમ બે સરકારી ઠરાવ હેઠળ લશ્કરી દળના ભૂતપૂર્વ કર્મચારીઓને આપવામાં આવતા આર્થિક લાભ મેળવવા શહીદ મેજર અનુજ સૂદની પત્ની આકૃતિ સૂદે હાઇ કોર્ટમાં અપીલ કરી હતી. આતંકવાદીઓ સામે નાગરિકોના રક્ષણ કરવાના પ્રયાસમાં બીજી મે, ૨૦૨૦ના દિવસે મેજર સૂદ શહીદ થયા હતા. તેમને મરણોત્તર શૌર્ય ચક્ર એનાયત કરવામાં આવ્યું હતું. સરકારી ઠરાવ અનુસાર મહારાષ્ટ્રમાં જન્મેલા અથવા સળંગ ૧૫ વર્ષ રાજ્યના રહેવાસી હોય એ જ આર્થિક લાભ

(જુઓ પાનું ૪) ▶▶

# બોગસ પત્રમાં શિવસેનાના નેતાને ભાજપનો પાલઘરનો ઉમેદવાર જાહેર કરાયો

મુંબઈ: શિવસેનાના પ્રકાશ કૃષ્ણ નિકમને ભાજપના પાલઘરના ઉમેદવાર તરીકે જાહેર કરતો બોગસ પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ મરીન ડ્રાઇવ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. પત્રમાં ભાજપના જનરલ સેક્રેટરી અરુણ સિંહના હસ્તાક્ષર અને સિક્કાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ પ્રકરણે એડવોકેટ અખિલેશ તિવારીએ ફરિયાદ નોંધાવી હતી. ભાજપના લેટરહેડ પર બોગસ પત્ર ટાઇપ કરવામાં આવ્યો છે અને તે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ કરાયો છે. તેમાં પ્રકાશ કૃષ્ણ નિકમને પાલઘરના મતવિસ્તાર માટે ઉમેદવાર તરીકે દાવો કરવામાં આવ્યો છે. ઉપરાંત અરુણ સિંહના હસ્તાક્ષર અને સિક્કો પણ છે. આને કારણે પાલઘર જિલ્લામાં પક્ષના નેતા, કાર્યકરો સાથે મતદારોમાં પણ ભારે મૂંઝવણ પેદા થઇ

(જુઓ પાનું ૪) ▶▶

# સ્કૂલના પ્રિન્સિપાલ પર ચાકુથી કર્યો હુમલો: શિક્ષિકાના પતિની ધરપકડ

થાણે: ડોંબિવલીમાં સ્કૂલના પ્રિન્સિપાલ પર ચાકુથી હુમલો કરીને તેની હત્યાનો પ્રયાસ કરવા બદલ ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી) ૩૯ વર્ષના શખસની ધરપકડ કરી હતી. ડોંબિવલી જીઆરપીના સિનિયર ઇન્સ્પેક્ટર કિરણ ઉન્દ્રેએ જણાવ્યું હતું કે સોમવારે બપોરના આ ઘટના બની હતી, જેમાં ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ શકીલ શેખ તરીકે થઇ હતી.

કલ્યાણમાં રહેતો ભાગવત ગુરવ (૫૬) ભિવંડીના ખારબાવ ખાતે આવેલી સ્કૂલનો પ્રિન્સિપાલ રહે છે. એ જ સ્કૂલમાં આરોપીની પત્ની શિક્ષિકા તરીકે કામ કરે છે. સોમવારે બપોરે ઘરે જવા માટે નીકળેલો ગુરવ ખારબાવ સ્ટેશન નજીક ટ્રેક પરથી જઇ રહ્યો હતો ત્યારે આરોપીએ તેને રોક્યો હતો. આરોપીએ ગુરવને પૂછ્યું હતું કે તું મારી પત્નીનો સર્વિસ રેકોર્ડ શા માટે પૂરો નથી કરી રહ્યો? ગુરવે તેને કહ્યું હતું કે તારી પત્નીની સર્વિસ બૂક ગુમ છે. ગુરવનો જવાબ સાંભળીને આરોપીને ગુસ્સો આવ્યો હતો અને તેણે ચાકુ કાઢીને ગુરવ પર ઘા ઝીંકી દીધા હતા, જેમાં ગુરવને ગંભીર ઇજા પહોંચી હતી. ■

# કેરીના ખેડૂતોની વેપારી પાસે યોગ્ય ભાવની માગ

નવી મુંબઈ: કોંકણની હાફુસનો યોગ્ય ભાવ આપો, તેમ જ હાલની બજારમાં તમામ ફળો કિલો પ્રમાણે વેચવામાં આવી રહ્યા છે. આને કારણે કેરી પણ કિલો પ્રમાણે જ વેચાય, એવી માગણી કોંકણના હાફુસ ઉત્પાદક ખેડૂતોએ એપીએમસીના વેપારીઓને કરી છે.

કોંકણની હાફુસને યોગ્ય ભાવ આપવા સંબંધે વેપારી અને ખેડૂત વચ્ચે હાલમાં જ બેઠક થઇ હતી. આ સમયે કિલોના ભાવે કેરી વેચવામાં આવે, એવી માગણી સર્વાનુમતે નક્કી કરવામાં આવી હતી. ખેડૂતોને ઉઠાવવી પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખીને એકાદ પેટીમાં ત્રણથી ચાર કેરી ખરાબ નીકળે તો આખી પેટીનું અવમૂલ્યન કરવું ન જોઇએ, એવી માગણી પણ કરવામાં આવી હતી. કેરીની સીઝન પૂરી થયા પછી આખા વર્ષ દરમિયાન કરવી પડતી મહેનત, મોંઘાં ખાતર, નવેમ્બરથી માર્ચ મહિના દરમિયાન જંતુનાશક સ્પ્રે અને તેની પાછળ થતા વિશાળ ખર્ચનો ફટકો ખેડૂતોને સહન કરવો પડતો હોય છે. આ ઉપરાંત સરકારનું ઉદાસીન વલણ અને સબસિડી બંધ કરીને સરકારે લાદેલા જીએસટી, લોન અને તેનું તગડું વ્યાજ, વાતાવરણમાં બદલાવ ઉત્પાદન પર વિપરીત પરિણામ ઊભું કરે છે. આટલું જ નહીં કમોસમી વરસાદ, વાદળછાયું વાતાવરણ અને ઉષ્ણતામાનનો પારો, એવી પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે કેરીનું ઉત્પાદન ખર્ચાળ હોવાનું ઉત્પાદકોએ જણાવ્યું હતું. આ ઉપરાંત ફળો કાઢીને માર્કેટમાં મોકલવાં પડતાં હોય છે. આ માટે ખેડૂતોએ ટ્રાન્સપોર્ટનો ખર્ચ પણ ઉઠાવવો પડતો હોય છે. જોકે તેની સરખામણીમાં એક પેટીનો ભાવ ઓછો મળે છે. ■

### વેપારીઓની પણ સમસ્યા

વેપારી વર્ગ દ્વારા વિવિધ સમસ્યા કરવામાં આવી હતી. આમાં મુખ્ય ખેડૂતો ગુણવત્તાનું રક્ષણ કરતા નથી, કાચી કેરીઓ મોકલવામાં આવતી હોવાની ફરિયાદ વેપારીઓએ કરી હતી.

# નર્સના કોવિડમાં મૃત્યુ અંગે વળતર નકારનાર સરકારની હાઈ કોર્ટે ઝાટકણી કાઢી

મુંબઈ: કોવિડ-૧૯ની મહામારી દરમિયાન દર્દીઓની સારવાર કરતી નર્સના મૃત્યુ સંદર્ભે તેના પતિને ૫૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો ઇનકાર કરનાર મહારાષ્ટ્ર સરકારની બોમ્બે હાઈ કોર્ટે બુધવારે ઝાટકણી કાઢી હતી. ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ ફિરદોશ પુનિવાલાની ખંડપીઠે જણાવ્યું હતું કે વળતર નકારવાનો સરકારી આદેશ અવિચારી હતો. 'તમે આટલી હદે અસંવેદનશીલ કઈ રીતે બની શકો? મૃતક નર્સ કોવિડ ૧૯ દર્દીઓની ખડેપગે સેવા કરતી હતી. આવા કેસને નકારી કેમ શકાય? આ પ્રકારના મામલા વિશે કાળજીપૂર્વક વિચાર થવો જોઈએ,' એમ ન્યાયમૂર્તિ કુલકર્ણીએ કહ્યું હતું. મૃતક નર્સે ચા પાણી પીવાના સમયની પરવા કર્યા વિના મોડે સુધી રોજેરોજ સારવાર કરી હશે એવી નોંધ અદાલતે કરી હતી. સુધાકર પવારની વળતર માટેની અરજી સરકારે નકાર્યા બાદ સરકારી આદેશને પડકારતી પવારની અરજીની સુનાવણી અદાલતમાં થઈ રહી હતી. બે અઠવાડિયા પછી અરજીની સુનાવણી આગળ ચાલશે. ■

# મુંબઈમાં આરટીઈ પ્રવેશની જગ્યામાં વધારો થયો

## ૧૩૮૩ શાળામાં ૨૯૦૧૪ જગ્યામાં થઇ શકશે પ્રવેશ

મુંબઈ: આરટીઈ અંતર્ગત મહાપાલિકા, સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં થનારા પચીસ ટકાના ક્વોટાના પ્રવેશ માટે મુંબઈની બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે. આરટીઈ પ્રવેશ માટે વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન શરૂ થઇ ગઇ હોઇ મુંબઈમાં ૧૩૮૩ વેલિડ સ્કૂલોમાં ૨૯,૦૧૪ બેઠક પર પ્રવેશ આપવામાં આવશે.

પ્રવેશ માટે જરૂરી દસ્તાવેજોની પરિપૂર્ણતા કરાયા બાદ બાળકના પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરી શકાશે, એવું શિક્ષણ અધિકારી (પ્રાથમિક) રાજેશ કંકાળે સ્પષ્ટ કર્યું હતું. જે બાળકે અગાઉ આરટીઈ પચીસ ટકા અંતર્ગત પ્રવેશ લીધો હશે, એવાં બાળકો ફરી વાર અરજી નહીં કરી શકે. પ્રવેશ ફોર્મ ભરતાં સમયે આ અંગેની ભૂલભરેલી માહિતી ભરીને ફરી પ્રવેશ લેવામાં આવ્યું હોવાનું જાણમાં આવશે તો પ્રવેશને રદ કરવામાં આવશે, એવું પણ શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આરટીઈ અંતર્ગત મુંબઈ એસએસસી બોર્ડની ૧૩૧૯, જ્યારે ૬૪ મળીને કુલ ૧૩૮૩ પાત્ર ધરાવતી સ્કૂલોમાં પ્રવેશ માટે ૨૯,૦૧૪ જગ્યા ઉપલબ્ધ છે. આમાં એસએસસી બોર્ડ ૨૭,૮૬૯, જ્યારે અન્ય ૧૧૪૫ જગ્યાનો સમાવેશ થયા છે. અગાઉ આ પ્રક્રિયા માત્ર વિનાઅનુદાનિત ખાનગી શાળા માટે જ લાગુ થતી હતી. જોકે આ વર્ષથી આ પ્રક્રિયામાં સરકારી શાળા, પાલિકાની શાળાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ■

# અમેરિકા વ્યાજદરો ઊંચા સ્તરે જાળવી રાખશે એવી અટકળ વચ્ચે એશિયન બજારોમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ/ટોક્યોઃ અમેરિકા વ્યાજ દરો થોડા સમય માટે ઊંચા રહી શકે છે તેવી અપેક્ષાઓ ફરી ઊભી થઈ હોવાથી એશિયન શેરબજારોમાં બુધવારે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. ભારતીય શેરબજાર રામનવમી નિમિત્તે બંધ રહ્યાં હતાં. જાપાનનો બેન્ચમાર્ક નિક્કી ૨૨૫ બપોરના સત્રમાં ૦.૫ ટકા ઘટીને ૩૮,૨૯૬.૬૯ થયો હતો. ઓસ્ટ્રેલિયાનો જ અને પી-એએસએક્સ-૨૦૦ ઇન્ડેક્સ ૦.૧ ટકાથી ઓછો વધીને ૭,૬૧૮.૫૦ સુધી પહોંચ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી થોડો ઘટીને ૨,૬૦૮.૯૩ સુધી પહોંચ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ૦.૨ ટકા ઘટીને ૧૬,૨૧૯.૮૪ પર, જ્યારે શાંઘાઈ કમ્પોઝિટ ૧.૧ ટકા વધીને ૩,૦૪૦.૭૨ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો.

ભારતીય શેરબજાર રામનવમી નિમિત્તે બંધ રહ્યાં હતાં. વિશ્વબજાર પાછળ સ્થાનિક શેરબજારમાં સતત ત્રીજા સત્રમાં કડાકો નોંધાયો છે. પશ્ચિમ એશિયામાં બગડતી પરિસ્થિતિ વચ્ચે વૈશ્વિક બજારોમાં નબળાઈને ટ્રેક કરતા સેન્સેક્સ અને નિફ્ટી ૧૬ એપ્રિલના રોજ સતત ત્રીજા સત્રમાં નીચી સપાટીએ ગબડ્યા હતા. યુએસ ટ્રેઝરી બોન્ડની યીલ્ડ પાંચ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હોવાથી એકંદર ઇક્વિટી બજારોના માનસ ખરડાયા હતા. વિશ્લેષકો રોકાણકારોને સાવચેતી રાખવાની સલાહ આપી રહ્યાં છે.

ભારતીય મૂડીબજારમાં તેજી યથાવત છે. ફાલ્કોન કોન્સેપ્ટ્સ લિમિટેડ, અગ્રણી ફેસડ સિસ્ટમ્સ કંપનીમાંની એકે ૧૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઇપીઓ) સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. હરિયાણામાં મુખ્ય મથક ધરાવતી આ કંપની આઇપીઓના માધ્યમથી શેર દીઠ રૂ. ૬૨ના ભાવે રૂ. ૧૨.૦૯ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, જેમાં શેર બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ થવાના છે. લોટ સાઈઝ ૨,૦૦૦ ઈક્વિટી શેરની છે.

વિશ્વબજાર તરફ ફરી વળીએ તો, ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે મંગળવારે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે મધ્યસ્થ બેન્ક તેના મુખ્ય વ્યાજ દરમાં કાપ મૂકવાના યોગ્ય સમયની રાહ જોઈ રહી છે, જે ૨૦૦૧ પછીના તેના સર્વોચ્ચ સ્તરે છે. તેમના આ કથન પછી મિશ્ર પ્રતિક્રિયા આવી છે, કારણ કે તેમણે પહેલા એવું વિધાન પણ કર્યું હતું કે ફુગાવો સતત નીચે જાય અને ફેડરલે નક્કી કરેલા બે ટકાના લક્ષ્યાંકની નીચે જાય પછી રેટ કટ અંગે નિર્ણય લેવાશે. આઇજીના માર્કેટ એનાલિસ્ટ યીપ જુન રોંગે જણાવ્યું હતું કે, ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલ વ્યાજદરના ઘટાડા માટેની સમય મર્યાદા પાછળ ઠેલી રહ્યાં છે અને બીજીતરફ ફેડરલના અન્ય સ્પીકર્સ વધુ ધીરજ રાખવાની હાકલ કરે છે તેને કારણે રોકાણકારોની જોખમ લેવા માટેની વૃત્તિ અને ઇચ્છા નબળી પડી રહી છે,

વોલ સ્ટ્રીટ પર, એસએન્ડપી ૫૦૦ બેન્ચમાર્ક ૧૦.૪૧ પોઈન્ટ અથવા ૦.૨




ટકા ઘટીને ૫,૦૫૧.૪૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઇન્ડેક્સે તેના આગલા દિવસ કરતા તેની ખોટ વધુ ઊંડી બનાવી છે, જ્યારે તે ટ્રેઝરી યીલ્ડ્સમાં ઉછાળાને કારણે દબાણ હેઠળ નેગેટીવ જોનમાં ગબડ્યો હતો. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૬૩.૮૬ પોઈન્ટ અથવા ૦.૨ ટકા વધીને ૩૭,૭૯૮.૯૭ પોઈન્ટના સ્તરે અને નાસ્ડેક કમ્પોઝિટ ૧૯.૭૭ પોઇન્ટ અથવા ૦.૧ ટકા ઘટીને ૧૫,૮૬૫.૨૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ફેડરલ આ વર્ષે વ્યાજ દરોમાં ઘણા કટ આપશે તેવી આશા સ્ચોક ટ્રેડરોએ મોટેભાગે છોડી દીધી હોવાથી શેરબજારોમાં ઝડપી વધારો જોવા મળ્યો હતો, પરંતુ પોવેલની ટિપ્પણીને પગલે ટ્રેઝરી યીલ્ડમાં વધારો થતાં મોટાભાગના શેરો ઘટ્યા હતા. ઊંચા દરો તમામ પ્રકારના રોકાણ માટે કિંમતોને નુકસાન પહોંચાડે છે અને ભવિષ્યમાં મંદીનું જોખમ વધારે છે.

પોવેલે, આ વર્ષના અહેવાલોના સ્ટ્રિંગનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ફુગાવો અનુમાન કરતાં વધુ ઊંચી સપાટીએ રહ્યો છે. જો ઊંચો ફુગાવો ચાલુ રહેશે, તો ફેડરલ 'જ્યાં સુધી જરૂરી હોય ત્યાં સુધી' દર સ્થિર રાખશે. પરંતુ તેમણે એ પણ સ્વીકાર્યું કે જો જોબ માર્કેટ અણધારી રીતે નબળું પડે તો ફેડરલ વ્યાજ દરમાં ઘટાડો કરી શકે છે.

બે વર્ષની ટ્રેઝરી પરની ઉપજ, જે ફેડરલની કાર્યવાહી માટેની અપેક્ષાઓ પર નજર રાખે છે, તે પોવેલના કથન પછી તરત જ ઉછળીને પાંચ ટકા સુધી પહોચી અને નવેમ્બરમાં જે સ્તરે હતી તે સ્તરે પાછી ગોઠવાઇ ગઇ. પરંતુ બપોર થતાંની સાથે ઉપજમાં પાછળથી ઘટાડો થયો અને બે વર્ષની ઉપજ ફરી ૪.૯૮ ટકા સુધી નીચે આવી ગઇ. પરંતુ તે હજુ પણ સોમવારના અંતમાં ૪.૯૧ ટકા સામે ઊંચી સપાટીએ છે. ૨૦૨૪માં છ કે તેથી વધુની અપેક્ષા રાખતા ફેડરલ દ્વારા આ વર્ષે વ્યાજ દરોમાં માત્ર એક કે બે વખત જ વ્યાજદરમાં કાપ જોવા મળશે એવુ બજારના સાધનો માને છે. એનર્જી ટ્રેડિંગમાં, બેન્ચમાર્ક યુએસ ક્રૂડ બાવન સેન્ટ ઘટીને ૮૪.૫૪ ડોલર પ્રતિ બેરલ થયું હતું. આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ બ્રેન્ટ ક્રૂડ ૪૫ સેન્ટ ઘટીને ૮૯.૫૭ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે. ચલણના વેપારમાં, યુએસ ડોલર ૧૫૪.૬૫ યેનથી ઘટીને ૧૫૪.૬૪ જાપાનીઝ યેન પર આવી ગયો. યુરોની કિંમત ૧.૦૬૨૩ ડોલર અને ૧.૦૬૧૭ ડોલર બોલાઇ હતી.

સ્થાનિક સ્તરે પાછલા સત્રમાં સેન્સેક્સ ૪૫૬.૧૦ પોઈન્ટ અથવા ૦.૬૨ ટકા ઘટીને ૭૨,૯૪૩.૬૮ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૫૦ ૧૨૪.૬૦ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા ઘટીને ૨૨,૧૪૭.૯૦ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો. જોકે, બજારનો ટોન મક્કમ જણાયો હતો. કુલ ટ્રેડેડ શેરોમાંથી લગભગ ૨,૦૩૭ શેર વધ્યા, ૧,૨૫૫ શેર ઘટ્યા અને ૮૬ શેર પાછલી બંધ સપાટીએ પાછાં ફર્યા હતા.

# નાણાકીય વર્ષ ૨૦૨૪માં ક્રૂડતેલની આયાત ઘટી, પરંતુ આયાત નિર્ભરતા નવી ટોચે

## રશિયા-યુક્રેન યુદ્ધને પગલે વર્ષ ૨૦૨૨-૨૩માં ઈંધણના ભાવમાં ઉછાળો આવ્યો હતો અને ૧૭.૧ અબજ ડૉલરના મૂલ્યના ૨૬.૩ બિલિયન ક્યુબિક મીટર ગૅસની આયાત થઈ હતી

નવી દિલ્હીઃ ગત ૩૧મી માર્ચે પૂરા થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડતેલના ભાવ નીચી સપાટીએ રહ્યા હોવાથી આયાતમાં ૧૬ ટકાનો ઘટાડો થયો છે, પરંતુ દરિયાપારના પુરવઠાકારો પાસેથી આયાત નિર્ભરતા નવી ઊંચી સપાટીએ રહી હોવાનું એક અધિકૃત આંકડાકીય માહિતીમાં જણાવાયું છે.

ગત નાણાકીય વર્ષમાં દેશમાં ક્રૂડતેલની આયાત ૨૩.૨૫ કરોડ ટનની સપાટીએ રહી હતી જે આગલા નાણાકીય વર્ષની સપાટી આસપાસ જ રહી હતી, પરંતુ આયાત પેટેની ચુકવણી જે આગલા નાણાકીય વર્ષમાં ૧૫૭.૫ અબજ ડૉલર કરી હતી તેની સામે ગત સાલ ૧૩૨.૪ અબજ ડૉલર કરવામાં આવી હોવાનું તેલ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એનાલિસિસ સેલ (પીપીએસી)એ એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે વૈશ્વિક સ્તરે ભારત તેલની આયાત અને વપરાશમાં ત્રીજો ક્રમાંક ધરાવે છે. ગત સાલ ભારત સ્થાનિકમાં ઉત્પાદન ઘટાડીને આયાત વધારવામાં સફળ રહ્યું હતું.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતની ક્રૂડતેલની આયાત નિર્ભરતા જે આગલા નાણાકીય વર્ષમાં ૮૭.૪ ટકાના સ્તરે હતી તે વધીને ૮૭.૭ ટકાના સ્તરે રહી હોવાનું પીપીએસીએ જણાવતા ઉમેર્યું હતું કે ગત સાલ સ્થાનિકમાં ક્રૂડતેલનું ઉત્પાદન આગલા વર્ષની સમકક્ષ જ ૨.૯૪ કરોડ ટનની સપાટીએ રહ્યું હતું.

ભારતે ક્રૂડતેલ ઉપરાંત ૨૩.૪ અબજ ડૉલરના મૂલ્યનાં ૪.૮૧ કરોડ ટન એલપીજી (લિક્વિડ પેટ્રોલિયમ ગૅસ) જેવી પેટ્રો પેદાશની આયાત કરી હતી અને ૪૭.૪ અબજ ડૉલરના મૂલ્યના ૬.૨૨ કરોડ ટન પેટ્રો પેદાશની નિકાસ કરી હતી. નોંધનીય બાબત એ છે કે ભારત તેલ ઉપરાંત પ્રવાહી સ્વરૂપમાં ગૅસ (એલએનજી)ની આયાત કરે છે. વર્ષ ૨૦૨૨-૨૩નાં ભાવના આંચકા બાદ ગત નાણાકીય વર્ષમાં ૧૩.૩ અબજ ડૉલરના મૂલ્યના ૩૦.૯૧ અબજ ક્યુબિક મીટર ગૅસની આયાત કરી હતી. નોંધનીય બાબત એ છે કે રશિયા-યુક્રેન યુદ્ધને પગલે વર્ષ ૨૦૨૨-૨૩માં ઈંધણના ભાવમાં ઉછાળો આવ્યો હતો અને ૧૭.૧ અબજ ડૉલરના મૂલ્યના ૨૬.૩ બિલિયન ક્યુબિક મીટર ગૅસની આયાત થઈ હતી.

એકંદરે ગત નાણાકીય વર્ષમાં તેલ અને ગૅસ (ક્રૂડ ઑઈલ ઉપરાંત પેટ્રો પેદાશ અને એલએનજી)ની ચોખ્ખી આયાત (આયાત-નિકાસ) આગલા વર્ષના ૧૪૪.૨ અબજ ડૉલર સામે ઘટીને ૧૨૧.૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

# ડૉલરમાં નરમાઈ અને મધ્ય પૂર્વના તણાવ વચ્ચે વૈશ્વિક સોનામાં તેજીની આગેકૂચ

લંડનઃ આંતરરાષ્ટ્રીય સ્તરે મધ્ય પૂર્વના દેશોમાં વધેલા તણાવ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં પીછેહઠ જોવા મળતાં આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે સોના અને ચાંદીના ભાવમાં તેજી આગળ ધપી હતી. જેમાં સોનાના ભાવ ઔંસદીઠ ૨૪૦૦ ડૉલરની નજીક પહોંચ્યા હતા અને ચાંદીના ભાવમાં ૧.૪ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. જોકે, સ્થાનિકમાં આજે રામનવમીની જાહેર રજા હોવાથી ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન દ્વારા આજે ભાવની સત્તાવાર જાહેરાત નહોંતી કરવામાં આવી.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૩૮૮.૫૬ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના વધ્યા મથાળેથી ૦.૧ ટકાના ઘટાડા સાથે ૨૪૦૪.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૪ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૨૮.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ટેક્નિકલ દૃષ્ટિએ હાલ કિંમતી ધાતુઓમાં ઓવરબોટ પોઝિશન છે અને




અમેરિકા લાંબા સમય સુધી તંગ નાણાનીતિ જાળવી રાખે તેવી શક્યતા હોવા છતાં તેજીના ખેલાડીઓને રાજકીય-ભૌગોલિક તણાવનો ટેકો મળી રહ્યો હોવાનું એફએક્સટીએમનાં વરિષ્ઠ એનાલિસ્ટ લુકમન ઑટુંગાએ જણાવ્યું હતું. હાલમાં બજાર વર્તુળો ખાસ કરીને મધ્ય પૂર્વના દેશોમાં ઈરાને કરેલા હુમલાનો ઈઝરાયલ કેવો પ્રતિસાદ આપે છે તેના પર બારીકાઈથી નજર માંડીને બેઠા છે. જોકે, અમેરિકા અને તેના સહયોગી રાષ્ટ્રો ઈરાન પર પ્રતિબંધો મૂકવાની યોજના ઘડી રહ્યા છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે હાલ સોના અને ડૉલર તથા ટ્રેઝરીની યિલ્ડ વચ્ચે કોઈ સંબંધ નથી અથવા તો તેની થોડી માત્રમાં જ અસર જોવા મળે છે, જ્યારે વધુ અસર રાજકીય-ભૌગોલિક તણાવની જોવા મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે મધ્યપૂર્વના દેશોમાં તણાવને પગલે વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૬ ટકાનો અથવા તો ગત સાતમી ઑક્ટોબરથી અત્યાર સુધીમાં ઔંસદીઠ ૫૦૦ ડૉલરનો ઉછાળો આવી ગયો છે.

# વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે આયાતી તેલમાં ગાબડાં, વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૫૬ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં એક તબક્કે ૧૦૦ રિંગિટનો ઘટાડો આવ્યા બાદ નીચા મથાળેથી ભારત અને ચીનના આયાતકારોની લેવાલી નીકળતાં સત્રના અંતે વાયદો ૬૦ રિંગિટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો.



આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચથી ૧૫નાં ગાબડાં પડ્યા હતા, જેમાં સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૫, આરબીડી પામોલિનમાં રૂ. ૧૩, ક્રૂડ પામતેલ, સોયા ડિગમ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સન ક્રૂડમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા. વધુમાં આજે ગુજરાતના મથકો પર વૉશ્ડ કૉટનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યાના અહેવાલે સ્થાનિકમાં પણ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં સેલરિસેલ ધોરણે આરબીડી પામોલિનના છૂટાછવાયા વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૪૭થી ૯૫૦માં થયા હતા, જ્યારે ડાયરેક્ટ ડિલિવરી શરતે અંદાજે ૪૦૦થી ૫૦૦ ટન આરબીડી પામોલિનના વેપાર હતા, જેમાં અલાનાના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૫૦માં અને ગોલ્ડન એગ્રી તથા એએનએના રૂ. ૯૪૫માં થયાના અહેવાલ હતા. જોકે, આજે મોડી સાંજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોલ્ડ એગ્રી અને અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૯૪૫ અને રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૯૫૦ તથા સોયા તથા સન રિફાઈન્ડના રૂ. ૯૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન ગત તા.૧થી ૧૫ એપ્રિલ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ગત માર્ચ મહિનાના સમાનગાળાના ૫,૮૦,૩૩૦ ટન સામે ૯.૧૯ ટકા વધીને ૬,૩૩,૬૮૦ ટનની સપાટીએ રહી હોવાનું કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસે તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૪૫, ક્રૂડ પામતેલના રૂ. ૯૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૪૫થી ૯૫૦, સોયા ડિગમના રૂ. ૯૦૫, સન રિફાઈન્ડના રૂ. ૯૪૫, સન ક્રૂડના રૂ. ૮૭૫, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૯૦ અને સરસવના રૂ. ૧૦૩૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૨૫થી ૯૩૦માં અને રૂ. ૧૪૫૦માં તથા તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૩૦માં થયાના અહેવાલ હતા. આજે રાજસ્થાન ખાતે ૨.૫ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૩૫૦થી ૫૩૭૫માં થયા હતા, જ્યારે એક્સ્પેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૦૧થી ૧૦૦૨માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૦૧૧થી ૧૦૧૨માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૨૦થી ૨૫૨૫માં થયાના અહેવાલ હતા.

# હોસેલેસ પ્રાઇસ ઈન્ડેક્સ ૦.૫૩ ટકાની ઊંચી સપાટીએ પહોંચ્યો

નવી દિલ્હીઃ જથ્થાબંધ ભાવ આધારિત હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ (ડબલ્યુપીઆઇ) માર્ચ ૨૦૨૪માં વધીને ૦.૫૩ ટકાની સપાટીએ પહોંચ્યો હતો. મુખ્યત્વે ખાદ્ય પદાર્થો, વીજળી, ક્રૂડ ઓઇલ, મશીનરી અને ઉત્પાદન જેવા મુખ્ય ક્ષેત્રોમાં ઊંચા ભાવોને કારણે આ વધારો નોંધાયો છે.

વિભાજિત ધોરણે જોઇએ તો, તમામ કોમોડિટીઝ માટેનો જથ્થાબંધ ભાવાંક અગાઉના વર્ષની સરખામણીમાં ૧૫૧.૨ સામે વધીને ૧૫૧.૮ની સપાટીએ પહોંચ્યો હતો.

એ જ રીતે ખાદ્ય પદાર્થો જેવી પ્રાથમિક ચીજવસ્તુઓમાં ૪.૬૫ ટકાના ફુગાવાના દર સાથે ઇન્ડેક્સ ૧૭૮.૩ સામે વધીને ૧૮૦.૧ના સ્તરે પહોંચ્યો હતો. જો કે, ઇંધણ પાવર સેક્ટરમાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો, જે ૧૫૫.૧ સામે ઘટીને ૧૫૫.૨ના સ્તરે પહોંચ્યો હતો.

માસિક તુલનાત્મક ધોરણે, ફેબ્રુઆરી ૨૦૨૪ની સરખામણીમાં જથ્થાબંધ ભાવ આધારિત ઇન્ડેક્સમાં ૦.૪૦ ટકાનો વધારો થયો હતો. ક્રૂડ ઓઇલ અને નેચરલ ગેસ સહિતના પ્રાથમિક આર્ટિકલ્સમાં ૦.૯૪નો વધારો જોવા મળ્યો હતો જ્યારે ઇંધણ અને પાવર સેક્ટરમાં સામાન્ય ૦.૦૬ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

બીજી તરફ, ઉત્પાદિત ઉત્પાદનોમાં મુખ્યત્વે ખાદ્ય ઉત્પાદનો, મોટર વાહનો અને રસાયણોના ઊંચા ભાવને કારણે ૦.૨૧ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

ખાદ્ય ચીજવસ્તુઓ અને ખાદ્ય ઉત્પાદનો બંનેનો સમાવેશ ધરાવતો ફૂડ ઈન્ડેક્સ ૧૭૮.૩ સામે વધીને ૧૮૦.૧ના સ્તરે પહોંચ્યો હતો, જે માર્ચમાં ૪.૬૫ ટકાના ફુગાવાના દરમાં મુખ્ય ફાળો દર્શાવે છે. મુખ્યત્વે ખાદ્ય ચીજોના ઊંચા ભાવને કારણે આ વધારો જોવા મળ્યો હતો.


# મથકો પાછળ મિડિયમ ગ્રેડની ખાંડમાં આગેકૂચ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તથા દેશાવરોની પ્રવર્તમાન ઉનાળાની મોસમને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં પ્રબળ માગ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૫૩૦થી ૩૫૭૦માં થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં મથકો પર જોવા મળેલા સુધારાને કારણે ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮નો સુધારો આવ્યો હતો, પરંતુ અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી નીચલા મથાળેથી ભાવમાં રૂ. ૨૬નો ઘટાડો આવ્યો હતો. જોકે, મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦ની આગેકૂચ જોવા મળી હતી. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલો તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮ વધીને અને ઉપલા મથાળેથી રૂ. ૨૬ ઘટીને રૂ. ૩૬૭૦થી ૩૭૪૨ આસપાસના મથાળે અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૦ વધીને રૂ. ૩૭૯૨થી ૩૮૬૨ આસપાસ ગુણવત્તાનુસાર રહ્યા હતા.

# સ્ટોકિસ્ટોની લેવાલીએ ઝિન્ક, બ્રાસ અને કોપરની અમુક વેરાઈટીઓમાં સુધારો

મુંબઈઃ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત વૈશ્વિક સ્તરે ખાસ કરીને કોપરમાં પુરવઠા સ્થિતિ તંગ હોવાને કારણે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓનાં ભાવમાં મક્કમથી સુધારાતરફી વલણ જોવા મળી રહ્યું હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ મજબૂત અન્ડરટોન જોવા મળી રહ્યો છે. એકંદરે આજે રામનવમીને કારણે બૅન્ક હૉલીડે હોવાથી કામકાજો પાંખાં રહ્યા હતા. તેમ છતાં ઝિન્ક સ્લેબ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ અને કોપરની અમુક વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠનો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪ અને રૂ. સાત ઘટી



આવ્યા હતા. આ સિવાય નિરસ માગે કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘસરકો આવ્યો હતો, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૫૨૮, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૫૫૦, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૦૧, રૂ. ૭૮૭ અને રૂ. ૨૪૬, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૭૮ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૮૧૧ના મથાળે રહ્યા હતા. આજે ટીન અને નિકલમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલી જળવાઈ રહેવાની સાથે વપરાશકાર ઉદ્યોગની માગ ખપપૂરતી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪ ઘટીને રૂ. ૩૦૫૮ અને રૂ. સાત ઘટીને રૂ. ૧૫૩૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિરસ માગે કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૫૦ અને રૂ. ૨૩૭ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૨૫ અને રૂ. ૧૯૦ના મથાળે રહ્યા હતા.

## ભાવનગર ભાજપના ઉમેદવાર બાંભણિયાની મિલકત ₹ ૨.૫૧ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણિયાએ આવકવેરા પત્રકમાં દર્શાવેલી આવકમાં છેલ્લાં પાંચ વર્ષમાં આવકમાં વધારો નોંધાયો છે. ૨૦૧૮ -૧૯ માં ૩,૧૯,૦૯૦ હતી તે ૨૦૨૨-૨૩ માં ૪,૯૯,૨૩૦ થઈ હતી. તેમજ રૂ.૯૫ હજાર હાથ પર રોકડ છે. પરંતુ ૮,૪૦,૦૦૦ ની કિંમતનું ૧૩૮ ગ્રામ સોનું તેમની પાસે છે. દસ લાખની કિંમતની વારસાગત કૃષિની જમીન ઉપરાંત સ્વ ઉપાર્જિત વર્ષ ૨૦૦૯માં ૩,૫૦,૦૦૦ માં ખરીદેલી મિલકતમાં ૪૫ લાખનું ડેવલપમેન્ટ કરી હાલમાં તેમની કિંમત રૂ.૨.૩૦ કરોડ થઈ ગઈ છે.

નિમુબેન પાસે વાહન નથી અને તેમના પતિ જયંતીભાઈ બાંભણિયા પાસે એક ટુ વ્હિલર અને મારુતિ અલ્ટો છે. શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલા નિમુબેનને ૫૮,૨૯,૪૪૭ની લોન ચૂકવવાની બાકી છે. ■

## વીજબિલ અપડેટ કરાવવાના બહાને નિવૃત્ત સાથે ૧૨.૮૫ લાખની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઓનલાઇન ઠગાઈના સતત વધી રહેલા કિસ્સાઓ વચ્ચે કચ્છના બંદરીય માંડવી શહેરમાં રહેતા નિવૃત્ત વડીલને વીજબિલની રકમ બાકી હોઈ વીજ કનેક્શનને કાપી દેવાની ચીમકી આપતો સંદેશો મોકલીને સાયબર ગઠિયાઓએ ૧૨ લાખ ૮૫ હજાર રૂપિયા બારોબાર બેન્કમાંથી ઉપાડી લેવા ઉપરાંત બેન્કમાં રહેલી મરણ મૂડી સમાન ફિક્સ્ડ ડિપોઝિટ પર ત્રણ લોન મેળવી લઈને બેન્ક બેલેન્સ તળિયાઝાટક કરી નાખવા પ્રયાસ કરવાનો ચોંકાવનારો બનાવ બહાર આવ્યો છે.

માંડવીના બાબા વાડી વિસ્તારમાં રહેતા ૬૪ વર્ષીય પરેશભાઈ જસવંતરાય મહેતા નિયમિત રીતે ઓનલાઈન વીજબિલ ભરતા હોવા છતાં ગત નાતાલના દિવસે તેમના પત્નીના મોબાઈલ નંબર પર આવેલા એસએમએસમાં પાછલા મહિનાનું વીજબિલ અપડેટ ના થયું હોઈ આજે રાત્રે ૯.૩૦ કલાકે તમારું વીજ જોડાણ કટ થઈ જશે તેમ લખેલું હતું અને આ સંદર્ભમાં એક મોબાઈલ નંબર પર વાત કરવા જણાવાયું હતું.ગભરાયેલા ફરિયાદીએ તે મોબાઈલ નંબર પર સંપર્ક કરતાં ગઠિયાએ પહેલાં તેમને પેટીએમથી દસ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરવા કહી વોટસએપ પર એનીડેસ્ક નામના બોગસ એપ્લિકેશનને ડાઉનલોડ અને ઇન્સ્ટોલ કરવા માટે લિન્ક મોકલી હતી. જાળમાં ફસાયેલા વડીલે જેવી એપ ડાઉનલોડ કરી કે ગઠિયાએ ફટાફટ તેમના બેન્ક ખાતામાંથી ઓનલાઈન નાણાં ઉપાડવાનું શરૂ કરી દીધું હતું. ફરિયાદીના મોબાઈલ પર પૈસા ડેબિટ થવાના મેસેજનો મારો શરૂ થતાં ગઠિયાએ એમ કહી વિશ્વાસમાં લીધા હતા કે તમે ચિંતા ના કરો, તે રૂપિયા પાછા આવી જશે પણ તમે ફોન કટ ના કરતાં. બિલ અપડેટ નહીં થાય તો મારી નોકરી જશે' આ રીતે વાતોમાં પરોવી રાખીને સતત અઢી કલાક સુધી ફોન ચાલું રખાવીને ૪.૮૩ લાખ રૂપિયા કાઢી લીધા હતા. ફરિયાદીને શંકા જતાં તેમણે ફોન કાપી નાખ્યો પરંતુ એનીડેસ્ક નામક એપ ડિલીટ કરવાનું ભૂલી ગયા હતા.

બીજા દિવસે બેન્કમાં જઈ તપાસ કરતાં ખબર પડી હતી કે તેમણે અન્ય બેન્ક ખાતાં કે જેમાં નાણાંની ફિક્સ્ડ ડિપોઝિટ કરાવી હતી તેની સામે ગઠિયાઓએ જુદી જુદી ત્રણ લોન મેળવી ફાવી ગયેલા સાયબર ક્રિમિનલોએ ૧૨ લાખ ૮૫ હજાર રૂપિયા ઉસેડી લીધા હતા. વિદેશ રહેતા પુત્રને ત્યાં રહેવા જતા પહેલાં પરેશ ભાઈએ ભુજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા મોબાઈલ નંબર સહિતની વિગતો આપી ધુતારાઓ સામે ફરિયાદ નોંધાવી છે. ■

## આદિપુરમાં શો-રૂમનો મેનેજર ગ્રાહકોના ૩.૨૫ લાખ રૂપિયા ક્રિકેટના સટ્ટામાં હારી ગયો!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અંજાર અને ગાંધીધામના પરા સમા આદિપુર શહેરમાં આવેલા મોટરસાઈકલના શૉ-રૂમના સેલ્સ મેનેજરે વાહનોના વેચાણ પેટે બે ગ્રાહક પાસેથી મેળવેલા ૩.૨૫ લાખ રૂપિયા આઇપીએલ ટી-૨૦ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ઓનલાઈન સટ્ટામાં લગાડી, હારી જઈ શૉ-રૂમ સાથે ઠગાઈ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, અંજારના ગોકુલ નગરમાં રહેનારો લાભુ મોહન સુંબડ નામનો ૩૬ વર્ષિય યુવક આદિપુરના ડીસી-૦૩ વિસ્તારમાં કાર્ગો મોટર્સ સંચાલિત જાવા યેઝદી કંપનીના શૉ-રૂમમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતો હતો.

સટ્ટાખોરી માટે કુખ્યાત એવી આઇપીએલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં રમાતી ક્રિકેટ મેચોમાં સટ્ટાની લતે લાગી ગયેલાં લાભુએ શૉ-રૂમના બે ગ્રાહક પાસેથી સવા ત્રણ લાખ રૂપિયા મેળવીને તે નાણાં નિયમ મુજબ એકાઉન્ટ વિભાગમાં જમા કરાવવાના બદલે સટ્ટામાં લગાવ્યા હતા જેમાં તે હારી ગયો હતો.

બનાવ અંગે આધાર પૂરાવા સાથે મેનેજરે લાભુ સામે આદિપુર પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના પગલે પોલીસ લાભુને પકડીને પોલીસ સ્ટેશન લઈ આવી હતી. તેનો સ્માર્ટ ફોન ચેક કરતાં ગૂગલ ક્રોમ બ્રાઉઝરમાં ઓનલાઈન સટ્ટાબેટીંગની વેબસાઈટની લિન્ક જોવા મળી હતી. આ વેબસાઈટ મારફતે પોતે મેચ પર સટ્ટો રમતો હોવાનું લાભુએ જણાવતાં પોલીસે તેની વિરુદ્ધ જુગારધારા મુજબ વધુ એક ગુનો દાખલ કરીને મોબાઈલ ફોન જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

## રાપરના આણંદપર ગામે માતાએ પોતાના ચાર સંતાન સાથે ઝેરી દવા ગટગટાવી લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃકચ્છના સીમાવર્તી રાપર તાલુકાના આણંદપર ગામમાં પોતાના ચાર કાળજાના કટકા સમાન સંતાનો સાથે વિફરેલી માતાએ ઝેરી દવા ગટગટાવી લેતાં તમામને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં જ્યાં માતાની તબિયત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

કરુણાંતિકા અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, દંપતી વચ્ચે દરરોજ થતા પારિવારિક કલેહથી ત્રાસી ગયેલી મહિલાએ રામનવમીની પૂર્વસંધ્યાએ આણંદપર ગામની સીમમાં આવેલા ખેતરે જઈ પોતાના ચાર સંતાનો સાથે ઝેરી દવા પી લીધી હતી. બનાવની જાણ થતાં માતા તેમજ ચાર સંતાનને તાત્કાલિક રાપરની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં બાળકોની હાલત સ્વસ્થ હોવાનું જ્યારે માતાની તબિયત વધુ લથડતાં અન્ય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

ઘટના અંગે આ લખાય છે ત્યાં સુધી કોઈ નોંધ થઈ નથી તેમ છતાં ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું બાલાસર પોલીસ મથકના પીએસઆઈ વિકાસ કુમાર ઝાએ જણાવ્યું છે. ■

## પુત્રને બચાવવા જતાં માતા પર પાંચ શખસોનો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જસદણના વિરનગર ગામમાં અગાઉ થયેલા ઝઘડાનો ખાર રાખી સંજય સોલંકી પર પાંચ શખ્સોએ હુમલો કરતાં તેની માતા દીકરાને બચાવવા વચ્ચે પડતાં પ્રૌઢાને ઈજાઓ પહોંચી હતી. બાદમાં સારવાર અર્થે જસદણ બાદ રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

બનાવની વિગત મુજબ જસદણના વીરનગર ગામમાં રહેતાં મંજુબેન પૂંજાભાઈ સોલંકી (ઉં.વ.૫૦) પર તેના જ ગામમાં પાંચ શખ્સોએ હુમલો કરી માર મારી નાસી ગયા હતા. બાદ મંજુબેનને તુરંત વિરનગર સરકારી હૉસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે જસદણ ખસેડવામાં આવ્યાં હતાં. બાદ વધુ સારવાર જણાતાં રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

મંજુબેનના દીકરા સંજયને અગાઉ કરણ દાફડા સાથે બોલચાલી થઈ હતી. જેનો ખાર રાખી ગત તા.૧૪/૪ ના રોજ બપોરે કરણ દાફડા, સોનુ દાફડા સહીત પાંચ લોકોએ સંજય સોલંકી પર હુમલો કર્યો હતો. જેને બચાવવા તેની માતા વચે પડતાં મંજુબેન ઈજાઓ પહોંચી હતી. બાદ પ્રૌઢાને જસદણ સરકારી હૉસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર હેઠળ છે. બનાવ અંગે આટકોટ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

## ભાવનગરના પડવા ગામના આરોપીને બાળા સાથેના દુષ્કર્મ આચરનારને ૨૦ વર્ષની કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ અઢી વર્ષ અગાઉ ઘોઘા તાલુકાના પડવા ગામે રહેતા અજયસિંહ ગોહિલે ૧૦ વર્ષથી નાની ઉંમરની બાળાને લોલીપોપ આપીને વિકૃત રીતે દુષ્કર્મ આચરવાનો કેસ ચાલી જતાં સ્થાનિક અદાલતે આરોપી સામેનો ગુનો સાબિત માની આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા તેમ જ રૂ.૫૦ હજારનો દંડ ફરમાવ્યો છે. આ સાથે ભોગ બનનાર બાળાને રૂ.૪.૫૦ લાખનું વળતર ચૂકવવાનો હુકમ પણ ફરમાવી છે.

આ કેસની વિગતો એવી છે કે, તા.૨૩.૦૮.૨૦૨૧ના રોજ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના પડવા ગામે રહેતા ફરિયાદીની ૧૦ વર્ષથી નાની ઉંમરની સગીર ભત્રીજી સહિતના બાળકોને બટુક ભોજન લેવાના બહાને આરોપી અજયસિંહ ગંભીરસિંહ ગોહિલ (રહે. પડવા, તા. ઘોઘા) ગામમાં આવેલા સ્વામિનારાયણ મંદિરે લઈ ગયો હતો, જ્યાં ભોગ બનનાર બાળાને મંદિરના ઉપરના ઓરડામાં લઈ જઈ સાફ-સફાઈ કરાવી લોલીપોપ આપીને ત્યારબાદ આરોપીએ માસૂમ બાળા સાથે વિકૃત રીતે દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે ઘોઘા પોલિસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી.

આ કેસમાં ચોથા એડિ. સેશન્સ જજ એમ.પી. મહેતાની અદાલતે આખરી ચુકાદો ફરમાવેલ અને તે મુજબ નામદાર અદાલતે આરોપીને પોકસો ઍક્ટની કલમ-૪, ૬ અને ૧૨ અન્વયે તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૫૦ હજારના દંડની સજા ફરમાવી છે. આ સાથે વિકટીમ કોમ્પેન્સેશન અન્વયે ભોગ બનનાર બાળાને રૂ.૪.૫૦ લાખનું વળતર ચૂકવવા અદાલતે હુકમ ફરમાવ્યો હતો. ■

## રાજકોટમાં અગનવર્ષાઃ તાપમાન ૪૩.૪ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં આજે બુધવારની સવારથી જ સૂર્યદેવતાએ રૌદ્ર સ્વરૂપનાં દર્શન કરાવ્યા હતા. ગઈકાલે ૪૧.૫ ડિગ્રી તાપમાન બાદ આજે સવારે ૧૧ વાગ્યાથી જ આકાશમાંથી અગનવર્ષા થવા લાગતા નગરજનો આકુળ વ્યાકુળ થઈ ગયા હતા.

બપોરે ભયંકર અને અસહ્ય તાપની જનજીવન ઉપર અસર દેખાઈ હતી અને રાજમાર્ગો ઉપર સાવ પાંખો ટ્રાફિક નજરે પડયો હતો અને બજારો પણ સૂમસામ થઈ ગઈ હતી. આજે બપોરે ૨.૩૦ કલાકે શહેરનું તાપમાન ૪૩.૪ ડિગ્રી સુધી પહોંચી જતા લોકોએ ભઠ્ઠા શેકનો અનુભવ કર્યો હતો. બપોરે અઢી કલાકે હવામાં ભેજ ૧૯ ટકા રહ્યો હતો અને પવનની ઝડપ ૧૦ કિ.મી. પ્રતિકલાક રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગે હિટવેવની આગાહી કરી છે અને ખાસ કરીને રાજકોટ, કચ્છ, સુરેન્દ્રનગર અને પોરબંદરમાં તાપમાનનો પારો ૪૨થી૪૩ ડિગ્રી ઉપર પહોંચી જવાની શકયતા હવામાન વિભાગે દર્શાવી છે. અત્રે સૌથી નોંધનીય બાબત એ છે કે, મોટાભાગે રાજકોટમાં મે માસ દરમ્યાન મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચે છે. પરંતુ આ વર્ષે સૌપ્રથમ વાર જ એપ્રિલમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચી જતા શહેરીજનો ત્રસ્ત થઈ ગયા હતા. હવામાન વિભાગ દ્વારા એવી આગાહી કરવામાં આવી છે કે આવતા બે દિવસ તાપમાનમાં કોઈ રાહત નહીં મળે પરંતુ ત્યારબાદ પારો બે થી ત્રણ ડિગ્રી નીચે આવી શકે છે.

સૌરાષ્ટ્રમાં પોરબંદર, જૂનાગઢ તથા ગીર સોમનાથમાં હિટવેવની હાલત સર્જાવાની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા બાળકો, વૃદ્ધો તથા ગંભીર બીમારીથી પીડાતા લોકોને આરોગ્યની કાળજી લેવા સૂચના આપવામાં આવી છે. ■

## નાડાપાની ફેક્ટરીમાં બેકાબૂ બનેલું ડમ્પર ઓરડી સાથે ભટકાતાં બાળકીનું મોતઃ ત્રણ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃતાલુકાના નાડાપાથી હબાય ગામ જતા માર્ગ પર આવેલી એક ફેક્ટરીમાં ચઢાણ ચડી રહેલા ભારેખમ ડમ્પરની બ્રેક ન લાગતા ઓરડી સાથે ભટકાયા બાદ તૂટેલી દીવાલ તળે આવી ગયેલી ૬ વર્ષની બાળકીનું મોત થયું હતું જયારે માતા સહિત અન્ય ત્રણ બાળકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ડાંગર કેવોલીન નામની ફેક્ટરીમાં માલ પહોંચાડવા માટે ડમ્પર ઢાળ પર ચડી રહ્યું હતું ત્યારે અચાનક ડમ્પર પાછળ ધસી આવ્યું અને સમયસર બ્રેક ન લાગવાને કારણે ફેક્ટરીમાં બનાવેલી ઓરડી સાથે ભટકાતા ઓરડીની અંદર રહેલી દિવ્યા રામસી ભુરીયા નામની બાળા પર દીવાલ પડતા મોત થયું હતું. જયારે બાળકીની માતા સહિત અન્ય ત્રણ બાળકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. સમગ્ર મામલે પદ્ધર પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું પી.એસ.આઇ એચ.એમ.ગોહિલે જણાવ્યું હતું. ■

## રાજકોટમાં પુરુષોની સરખામણીએ મહિલાઓનું મતદાન વધારવા કવાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ દરમિયાન મતદાન મથકોમાં મહિલાઓનું મતદાન પુરુષોની સરખામણી ૧૦ ટકા ઓછું હતું તેવા કુલ ૩૦૩ મતદાન મથકો તેમ જ જે મતદાન મથકોનું મતદાન ૫૦ ટકાથી ઓછું હતું તેવા ૫૮ મતદાન મથકની સંખ્યા મળી કુલ ૩૬૧ મતદાન મથકને અલગ તારવીને આ મતદાન મથકો તેમ જ પછાત વિસ્તારોમાં સ્ત્રીઓનું મતદાન વધે તે માટે રાજકોટ શહેરની કુલ ૩૬૪ આંગણવાડીના વર્કર, કાર્યકર, સુપરવાઈઝરોની એક મીટિંગ નોડલ ઓફિસર અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના અધ્યક્ષ સ્થાને મળી હતી. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત તા.૦૭ મેના રોજ મહિલાઓ બહોળા પ્રમાણમાં મતદાન કરે અને મતદાનની ટકાવારી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ કરતાં વધુ થાય તે માટે આંગણવાડી કાર્યકરો તેમ જ સુપરવાઈઝરોને સૌ પ્રથમ વિવિધ ડિજિટલ કલીપ તેમ જ આંગણવાડી ખાતે વાલીઓની હાજરીમાં વોટર અવેરનેસ વધે તે માટે વિવિધ સ્પર્ધાઓ જેવી કે રમતો-રંગોળી-મહેંદી તેમ જ ક્વીઝ કોમ્પિટિશન-સ્લોગન રાઈટિંગ-મારફતે મહિલાઓ મતદાન કરવા પ્રેરાય તે માટેની સમજણ નોડલ ઓફિસર અને નાયબ કમિશનર સ્વપ્નિલ ખરે દ્વારા આપવામાં આવી હતી, ત્યારબાદ આંગણવાડી વર્કરો-સુપરવાઈઝરો દ્વારા પોતાનું તેમ જ પરિવારનું મતદાન ૧૦૦ ટકા થાય તે માટે જરૂરી શપથવિધિ યોજવામાં આવી હતી. ■

## ભાવનગરમાં સીઝનની સૌથી વધુ ૪૧.૭ ડિગ્રી ગરમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર અને જિલ્લામાં ગરમીનો પારો વધીને આજે બુધવારે ૪૧.૭ ડિગ્રીએ લોકો આકરા તાપમાનમાં શેકાયા હતા. ચાર દિવસમાં મહત્તમ અને લઘુતમ તાપમાન છ ડિગ્રી ઊંચકાયું છે.

ગોહિલવાડ પંથકમાં ઉનાળો આકરો બની રહ્યો છે. બુધવારે વધુ બે ડિગ્રી મહત્તમ તાપમાન વધતા ગરમીનો પારો ૪૧.૭ ડિગ્રીને આંબી જતા લોકો તોબા પોકારી ગયા હતા. આજે બુધવારે સીઝનનું સર્વોત્તમ મહત્તમ તાપમાન ભાવનગરમાં નોંધાયું છે.

ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૪૧.૭ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુતમ તાપમાન ૨૭.૦ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૨૭ ટકા રહ્યું હતું, જ્યારે પવનની ઝડપ ૧૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ■

## રાજકોટ મહાપાલિકા દ્વારા ગરીબ લોકોની સેવા માટે અનોખી પહેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્વચ્છ ભારત મિશન ૨.૦ તથા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રણ નવા આરઆરઆર (રિયુઝ, રિડ્યુસ અને રિસાઈકલ) સેન્ટર સહિત કુલ પાંચ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે, જેમાં લોકો જૂના વસ્ત્રો, રમકડાં, પુસ્તકો, બૂટ ચપ્પલ વગેરે જમા કરાવી શકશે.

કે.એસ.ડીઝલ એમઆરએફ સેન્ટર પાસે તથા રૈયાધાર એમઆરએફ સેન્ટર પાસે બે આરઆરઆર સેન્ટર કાર્યરત છે. અત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોનમાં વોર્ડ નંબર ૨ ખાતે આવેલા દંતોપંત ઠેંગડી પુસ્તકાલય, શ્રોફ રોડ, વેસ્ટ ઝોનમાં વોર્ડ નંબર નવ ખાતે બાબુભાઈ વૈદ્ય પુસ્તકાલય, ચંદન પાર્ક મેઈન રોડ અને ઈસ્ટ ઝોન વોર્ડ નંબર ૬ ખાતે ચાણક્ય પુસ્તકાલય, ગોવિંદબાગ શાક માર્કેટ પાસે, આરઆરઆર સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે.

હાલમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ પાંચ આરઆરઆર સેન્ટર કાર્યરત છે. ઉપરોક્ત ત્રણે આરઆરઆર સેન્ટર ખાતે રાજકોટ શહેરના શહેરીજનોને અપીલ કરવામાં આવે છે કે તમારા જૂના પુસ્તકો, રમકડાં, કપડાં, ચપલ/બૂટ જમા કરાવી શકશે. જે રાજકોટ મહાનગરપાલિકા જરૂરિયાતમંદ લોકોને ફાળવશે. આ અંગેનો જનજાગૃતિ અભિયાન કાર્યક્રમ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવ્યો હતો. આરઆરઆર સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ કચરાના ઉત્પતિકરણમાં ઘટાડો કરીને રિયુઝ કરવા અંગેનો છે. ■

## જામનગરમાં વેપારી સાથે કરોડો રૂપિયાની ઠગાઈ આચરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં વેપારી સાથે કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવનાર ત્રણ લોકો સામે પોલીસે ફરિયાદ નોંધી છે. વેપારી હિરેન કોટેચા કે જે ખેત ઉત્પાદનની જણસની લેવેચના સોદાઓ કરે છે, હિરેન કોટેચાએ રાજકોટના ત્રણ વેપારીને માલ આપ્યો હતો. રાજકોટના હેમંત દાવડા, રવિ દાવડા અને પલક રૂપારેલે ૧૧ કરોડની રકમ ના ચૂકવી હાથ અદ્ધર કરી દીધા હતા. વેપારી દ્વારા જેને રોકડા ચૂકવવાના હતા તે વેપારીને વોટ્સએપ પર ખોટું સ્ટેટમેન્ટ બનાવી મોકલી આપ્યું હતું. વોટસઍપ સ્ટેટમેન્ટના આધારે પોલીસે ફરિયાદ નોંધી છે.

જામનગરના વેપારીએ રાજકોટના જે ત્રણ વેપારીઓને માલ-સામાન આપ્યો હતો તે ડોકયુમેન્ટના આધારે ફરિયાદ નોંધી આરોપીઓને ઝડપવાની કામગીરી હાથ ધરી છે. જામનગરના વેપારી દ્વારા અગાઉ ટેલિફોનિક સંપર્ક સાધ્યો હતો પણ રાજકોટના આ ત્રણ વેપારીઓએ ફોન પર જવાબ આપ્યો ન હતો અને રૂપિયા પણ ટ્રાન્ફર કર્યા ન હોવાથી વેપારીએ કંટાળીને પોલીસનો સંપર્ક સાધ્યો હતો. જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં રહેતા અને બ્રાસનો ભંગાર વેચતા વેપારી પાસેથી દરેડમાં કારખાનું ધરાવતા એક શખ્સે પાંચ માસના ગાળામાં જુદા જુદા દિવસે એકંદરે એક હજાર કિલો બ્રાસ ભંગાર ખરીદી રૂપિયા ન આપી અડધા કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઇ છે. આરોપીએ પ્રથમ વખત કરેલા વ્યાપારના રૂપિયા ચૂકતે કરી વિશ્વાસ કેળવ્યા બાદ બાકીના ચાર વ્યવહારના રૂપિયા નહીં ચૂકવી કારખાનેદારે છેતરપિંડી આચરી હોવાની વિગતો જાણવા મળી છે. ■

## રાજકોટમાંથી નામચીન ગંજેરી સહિત બે શખસો હથિયાર સાથે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેર પોલીસે ગેરકાયદેસર હથિયાર રાખતાં શખ્સો પર ઘોંસ બોલાવી હોય તેમ અવિરત બીજા દિવસે પણ વધુ બે શખ્સોને ગેરકાયદેસર હથિયાર સાથે દબોચી લીધાં હતાં. માલિયાસણ ચોકડી પાસેથી મહમદ દલને તમંચા સાથે એલસીબી ઝોન-૧ ની ટીમે અને ભગવતીપરામાંથી નામચીન ગંજેરી દાઉદ ઉર્ફે ભયલોને પિસ્તોલ સાથે એસઓજીએ દબોચી પૂછતાછ આદરી હતી.

દરોડાની વિગત અનુસાર, એલસીબી ઝોન-૧ ના પીએસઆઈ બી.વી. બોરીસાગર ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલને માલિયાસણ ચોકડી ઓવરબ્રિજ નીચે એક શખ્સ ટ્રેક પેન્ટના નેફામા ગેરકાયદેસર હથિયાર રાખી ઊભો હોવાની મળેલી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે બાતમીના સ્થળેથી શખ્સને પકડી તેનું નામ પૂછતાં મહમદ હાસમ દલ (ઉં.વ.૩૩), (રહે. ભગવતીપરા આશાબાપીરની દરગાહ પાસે, નદીના કાંઠે) હોવાનું જણાવ્યું હતું. પોલીસની ટીમે શખ્સની તપાસ કરતાં તેની પાસેથી એક લોખંડના બેરલવાળો દેશી બનાવટનો તમંચો મળી આવતાં આરોપીની ધરપકડ કરી રૂ.૧૦ હજારનો તમંચો કબજે કરી પૂછતાછ હાથ ધરી હતી. પૂછતાછમાં આરોપી મહમદ દલ પોતાના શોખ માટે થોડાં સમય પહેલાં ચોટીલામાંથી પરપ્રાંતીય શખ્સ પાસેથી તમંચો મેળવ્યાની પ્રાથમિક કબૂલાત આપતાં વધું પૂછપરછ માટે આરોપીના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

બીજા દરોડામાં એસઓજી પીઆઈ જે.એમ.કૈલાની રાહબરીમાં સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે હેડ કોન્સ્ટેબલને દાઉદ ઉર્ફે ભઈલો કદીર શાહમદાર નામનો શખ્સ ભગવતીપરા, ભગવતીપરા નદીના કાંઠે સામેના રોડ પર ગેરકાયદેસર હથિયાર સાથે ઊભો હોવાની મળેલી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે બાતમીના સ્થળેથી દાઉદ ઉર્ફે ભઇલો કદીરભાઇ શાહમદાર (ઉં.વ.૩૪), (રહે. ભગવતીપરા, આશાબાપીરની દરગાહ પાસે, ભરત પાનની સામે)ને પકડી તેની તપાસ કરતાં પેન્ટના નેફામાંથી એક દેશી બનાવટની પિસ્તોલ અને ૨ જીવતા કારતૂસ મળી આવતાં આરોપીની ધરપકડ કરી પિસ્તોલ અને જીવતા કારતૂસ મળી રૂ.૨૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની પૂછતાછ હાથ ધરી હતી.

પૂછતાછમાં પકડાયેલો દાઉદ ઉર્ફે ભયલો પિસ્તોલ અને કારતુસ થોડા દિવસ પહેલાં એક પરપ્રાંતીય શખ્સ પાસેથી મેળવ્યા હોવાની પ્રાથમિક કબૂલાત આપી હતી. પોલીસ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, આરોપી ગંજેડી છે અને છ મહિના પહેલાં અમદાવાદ પોલીસે તેને એનડીપીએસ ગુનામાં પકડ્યા બાદ તે પાંચ માસ પહેલાં છૂટીને પરત આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આરોપી વિરુદ્ધ અગાઉ અલગ અલગ પોલીસ મથકમાં દારૂ, હથિયાર, એનડીપીએસ ગુના નોંધાયેલા છે. ■

## જસદણ પંથકમાં આડા સંબંધ મામલે યુવકને કોસના ડામ દીધા

અમદાવાદઃ જસદણના ગોડલાધાર ગામમાં આડા સંબંધ મામલે યુવકને વાડીએ લઈ જઈ મહિલાના પરિવારજનોએ વાયર અને સાંકળથી હુમલો કરી કોસના ડામ દેતાં ગંભીર રીતે દાઝેલી હાલતમાં સારવારમાં રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે જસદણ પોલીસે પાંચ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. બનાવ અંગે જસદણના ગોડલાધાર ગામે રહેતાં પરબતભાઈ ભીખાભાઈ માણકોલિયા (ઉ.વ.૩૫) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ભૂપત કરમશી માણકોલીયા, રવિ મુકેશ માણકોલીયા, કિશન મુળજી માણકોલીયા, યોગેશ જીવા માણકોલીયા અને રસિક જીંજુ માણકોલીયાનું નામ આપતાં જસદણ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈકાલે બપોરના બે વાગ્યાની આસપાસ તેઓ પત્ની સાથે ઘરે હતાં ત્યારે ભૂપતભાઇ તથા તેના પરિવારના સભ્યો ઘરે આવેલા અને કહ્યું કે, તું મારી પત્ની સાથે આડા સંબંધ રાખે છે જેથી મેં કહ્યું કે, મારે તારી પત્ની સાથે કોઈ આડા સંબંધ નથી તેમ કહેતા તેમને અને તેના સભ્યોએ કહ્યું કે, તું આમારી વાડીએ આવ અમારી સાથે બેસી આપણે ત્યાં વાડીએ આડા સંબંધને ચોખવટ કરવી છે. જેથી તેઓ બાઇકમાં બેસી ગયેલા અને તેમની વાડીએ ગયેલા ત્યાં કિશન મૂળજી, મુકેશ માણકોલીયા હાજર હતા. બાદમાં શંકા બાબતે વાતચીત કરવા લાગ્યા હતાં. દરમિયાન બોલાચાલી થતા ભૂપત માલકોલિયા, કિશન માલકોલિયા અને રવિ માલકોલીયાએ ડીશના કેબલ વાયર અને ઢોર બાંધવાની સાંકળ વડે માર માર્યો હતો. તેમજ કિશન અને રવિ જતા રહ્યા હતા અને થોડીવાર બાદ યોગેશ માણકોલીયા અને રસિક માણકોલિયા વાડીએ આવી અને ઝઘડો કરી લાકડી વડે ફટકારતાં શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. તેમજ આરોપીઓએ કોસ ગરમ કરી તેમના સાથળના પાછળના ભાગે ડામ દેતાં તેઓ ગંભીર રીતે દાઝયા હતાં. ■